કુમાર

અંક ૩૫

ઉગતી પ્રજાનું માસિક




તંત્રી રવિશંકર રાવળ

વર્ષ ૩ : અંક ૧૧ કારતક : ૧૯૮૩



જેમને અંક ન મળતા હોય તેમણે

અંક બહાર પડ્યા પછી આઠ દિવસની અંદર અમને જાણ કરવી. તે પછી આવતી ફરિયાદોને પહોંચી વળવા અમે બંધાતા નથી. દરેક અંક પ્રગટ થયાની જાહેરખબર 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થાય છે. **લવાજમ** વરસના રૂા. ૬: છ માસના રૂા. ૩: પરદેશના ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ, આર. વનમાળીદાસની કં. કાલબાદેવી, વર્ધમાન ઍન્ડસન્સ પાયધુની. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) અથવા બીજા છમાસિક હપતાની શરૂઆતથી (એટલે અષાડના અંકથી) જ નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચુક લખવો. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



ભારતઅંકના 'કુમાર'નું મુખચિત્ર

બુદ્ધ અને સુજાતા

ચિત્રકાર: કનૈયાલાલ હ. દેસાઈ

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક

કારતક ૧૯૮૩

વર્ષ ત્રીજું

અંક ૧૧મો

ચઢો ઊંચે ઊંચે

: છંદ શિખરિણી :

ચઢો ઊંચે ઊંચે,
બઢો આગે આગે, જીવનગિરિ આંખો અહીં ઉભો,
ખડી હૈયાચોકી— ડરકુ પદ પાછો નહિ ભરો :
અટપટી ચઢાઇ શરૂ કરો.

ચઢો ઊંચે ઊંચે,
બઢો આગે આગે, જટિલ વનઝાડી નવ ગણો;
ભલે કોરે કોરે અદમનીય દાવાનળ બળો :
અતલિબળ તોફાન ઘુરકો.

ચઢો ઊંચે ઊંચે,
બઢો આગે આગે, ડગ અચલ માપો, નવ ડગો;
ભરોસો પોતાનો— ઘડીભર જરાકે ન લપસો :
ચઢણ બહુ સીધો જ વસમો.

ચઢો ઊંચે ઊંચે,
બઢો આગે આગે, કર ધરી ન લો દૈવની દયા;
તમારા પોરુષે ઉતરી પડશે ઇશ્વરી કૃપા :
નથી નથી જતો સ્વાશ્રય વૃથા.

ચઢો ઊંચે ઊંચે,
બઢો આગે આગે, ભડવીર બધા એમ જ ઝુઝ્યા;
મહત્ત્વાકાંક્ષીઓ વિજય વરવા માટ સરજ્યા :
જગત જીતવા કાજ જનમ્યા.

દેશળજી પરમાર





મુસાફરોની કોઈ મંડળી અજાણ્યા ભોમમાં પ્રવાસે નીકળી હોય અને લાંબો પંથ કાપી ક્યાંક પડાવ નાખે ત્યારે પોતે ક્યાં છે અને કેવા મુલકમાં છે તેનો વિચાર કર્યા વિના રહે નહિ. તેઓ વિશ્રાંતિ લેવા ઉપરાંત ભવિષ્યની મજલ વિષે પરસ્પર વાતો કરી લે છે, ભાંગ્યુંતુટ્યું સમું કરી લે છે અને સીધું સામાન ભરી લે છે. બીજે દિવસે તો પાછી કુચકદમ શરૂ.

આપણા તહેવારો, પર્વો અને ઉત્સવો એ આપણા જીવનના આવા પડાવ છે. તે દિવસે આપણે રોજની પ્રવૃત્તિ બે ઘડી બાજુએ રાખી જરા વિશ્રાંતિ ખેંચી લઇએ છીએ. જીવનના લાંબા પ્રવાસમાં આવા વિસામા ન લેવાય તો થાક અને કંટાળાથી આખો પ્રવાસ કષ્ટરૂપ થઇ પડે.

પણ એ આરામ એટલે ઉંઘતા પડ્યા રહેવાનું નહિ; પેટમાં અપચો થાય એટલું ખા ખા કર્યા કરવાનું નહિ. આપણે તો હજી જીવનમાં આગળ જવાનું છે; એટલે માંદા પડ્યું તો પાલવે જ કેમ? એ આરામ વખતે તો આપણે ઘણી ઘણી તૈયારી કરવાની રહે છે.

પેલા મુસાફરોની પેઠે આપણે પણ આપણા જીવનની સફરનો સરંજામ તપાસી લઇએ, આગળ વધવા જેટલાં સાધનો વસાવી લઇએ, તેને લગતા વિચારો કરીએ, મિત્રમંડળ ભેગું કરી પ્રત્યેકના જીવનના આદર્શો પર ચર્ચા કરીએ, ભુલચુકનાં કે નિષ્ફળતાનાં કારણો તપાસીએ ને જે જે સુધારા કે ફેરફાર કરવાના હોય તેની યોજના ઘડીએ.

તમારામાંનાં ઘણા યે આવા તહેવારેમાં પોતાને વતન માતપિતા અને વડીલો પાસે જાય છે, પણ થોડા જ તેમની પાસે પોતાની, પોતાના મિત્રોની અને પ્રવૃત્તિની વાતો દિલ ખોલીને કહેતા હશે. કુટુંબની આગળ કલ્લોલ કરતા બેસવાનો સુંદર લ્હાવો એવી વાતો કરતાં મળી રહે છે. ઘણીવાર મુશ્કેલીઓ દૂર કરવાની કુંચીઓ પણ એમાંથી સહજ મળી આવે છે; ઘણીવાર પ્રેરણા અને હુંફ મળે છે.

ખરો પ્રવાસી વિસામાની તક જરા યે નકામી જવા દેતો નથી. દરેક નાની અડચણ, ભાંગતુટ કે ખામી દૂર કરી આગળનો પ્રવાસ સુખરૂપ બને એવી તૈયારી તે કરી લે છે. આપણા તહેવારના દિવસો પછી આપણે વધુ નિર્મળ, ઉત્સાહી ને વ્યવસ્થિત જીવન શરૂ કરવું જોઇએ. આપણો આત્મા એ વિસામા પછી પ્રોત્સાહિત ને પ્રફુલ્લ લાગવો જોઇએ.

તહેવારો આપણને શાંતિથી વિચાર કરવાની તક આપે છે; દુભાએલા મિત્રો, સંબંધીઓ અને સ્નેહીઓને ખુલ્લા દિલથી મેળવી લેવાનો પ્રસંગ આપે છે; કદિ નીરાંતે નહિ મળેલા સ્નેહીઓને આદર આપવાનો ને માણવાનો લ્હાવ ત્યારે સાંપડે છે. પરમકૃપાળુ પરમાત્માની કૃપાની કલ્પના કરીને, આપણી ન છાજતી ટેવોનો ત્યાગ કરી આત્માને સબળ, સુંદર બનાવવાની યોજના ઘડી લેવાનો અવસર આપણે આ જીવનના પડાવ જેવા તહેવારોમાં મેળવી લેવો જોઇએ. એ પ્રોત્સાહન, એ તાઝગી, એ રાહત, આનંદ ને સ્નેહના અનુભવો પામવાનો મુખ્ય આધાર તો આપણી વૃત્તિ ઉપર જ છે.

યૌવનના પંચ પ્રદીપ

યૌવન! યૌવન એટલે શું અને શું નહિ? યૌવન એટલે જગદુદ્ધારનો જીવનમંત્ર, યૌવન એટલે માનવસેવાની જીવનદીર્ઘ તપશ્ચર્યા. યૌવન તો છે નિત્યનૂતન. યુવાન હોવું ને રહેવું એ જીવનની ધન્ય લ્હાણ છે, મોંઘેરૂં કર્તવ્ય છે.


યૌવન એટલે જીવનની પૂજા. જીવિતનાથને અર્ઘ્ય અર્પવાને યુવા તેના દીપક પ્રગટાવે છે. તેની પૂજા-આરતીમાં એવા પંચ પ્રદીપ છે.

યૌવનનો પહેલો પ્રદીપ તે સ્વાધીનતાની-મુક્તિની જ્યોત. યુવાના આત્મા ઉપર કર્કશ જગતની વજ્રમુષ્ટિ પડી નથી હોતી; બાહ્ય જડતાનો તેનામાં પ્રવેશ થયો નથી હોતો. યુવા તો નૂતનતા સરજાવવાના મનોરથોમાં મહાલે છે. એના એ મનોરથો આગળ રૂઢિ અને પ્રણાલિનાં બંધન આપોઆપ તુટી પડે છે. અંતરાત્માના નાદ સિવાય બીજી કોઇ સત્તા તેને માન્ય નથી. જે સિદ્ધાંતો, જે આચારો તેના આત્માને પ્રસન્ન નથી કરી શકતા, જે રૂઢિઓ-પ્રણાલિઓ તેની નૂતન વિચારસરણીને અનુકુળ નથી થતી તેને તે ફેંકી દે છે.

યૌવનનો બીજો પ્રદીપ તે ભાવનાભક્તિની દીપિકા. પ્રભુપુત્ર આદમે જે દષ્ટિથી ઘુઘવતા મહાસાગરોથી વીંટળાએલા આ પૃથ્વીદ્વીપને નીરખ્યો હશે તે જ દષ્ટિ આજ એકેએક યુવકનાં ચક્ષુઓમાં તરવરે છે. નવતા, તાઝગી, આશ્ચર્ય અને વિવિધતાનાં અનેક મનોરમ પ્રતિબિંબો એ ઝીલે છે. યૌવનનો જીવનદીપ તો ભાવનાની વેદી સમક્ષ સદા શુભ્ર, સુગંધમય અને પાવનકારી જ્યોતે ઝળહળે છે.

યૌવનનો ત્રીજો પ્રદીપ તેની સર્જકતાનો જ્યોતિપ્રવાહ. યુવક સદા તેના આદર્શની સૃષ્ટિ પાછળ ઘેલો બની તેનું અખંડ ધ્યાન ધરે છે. એ કંઇકંઇ સરજે છે ને કંઇકંઇ સંહારે છે; કંઇકંઇ સ્વીકારે છે, કંઇકંઇ કલ્પે છે અને પોતાની સ્વપ્નસૃષ્ટિને સાકાર કરે છે. ખરેખર, યુવક જગ-વિધાયક છે;—અને એ અજબ વિધાયક છે. ગમેતેવી નાચીઝ મામુલી વસ્તુમાંથી તે સુંદર વિધાન કરી શકે છે. કોઇ કીમીઆગરની પેઠે તે કથીરમાંથી કનક નીપજાવે છે.

(અનુસંધાન સામે પાને)



આહૂતિ

હિંદુસંસારની લગ્નવેદીમાં અત્યારે કેવી આહુતિઓ અપાય છે એ સર્વવિદિત વાતનું આ કરુણ વ્યંગચિત્ર છે જે વેદીમાં કુમળાં બાળકબાળકીઓને હોમવાને વડીલો મલકાતે મોંએ ઉભાં હોય: જેમાં મરણોન્મુખ વૃદ્ધો ને રોગિષ્ટો જોડે દેશની લક્ષ્મી સમી કન્યાઓને હોમવામાં હોંશીલાં સગાઓને ઓરતા વીતતા હોય: જ્યાં મહત્ત્વાકાંક્ષી કુમારો ને ઢીંગલે રમતી કુમારીઓ હોમાતાં હોય, જેમાં ધર્મપ્રિય આચાર્યો, શાસ્ત્રદૃષ્ટિ કર્મકાંડીઓ ને જ્ઞાતિશુભચિંતક પટેલો નિષ્ઠુરપણે કગતી પ્રજાની આહૂતિ આપી ઉપર અંધસમતિનું ઘી હોમી રહ્યા હોય એ વેદીના રૂઢિમંડપનાં તોરણ તો ખોપરીઓનાં જ હોય ને ? અને વેદીમાંથી નીકળતા, આહૂતિ બનેલાંઓની કકળતી આંતરડીઓના શાપ જ્યાં વરસતા હોય તે દેશની દુર્દશા ન હોય તો બીજું શું હોય ?

યૌવનનો ચોથો પ્રદીપ એ તેના અજેય આશાવાદનો પ્રકાશ-મણિ. આશા ને ઉલ્લાસભર્યાં આનંદગાન અને નીડર સાહસપ્રિયતાનું તો એ અખુટ ઝરણુ છે. તેની સુવર્ણવીણા-માંથી અનવરત સંગીત છુટે છે. કાલયોગી હિમાલયના ગગન-ચુંબી ગૌરીશંકર ઉપર ચડવા એ મથે છે, અતલ મહાસાગરના ગર્ભમાં તે વિહાર કરે છે, ધ્રુવપ્રદેશ પર વિજય-ધ્વજ રોપે છે ને ઠેઠ ચંદ્રસૃષ્ટિનો પરિચય કરાવે છે. એ તો પ્રભુની સકલ સૃષ્ટિનો તાગ લેશે ત્યારે જ તૃપ્તિ અનુભવશે. સાગરોને પેલે પાર, અપ્સરાઓનાં ધામમાં પહોંચી એમને વરદ હસ્તે નિજ લલાટમાં વિજય-તિલક કરાવવાના યૌવનને અભિલાષ છે.

યૌવનનો પાંચમો પ્રદીપ તો એની આરતીમાં સૌથી જ્વલંત ને મધ્યસ્થ દીપક છે; અને એ એના અજરામરત્વનો,—કદિ ન બુઝાવી કે ન દબાવી શકાય એવા નવજીવનનો. પ્રાણથી ધબકતા યૌવનને ક્ષણભંગુરતાની, અંતની, મૃત્યુની કલ્પના પણ કેમ હોઈ શકે ? માટે જ તો એનામાં સેવા માટે સરળતાથી હસતે મોંએ આત્મસમર્પણ કરવાનું સામર્થ્ય છે: કેમકે તે જાણે છે કે એ લેનાર ને દેનાર બંને મૃત્યુંજય છે.

અને એ પાંચે ય પ્રદીપની જ્યોતિઓમાંથી પ્રગટતા મહાજ્યોતિની પ્રભા સમસ્ત વિશ્વને અજવાળી રહે છે; સમુદ્ર ને પૃથ્વી, ઉંચું આકાશમંડળ ને નીચું પાતાળમંડળ એ સર્વ સ્થળે ઝાકમઝોળ પ્રકાશ પાથરી દે છે.

યુવક બંધુઓ ! યૌવને મને શીખવેલું યૌવનનું આ વિજય-સ્તવન છે. તમે તમારા બાંધવોને અને અનુગામીઓને એ સુણાવો અને યૌવનનો જયજયકાર ગજાવો એ આ વૃદ્ધની તમને આશિષ છે.

ડૉ. બ્રજેન્દ્રનાથ સીલ

(મુંબાઈ યૂનિવર્સિટીના પદવીદાન સમારંભને પ્રસંગે)

આધુનિક નેપાળનો વિધાતા

જંગબહાદુર



સર જંગબહાદુર રાણા

જે સમયમાં વિદ્યા એટલે જીવનમાં ઉતારેલું કાર્ય એમ મનાતું એવા સમયમાં, આજથી ૧૦૯ વર્ષ પહેલાં ઇ. સ. ૧૮૧૭માં, હાલના નેપાળના ઘડનાર એક મહા પુરુષનો જન્મ થયો. એના જન્મ પહેલાં એક વર્ષે નેપાળીઓ અંગ્રેજો સાથે લડાઈ લડી ચુક્યા હતા અને પોતાના પ્રાણ જેવો તરાઇનો પ્રદેશ ગુમાવી ચુક્યા હતા. રાજ્યદ્વારી કુનેહથી એ પ્રદેશ પાછો નેપાળને ઘેર લાવવાનું કામ આ છોકરાના નસીબમાં હતું. તેનો બાપ રાજ્યમાં સારો હોદ્દેદાર હતો. 'ષષ્ઠિપૂજન' વગેરે ક્રિયાઓ થઈ અને છોકરાનું નામ વીરનરસિંહ રખાયું; પણ પાછળથી નામ બદલીને જંગબહાદુર પાડ્યું. ત્રણ વર્ષે છોકરાને કર્ણવેધ કર્યો ને નેપાળનાં મહારાણી લલિતત્રિપુરાસુંદરીએ તેને કાનનાં કુંડળની ભેટ મોકલાવી. જંગબહાદુર મોટો થતો ચાલ્યો. ડુંગરનું બચ્ચું, ને નેપાલનાં પ્રાણપૂરક હવાપાણી, એટલે આઠ વર્ષનો થયો ત્યાં તો એના શરીરમાં સ્ફૂર્તિ ને વીજળીના ચમકારા ઉઠવા લાગ્યા.

એક વખત પોતે દરબારગઢમાંથી રમીને ઘેર આવ્યો. ફળિયામાં ઝાડને થડે સુંદર ઘોડો બાંધેલો. બાપને હમેશાં ઘોડે ચડતાં જુએ, એટલે એને પણ મન થઇ આવ્યું. ઘોડાને છોડીને માથે ચડી બેઠો. એક તો ઘોડો હતો તેજી ને તેમાં અચાનક સ્વતંત્રતા મળી, એટલે તે તો જુસ્સાભેર ઉડઝુડ ભાગ્યો. પાછળ દોડનાર પણ કેમ પહોંચે? જંગબહાદુર મરશે કે જીવશે એની સૌને ચિંતા થઇ. અંતે ઘોડો થાકીને તબેલામાં પાછો ફર્યો ત્યારે સૌ જુએ તો તેને ગળે મહાગાઢ વાળીને જંગબહાદુર ચોંટેલો!

પછી તો ભાઇનું તોફાન વધતું ચાલ્યું. બાગમતી નદીમાં સૌને તરતાં જોઇને પોતે પણ અંદર ખાબક્યો. પણ તરતાં તો આવડે નહિ. સદ્ભાગ્યે કોઇની નજર

[દાર્જિલિંગમાં રહેવાનું થયું ત્યારે ત્યાંનાં લોકગીતો ભેગાં કરવાનો મોહ થયો. નામદાર રાજકોટ નરેશનો નિવાસ પાસે હોવાથી, કલકત્તાથી તેમને ત્યાં આવેલા રા. મોહનલાલ ઝવેરી મારફત એક ફરતા નેપાળી કવિની ઓળખાણ થઈ. પણ લોકગીતો તો માત્ર લોકજીવનના ખરા અભ્યાસીને જ મળી શકે. એટલે આ કવિ પાસેથી તો ત્યાંની હાલની કવિતાનો પરિચય થયો. છેવટે દાર્જિલિંગ સેનીટોરિયમમાં કાશીના રાજરાજેશ્વરી નામના એક ભાઇ સાથે પિછાન થઇ. તેમણે, નેપાળી ઇતિહાસના ખરા શોખીન ને નેપાળી લોકજીવનથી પરિચિત, એવા ભાઇ સુર્યવિક્રમની પિછાન કરાવી આપી. ભાઇ સુર્યવિક્રમ પોતે ક્ષત્રિય છે, તેમનાં સંબંધીઓ હજી નેપાળમાં જ રહે છે અને પોતે પણ અવારનવાર નેપાળ જઇ આવે છે. એમની પાસેથી કેટલીક અમૂલ્ય માહિતી તેમ જ નેપાળના ઇતિહાસ વિષે દુષ્પ્રાપ્ય એવી ઘણી હકીકત મળી શકી. જંગબહાદુરનું જીવનચરિત્ર આકર્ષક ને 'કુમાર'ના વાચકોને પ્રેરક થઇ પડે તેવું લાગ્યું, એટલે તેનો થોડો પરિચય આ નીચે આપ્યો છે.—લેખક]

પડતાં તેણે બચાવી લીધો; નહિતર તળિયેજ જાત! પણ એ સાહસ પછી પોતે સારો તરૈયો બની ગયો, ને મોટામોટા ધુના તરતાં શીખી ગયો.

નાગપંચમીને દિવસે નેપાળમાં મલ્લકુસ્તી ચાલે છે. અગિયાર વર્ષનો જંગબહાદુર આ મલ્લકુસ્તીમાં ભાગ લેવા મંડ્યો અને તેની કળા હાથ કરવા માંડી. ચાર વરસ પછી એના બાપની ત્યાંથી ધાનકુટામાં સુબા તરીકે બદલી થઈ. એ સ્થળે પંદર વરસની વયથી માંડીને લગભગ પચાસ વરસની ઉમર સુધી જે દસકો વીત્યો તે દસકામાં જંગબહાદુરને ખાવું, પીવું ને ખેલવું એટલું જ કામ હતું. પણ એણે પોતાના ભવિષ્યનો પાયો આ દસકામાં જ નાખ્યો. તેણે હથિયાર વાપરતાં શીખી લીધાં અને જબરો શીકારી બની ગયો. મલ્લકુસ્તીમાં, શીકારમાં, મસ્તીમાં ને સાહસમાં તે અદ્વિતીય ગણાવા લાગ્યો. નેપાળીઓના વિશિષ્ટ અને માનીતા શસ્ત્ર કુકરીના સઘળા દાવપેચ તે શીખી ગયો, અને પછી તો ખરેખરો સીપાહી બન્યો.

તે પછી પાંચ વર્ષે નેપાળમાં રાજ્યક્રાંતિ થઈ. ઈ. સ. ૧૮૩૭ માં નેપાળના મુખ્ય પ્રધાન ભીમસેન થાપાનું ખુન થયું અને તેના વિરુદ્ધ પક્ષનો વિજય થયો. થાપા કુટુંબે રાજ્યમાંથી પોતાની સત્તા ગુમાવી. જંગબહાદુરનો બાપ થાપા કુટુંબનો હોવાથી તેની નોકરી ગઈ અને જંગબહાદુરને પણ સીપાહીગીરીમાંથી રજા મળી.

કામધંધા વિનાનો, રાજ્યમાં લાગવગ વિનાનો, ભવિષ્યમાં પણ નોકરી મળવાની આશા વિનાનો જુવાન જંગબહાદુર, હવે શું કરવું તે સમજ નહિ પડવાથી, જુગાર રમતાં શીખ્યો. દીવાળીના તહેવારોમાં નેપાળ જુગારખાનું બની જાય છે. જંગબહાદુરે એક વખત જુગારમાં ૧૧૦૦ રૂપિયા ગુમાવ્યા. પાસે પૈસા મળે નહિ, અને આ દેવું તો ભરપાઈ કરવું જ પડે, એટલે જંગબહાદુર પોતાના ધનાસુંદર નામે એક ગોવાળ મિત્ર પાસે ગયો. ખટમંડુથી બે માઈલ દૂર પાટણમાં ધનો રહેતો. જંગબહાદુરને આપવા જેટલા અગિયારસો રૂપિયા રોકડા બાંધ્યા તો તેની પાસે ક્યાંથી હોય? એટલે તેણે ઘણુંખરું તો પરચુરણ આપ્યું. તે ભાર લઈને જંગબહાદુર પાછો ફર્યો ને દેવું ચુકતે ભરી આપ્યું. આ દેવું ન ભર્યું હોત તો



નેપાળના સ્થાપક દેવતા મંજુશ્રીની મૂર્તિ
(મિ. પર્સી બ્રાઉનના 'નેપાલ' નામના પુસ્તકમાંથી)

ચાલી શકે એવું હતું; પણ મુળથી જ ટેકીલો સ્વભાવ એટલે તેને દેવું ભર્યા પછી જ નીરાંત થઈ.

પણ હવે ધનાને રૂપિયા ક્યાંથી ભરવા એ વિચાર થઈ પડ્યો. નેપાળની દક્ષિણ સરહદ પર તરાઈ, એટલે મોટું ઘાડું જંગલ છે. એ જંગલમાં પ્રાણીમાત્ર વસે છે. હાથીઓનું તો એ ધામ છે. જંગબહાદુરે તરાઈમાં જઈ એકાદ હાથી પકડી તેના વેચાણમાંથી દેવું વાળી દેવાની કલ્પના કરી. બે વરસ સુધી તે તરાઈમાં ભટકી હેરાન થયો, પણ એકલે હાથે કાંઈ હાથી પકડાય? અંતે તે નિરાશ થઈ બનારસ ચાલ્યો ગયો. ત્યાં પણ ફાવ્યું નહિ, એટલે પાછો ફર્યો.

આ અરસામાં તેની સ્ત્રી મરણ પામી ને તે બીજી સ્ત્રી પરણ્યો. આ વિવાહ પછી તેને રાહત મળી. સ્ત્રીધનમાંથી દેવું ભરાઈ ગયું ને તે હરી હામ બેઠો.

નેપાળના મહારાજા રાજેન્દ્રવિક્રમ શાહ શીકાર કરવા જાય છે એવા ખબર જંગબહાદુરને મળતાં તે પણ શોખનો માર્યો સાથે ગયો. શીકારીઓએ એક જંગલી હાથીને ઘેર્યો, પણ તેને પકડી શક્યા નહિ. જંગબહાદુરને પોતાનો આગલો અનુભવ આ વખતે



ભટગામના દરબારચોકમાં રાજા ભુપતેન્દ્રમલ્લનું પુતળું
(મિ. પર્સી બ્રાઉનના પુસ્તકમાંથી)

કામ લાગ્યો. એક દોરડાનો ગાળિયો કરી તે ધસ્યો ને પાછલા પગે ફાંસો નાંખી હાથીને કેદ કરી લીધો. મહારાજા તો આથી ખુશખુશ થઇ ગયા અને તેને ત્યાં ને ત્યાં જ 'કૅપ્ટન' બનાવ્યો.

જંગબહાદુર હવે સાહસ ને શૌર્યની પ્રતિમા ગણાવા લાગ્યો અને લડાયક નેપાળીઓનો વધારે ને વધારે વહાલો થતો ગયો. એક વખત જંગલી પાડાઓની સાહમારી થએલી. તેમાંથી એક છટકયો ને રંજાડ કરવા લાગ્યો. મગદૂર કોની કે એને પકડે? પણ જંગબહાદુરે એ બીડું ઝડપ્યું. હાથમાં દોરડું ને ધાબળો લીધાં. પાડાના માથા પર ધાબળો નાખી પહેલાં તો તેને આંધળો બનાવી જકડી લીધો, ને પછી પુછડું આમળીઆમળી બકરી જેવો બનાવી દીધો.

એક વખત ખટમંડુમાં એક ઘર સળગ્યું. ઘરધણી તો માંડમાંડ છટકયો, પણ તેની સ્ત્રી અને છોકરી બંને સળગતા ઘરમાં સપડાઇ ગયાં. લોક ભેગું થયું, પણ બચાવવાનો માર્ગ હતો નહિ. ઘર ચારે તરફથી સળગ્યું હતું. અંદર રહેલાં માદીકરીના આર્તસ્વરો સાંભળી ઘણાં માણસો રોતાં હતાં. એટલામાં જંગબહાદુર આવી પહોંચ્યો. આવતાંવેંત જ તેણે જોઇ લીધું કે એક નાની સરખી બારી હજી અખંડિત છે. પણ તેના ઉપરનું છાપરૂં સળગી ઉઠયું હતું, ને જો એક ઘડી પણ ઢીલ થાય તો એ બંને જણને બચાવવાનો છેલ્લો રસ્તો પણ બંધ થાય તેમ હતું. મિત્રોએ તેને રોકયો, સગાંસંબંધીઓએ બહુ વાર્યો, પણ જંગબહાદુર માને? તે તો હીમતભેર આંધળિયાં કરી એકદમ અંદર ધુસ્યો, અને બંનેને બચાવી લઇને જેવો તેણે બારી બહાર પગ મુકયો તેવું જ ઉપરનું છાપરૂં કડડડ કરતું તુટી પડયું! જંગબહાદુર સહેજમાં બચી ગયો. જંગના આ સાહસથી તો લોકો આભા જ બની ગયા, અને પેલી સ્ત્રીનો પતિ તો તેના પગની રજ લઇ માથા પર ચડાવવા મંડયો.


જંગબહાદુરની લોકપ્રિયતા આમ દિન પર દિન વધતી ચાલી. એકવાર મનોહરા નદીમાં બે સ્ત્રીઓને તણાતી જોઇ તેમને બચાવવા તેણે અંદર પડતું મુકયું હતું. એક માણસના ઘરમાં એક વાર વાઘ ધુસી ગએલો. લોકોની સાથે જંગબહાદુર પણ તમાશો જોવા ગયો હતો. તેણે વાંસની એક ટોપલી લઈ વાઘ સામે ધસી તેના માથામાં પહેરાવી દીધી, અને આમ તેની આંખો બંધ કરી બીજાઓને મદદે બોલાવી વાઘને જીવતો ને જીવતો પકડી પાટવી કુંવર સુરેન્દ્રવિક્રમને ભેટ આપ્યો'

એક વખત ખટમંડુમાં બુમ પડી કે હાથી ગાંડો થઇ ગયો છે. મહાવત હાથીને બાગમતી નદીમાં નવડાવવા લઇ ગએલો ત્યાંથી હાથીનું મગજ ફટકયું. તેણે મહાવતને મારી નાખ્યો ને નિરંકુશ બનીને રંજાડ માંડી. જંગબહાદુરે એ હાથીને વશ કરવાની રાજા પાસે રજા માગી, ને ઉપડયો. જે રસ્તેથી હાથી હમેશાં નાહીને શહેરમાં પાછો ફરતો, તે રસ્તા પર આવેલા એક ઉંચા મકાનના છાપરા પર જઇને જંગબહાદુર બેઠો. હાથી જેવો ત્યાંથી પસાર થયો કે તરત જ જંગે ભુસ્કો માર્યો, તે આબાદ હાથીની પીઠ પર! એકદમ થએલા આ અચાનક હુમલાથી હાથી ગભરાયો. તેણે જોરથી કાન ફફડાવીને સુંઢ ઉંચી કરી જંગને પછાડવા મહેનત કરી; પણ જંગબહાદુરે

છુટથી અંકુશનો ઉપયોગ કર્યો. અંકુશના ઘાથી ઉશ્કેરાઇને હાથી શહેરમાં જવાનો રસ્તો બદલીને બીજે રસ્તે પુર વેગથી ભાગ્યો. એ રસ્તે વચ્ચે નદી હતી ને તેના પર જેવોતેવો એક પુલ હતો. જો હાથી એ જ રસ્તે આગળ વધે તો પુલ ઓળંગતાં, તે તુટે અને જંગબહાદુર તથા હાથી બંને નીચે નદીમા ગબડે તેવું હતું, ને એમાંથી બચવું મુશ્કેલ હતું. હાથી ઉપરથી હવે કુદી પડવાનું તો અશક્ય જ હતું. એટલે છેવટે જંગબહાદુરે તો હતું તેટલું બળ એકઠું કરીને અંકુશ વાપરવાનું જ જારી રાખ્યું, અને અંતે મહા-મહેનતે, જે દિશામાં હાથીને પકડાવવાનો બંદોબસ્ત કર્યો હતો તે દિશા તરફ તેને વાળ્યો. વચ્ચે રસ્તા-માં એક કરુણ ઘટના બની ગઈ. જંગબહાદુરનો એક બહેરો નોકર રસ્તા પરથી જતો હતો. જંગ-બહાદુરે બુમો મારીમારીને તેને ચેતાવવાનો ઘણો યે પ્રયત્ન કર્યો, પણ ફોગટ. હાથીએ તેને ઝપાટામાં લીધો, ને તેને હવામાં ઉડાડતોઉડાડતો વધારે વિકરાળ બનીને તે આગળ વધ્યો. નબળાપોચાનાં તો હાંજાં જ ગગડી જાય એવી જીવસટોસટની આ રમત ત્રિપુરેશ્વર આવતાં પુરી થઇ. ત્યાં હાથીને કેદ કરવાનો બંદોબસ્ત અગાઉથી તૈયાર હતો, તે પ્રમાણે હાથીને વશ કર્યો. આ સાહસની વાત રાજાએ સાંભળી ત્યારે તેણે કહ્યું કે ' જંગબહાદુરને હૃદય જ નથી ! આ માણસ કુદરતી રીતે મરશે જ નહિ. '

જંગલી જનાવરને વશ કરવાનો પેચ તો જંગ-બહાદુરે બહુ સરસ હાથ કર્યો હતો. તે પરબારો પ્રાણીના મોં ઉપર જ ધસી જતો. એક વખત એક જંગલી રીંછનો ભેટો થઇ ગયો. જંગબહાદુરે તેનું મોં જ પકડી લીધું, ને પછી કુકરીવડે તેને વશ કર્યું. આ વખતે જંગનું જોર સારા નેપાળમાં વખણાતું, ને તેનું નામ સાંભળતાં જ નેપાળીઓની છાતી ફુલતી અને તેમનાં શિર ગૌરવથી ઉંચાં થતાં.

પાટવી કુંવર સુરેન્દ્ર વિક્રમ પાસે તે રહેતો. પણ કુમાર અરધો ગાંડો હતો. એક વખત તે ફરવા નીકળ્યો. રણવીર નામે માણસ સામેથી ઘોડા પર બેસીને આવતો હતો. પાટવી કુંવરને જોઇને પણ તે ઘોડા પરથી ઉતર્યો નહિ. તરત કુમારનો હુકમ છુટયો કે તેને ઘોડા સહિત બાગમતી નદીમાં



મહારાજાધિરાજ શ્રી સુરેન્દ્રવિક્રમ શાહ
(ડેનિયલ રાઈટના 'હિસ્ટરી ઑફ નેપાલ' નામના પુસ્તકમાંથી)

ફેંકી દો ! પેલાએ બહુ આજીજી કરી. કુમાર કહે ' એમાં શું ? એથી કંઇ મરીશ નહિ. ' રણવીર કહે કે ' એ તો જંગબહાદુર હોય તો જ નદીમાંથી જીવતો પાછો ફરે; બાકી મારું તો આવી જ બન્યું. ' ગાંડા કુમારે તો તરત જ આ સુચના ઉપાડી લીધી, ને રણવીરને બદલે જંગબહાદુર આ મનસ્વી હુકમનો ભોગ બન્યો ! જંગબહાદુરે ઘોડા સહિત બાગમતીમાં ભુસ્કો માર્યો. પણ એ તો બધા પેચ જાણતો. ભુસ્કો મારતી વખતે તે યુક્તિથી પેગડામાંથી પગ બહાર કાઢીને જ બેઠેલો. એટલે અંદર પડતાંવેંત ઘોડાથી છુટો થઇ ગયો અને તરતોતરતો કાંઠે નીકળી આવ્યો.

આ પછી નેપાળની રાજકીય ખટપટમાં પણ જંગબહાદુરે ભાગ લેવો શરૂ કર્યો. એ વખતે નેપાળમાં ત્રણ પક્ષ હતા: રાજાનો, કુમારનો અને નાની રાણીનો પક્ષ. નેપાળના મહારાજાધિરાજ હમેશાં એકીસાથે બે સ્ત્રી પરણે છે. તેમાંથી જેને



જંગબહાદુરનો પુત્ર જનરલ જગત જંગબહાદુર
પાછળ ઊભેલો: નેપાળી લશ્કરી અમલદાર : સાદા પોશાકમાં
(મિ. ડેનિયલ રાઇટના પુસ્તકમાંથી)

પહેલો કુંવર અવતરે તે મોટી મહારાણી ને બીજી નાની મહારાણી ગણાય. પોતાની પછી પાટવી કુમાર સુરેન્દ્રવિક્રમ ગાદી પર આવે એવો રાજાનો વિચાર હતો. સુરેન્દ્રવિક્રમની મા મરણ પામી હતી અને રાજા પર નાની રાણી લક્ષ્મીદેવીની સંપૂર્ણ સત્તા હતી. લક્ષ્મીદેવીનો વિચાર પોતાના પુત્ર રણેન્દ્રવિક્રમને ગાદીવારસ ઠરાવવાનો હતો. રાજા નબળા મનનો હોવાથી નાની રાણીના ધાકમાં રહેતો; પાટવી કુમાર ગાંડો અને પોતાનું હિત પણ ન સમજે એવો મૂર્ખ હતો; જ્યારે લક્ષ્મીદેવી ચંચળ, શક્તિમાન, બુદ્ધિશાળી, પણ ઝેરીલી ને 'ક્લીઓપેટ્રા' જેવી શિથિલ નીતિની હતી.

આવી ત્રિરંગી ત્રિપુટીની રાજ્યમાં સરખી અસર અને લગભગ સરખી સત્તા હોવાથી, અધિકારીઓ અને પ્રજાજન હર ઘડીએ ભયમાં રહેતા. પાટવી કુમારના જુલમે તો હવે મર્યાદા મુકી. તેને સ્ત્રીઓનાં વસ્ત્રહરણ કરવાનો શોખ જાગ્યો. અંતે પ્રજાએ એનો સચોટ જવાબ વાળ્યો. સૌએ ભેગા થઇ જુદાજુદા ત્રણ સત્તાના એકબીજાથી તદ્દન વિરુદ્ધ હુકમો ઉપાડવા કરતાં, રાજાની પાસેથી વચન મેળવ્યું કે તેણે બધી સત્તા રાણીને સોંપી દેવી. આ પ્રમાણે રાણીનો પક્ષ બળવાન થયો.

રાણી લક્ષ્મીદેવી થાપા કુળ પ્રધાનપદે હોય એમ ઇચ્છતી હતી. એટલે જે ભીમસેન થાપાનું ખુન થયું હતું તેના જ ભત્રીજા માતબેરસિંહને હિંદમાંથી બોલાવીને તેણે પ્રધાનપદે નીમ્યો. જંગબહાદુર થાપા કુળનો જ હતો. એટલે હવે સ્વાભાવિક રીતે તેની સત્તા રાજ્યમાં વધી.

માતબેરને પ્રધાન નીમવામાં રાણીનો હેતુ તેની મદદ વડે પોતાનું કામ કઢાવવાનો હતો. પણ માતબેર તેમાં મદદ આપી શકે તેમ હતો નહિ. રાજ્યમાં રાણીનો ધાક ઘણો હતો, પણ પ્રજાનો ઘણો મોટો પક્ષ તેનાથી વિરુદ્ધ હતો. રાણીને તેના યાર ગગનસિંહ તરફથી બહુ ભારે મદદ હતી. આ બધો તાલ જોઇ લઇ જંગબહાદુર રાણીના પક્ષમાં ભળ્યો. રાજાને પણ તેના પર વિશ્વાસ હતો, ને કુંવર તો તેની સલાહ પ્રમાણે જ વર્તતો. માત્ર રાણીનો વિશ્વાસ સંપાદન કરવાનો હતો. તે મેળવવા માટે જંગબહાદુરે એક કરપીણ કૃત્ય કર્યું; તેણે રાણીના હુકમથી, રાત્રે, રાણીના જ મહેલમાં, પોતાના મામા, પ્રધાન માતબેરસિંહનું ખુન કર્યું!

પછી તો નેપાળમાં ખુનામરકી શરૂ થઇ. માતબેરસિંહ મૃત્યુ પામતાં જંગનો મોભો અને સત્તા વધ્યાં. રાણીને તેના પર વધારે વિશ્વાસ આવ્યો. દરમ્યાન રાણીના યાર ગગનસિંહનું પણ ખુન થયું. લાલજહા નામના મારાને ત્રણસો સોનામહોર આપવાની કરીને રાજાએ આ પગલું લેવાની હીમત કરી, કારણકે લોકમાં પણ હવે તેની ખુબ નિંદા થતી હતી. રાત્રે દસ વાગે ગગન ઘરમાં આવ્યો ત્યારે લાલજહાએ તેને બંદુકથી ઠાર કર્યો. રાણીને આ વાતની ખબર પડી. બટમંડુ આખું ભયમાં સ્તબ્ધ બની ગયું, ચોમેર હાહાકાર વર્તી રહ્યો અને એ રાત્રે નેપાળમાં પક્ષ પક્ષ વચ્ચે જંગ મચ્યો. રાણી પોતે ગગનસિંહના મારનારને શોધવા અને વિરુદ્ધ પક્ષનું નિકંદન કાઢવા અરધી રાત્રે તલવાર લઇને મેદાને પડી. વિરુદ્ધ પક્ષ તરફથી પણ રાણીના મહેલ પર જંગી હુમલો આવ્યો.

હતો. એ વખતે રાણીના મહેલના મુખ્ય દરવાજા પર પ્રચંડકાય જંગબહાદુર ધુમી રહ્યો હતો. રાણીને તેણે રક્ષી, અને પરિણામે તે મુખ્ય પ્રધાન બન્યો.

પણ આ બધા આંતરવિગ્રહનું પરિણામ અંતે તો રાજારાણી વિરુદ્ધ જ ગયું. રાજા અને રાણી બંનેને લોકેચ્છાને વશ થઇ કાશીએ જવું પડ્યું, અને સર્વલોકાનુમતે સુરેન્દ્રવિક્રમ રાજા બન્યો તથા તેના રક્ષક તરીકે જંગબહાદુરની નીમણુક થઇ.

આ બધો વખત, અંગ્રેજ રેસિડેન્ટ, જે ખટમંડુમાં રહેતો, તે ચું કે ચાં કર્યા વિના ગુપચુપ બેસી જ રહેલો. નેપાળના આંતરવિગ્રહમાં અંગ્રેજોએ ક્યારે ય પણ ચંચુપ્રવેશ કર્યો નથી; અને તેથી જ નેપાળ પોતાનો કાંઇક પણ મોભો જાળવી શક્યું છે.

ધીમેધીમે જંગબહાદુર વધારે બળવાન બન્યો. ગાંડો રાજા તો માત્ર નામનો રાજા જ રહ્યો. તેના પુત્ર ત્રૈલોક્યવિક્રમ શાહ સાથે જંગે પોતાની પુત્રી પરણાવી, અને રાજાની પુત્રી સાથે પોતાનો પુત્ર પરણાવ્યો. આવી રીતે જંગબહાદુર નેપાળનો મુખ્ય પ્રધાન બન્યો, અને રાજકુળ સાથે સબંધ બાંધી, રાજગાદીની પેઠે પ્રધાનપદ પણ તેણે વંશપરંપરાનું ઠરાવ્યું. કુટુંબમાં જે મોટાભાઇ હોય તે પ્રધાન બને એવો નિયમ ઘડાયો.

નેપાળ હવે સ્થિર થયું એટલે જંગબહાદુરે તેને નવી રીતે ઘડવાનું શરૂ કર્યું. જેવું છે તેવું પણ આજનું નેપાળ મોટાંમોટાં દેશી રાજ્યો કરતાં વધારે પ્રાણ ને પ્રતિભાવાળું છે, અને એ જંગબહાદુરના ઘડતરને પરિણામે. તે અંગ્રેજોનો મિત્ર પણ બન્યો, અને સમાન સત્તા વચ્ચે જ મૈત્રી સંભવે એ સિદ્ધાંત તેણે બેત્રણ વખત સિદ્ધ પણ કરી બતાવ્યો. ઇ. સ. ૧૮૪૯માં પંજાબવીર રણજીતસિંહનાં મહારાણી ચંદકુંવરબા ચુનારમાંથી અંગ્રેજોની કેદમાંથી યુક્તિ કરી છટકી ગયાં. છટકીને ક્યાં જાય? આવ્યાં નેપાળમાં. ચીંથરેહાલ, ભીખારી હાલતમાં, ગુપ્તવેશે તેણે નેપાળમાં પ્રવેશ કર્યો ને ખટમંડુ આવીને પોતાને શરણ આપવા જંગબહાદુરને વિનંતિ કરી.

એ વખતે નેપાળની રાજસભામાં ભારે ગરબડ મચી રહી. અંગ્રેજોનો સંબંધ જાળવી રાખવા ખાતર રાણીને શરણ ન આપવા વિષે પણ કેટલાકોનો મત પડ્યો. જંગબહાદુરે મહારાણી ચંદકુંવરબાને ખટમંડુમાં જ ઘર બાંધવા માટે રૂા. ૩૦,૦૦૦ રોકડા અપાવ્યા, ને રૂા. ૨૫૦૦નું માસિક ખર્ચ આપવાની ગોઠવણ કરી. અંગ્રેજ રેસિડેન્ટને આ ખબર મળતાં, તેણે ચંદકુંવરબાને પાછી સોંપવાની માગણી કરી. જંગબહાદુરે સમાન મિત્રને શોભે તેવો મર્દાનગીભર્યો ઉત્તર વાળ્યો કે 'નેપાળ શરણાગત અને અતિથિને કદિ છોડશે નહિ.' રેસિડેન્ટે માગણી કરી કે 'તો નેપાળ સરકારે મહારાણી ચંદરકુંવરબા માટે બાંહેધરી આપવી પડશે; એની હીલચાલની અને નાસભાગની જવાબદારી માથે લેવી પડશે.' જંગબહાદુરે મક્કમતાથી ઉત્તર વાળ્યો કે 'ના; મહારાણી માત્ર અમારાં–નેપાળનાં અતિથિ; બીજું અમે કાંઇ ન જાણીએ.' વાત ત્યાંથી જ અટકી.

ઇ. સ. ૧૮૫૦ની ૧૫મી જાન્યુઆરીએ ૩૯ માણસના કાફલા સાથે આ વિચક્ષણ પુરુષ ઈંગ્લંડ જવા ઉપડ્યો. ઇજીપ્તના અબ્બાસ પાશાને મળીને જંગબહાદુરે કસ્તુરીના ૧૨ ઘડા અને એક કુકરી તેને ભેટ આપ્યાં. પાશાએ તેને ઘોડાની ભેટ આપી.

મેની ૨૫મીએ સાઉથૅમ્પ્ટન બંદરે હિમાલયના આ વિચિત્ર રહેવાશીઓ ઉતર્યા. ત્યાં દાણ—જકાત આપવાની પંચાત પડી. કસ્ટમ્સવાળા કહે કે તમારો સામાન તપાસવો જોઇએ. જંગે જવાબ આપ્યો કે હું એક સ્વતંત્ર રાજાનો એલચી છું; મારો સામાન તપાસાય જ નહિ. પણ કસ્ટમ્સવાળા આગ્રહી હતા. અંગ્રેજ પ્રજા ઘણી વિચિત્ર છે. રાજનીતિ તો એમની રગેરગમાં ભરી છે. નબળાઇનો જેટલી રીતે લાભ લેવાય તેટલી રીતે તે લેવાના જ. આ પણ જંગનું માપ કાઢવા માટે ગોઠવી રાખેલો કિસ્સો જ હતો. જ્યારે કસ્ટમ્સવાળાઓએ દુરાગ્રહ છોડ્યો જ નહિ, ત્યારે જંગબહાદુરે પોતાના છ જુવાન ગુરખાઓને ખુલ્લી તલવારે સામાનનું રક્ષણ કરવાની આજ્ઞા કરી અને કસ્ટમ્સવાળાને ચોકખું સંભળાવી દીધું કે એ સામાનના કોઇપણ ભાગને અડશો તો અમારો આખો કાફલો ઈંગ્લંડ છોડી જશે! પછી તો કસ્ટમ્સવાળાઓ થોડી વાર પછી બોલ્યા કે અમે અમારા ઉપરી વગેરેને પુછાવી જોયું ને અમારી ભુલ થઇ છે.

આ પછી તો જંગબહાદુરે સાવચેતીથી પગલાં

ભરવા માંડ્યાં. લંડન જતાં પહેલાં તેણે તપાસ કરાવી, અને જ્યારે જણાયું કે તેને માટે સરકારે ઉતરવાની બાદશાહી સગવડ કરી છે ત્યારે જ તે ત્યાં ગયો! લંડનમાં પણ રાણી વિક્ટોરિયાની મીજબાની-માંથી કોઈપણ ચીજને હાથ અડકાડ્યા વિના જ તે પાછો ફરેલો, અને કારણમાં કહેલું કે હું હિંદુ છું!

ઇ. સ. ૧૮૫૫માં જંગબહાદુરે પોતાના પાડોશી તીબેટ સાથે વિગ્રહ માંડી તેમાં તેને હરાવ્યું. ૧૮૫૬માં નેપાળની પ્રજાએ પ્રધાનને કેટલાક હક્કો બક્ષ્યા. એ અનુસાર દેહાંતદંડની શિક્ષા, નોકરી, સંધિવિગ્રહ, કાયદા બાંધવા તથા ટાળવા, વગેરે સર્વ હક્કો પ્રધાનને મળ્યા. આ પ્રમાણે નેપાળનો પ્રધાન જે મહારાજા કહેવાય છે તે જ સર્વ સત્તાધીશ છે; નેપાળનો રાજા જે મહારાજાધિરાજ કહેવાય છે તે માત્ર નામનો જ રાજા છે. પ્રધાનપદ રાજપદની માફક જ વંશપરંપરા ઉતરે છે અને ભાઇને મળે છે. આ બધું જંગ-બહાદુરના વખતથી થયું છે.

ઇ. સ. ૧૮૫૭માં જ્યારે હિંદમાં બળવો જાગ્યો ત્યારે જંગબહાદુર પોતે લશ્કર લઇને બ્રિટિશ સેનાને મદદ કરવા નીકળ્યો હતો. તેની માન્યતા હતી કે બ્રિટિશનો પગ કાઢવા જેટલી હિંદમાં એકસંપી નથી, એટલે પોતાનો સ્વાર્થ સાધવાની બાજી તે ખેલ્યો. પણ જ્યારે લખનૌની બેગમ હજરતમહાલ નેપાળમાં આવીને રહી, ત્યારે જંગબહાદુરે તેને બ્રિટિશને ન સોંપતાં આશ્રય આપ્યો. નાનાસાહેબની રાણી પણ નેપાળમાં જ જઇ રહેલાં; અને નાનાસાહેબ પોતે પણ નેપાળની તરાઇમાં જ મરણ પામેલા કહેવાય છે.

નેપાળનો રાજકારોબાર હાથ કરવાની સાથોસાથ તેના સામાજિક અને ઔદ્યોગિક ઘડતર અને વિકાસ ઉપર પણ જંગબહાદુર પુરતું લક્ષ આપતો ગયો. નેપાળના વિકાસમાં તેનો હિસ્સો કેટલો છે એ તો તેના વખતના અને અત્યારના નેપાળની પરિસ્થિતિ સમજનાર જ જાણી શકે. આજના નેપાળનો વિધાતા જ તે ગણાય.

જંગબહાદુરે જે નેપાળ જોએલું તે તો એવું હતું કે તેમાં ગુલામી—સર્વ પ્રકારની અને અધમમાં અધમ રીતની—પ્રસરેલી હતી. પુરુષો સ્ત્રીને મારતા. જંગે એ વાતનો બંદોબસ્ત કર્યો. મરજિયાત કે ફરજિયાત સતી થવાનો ચાલ બંધ કર્યો. દેશી વૈદકને ઉત્તેજન આપવા તેણે સીકીમ, નૈનીતાલ, કાશ્મીર ને કાબુલથી ઔષધનાં વૃક્ષો લાવીલાવીને પોતાના નેપાળમાં ઉગાડ્યાં. લશ્કરને વ્યવસ્થિત કર્યું, તીબેટને હરાવ્યું, ચીનને હંફાવ્યું અને ઇ. સ. ૧૮૫૭માં બ્રિટિશને મદદ કરીને ઇ. સ. ૧૮૧૬–૧૭ની લડાઇમાં નેપાળરાજે ગુમાવેલા તરાઇના અત્યંત મહત્ત્વના પ્રદેશમાંથી ૨૦૦ માઇલની લાંબી પટી પાછી મેળવી.

આત્મબળ, સ્વાશ્રય અને કુનેહથી નેપાળ જેવા રાજ્યને પ્રધાનપદે પહોંચનાર અને તેની રાજકીય તથા સામાજિક પરિસ્થિતિમાં જબ્બર પલટો આણી તેને નવું જ સ્વરૂપ આણનાર એ વીર પુરુષ ઈ. સ. ૧૮૭૭માં મૃત્યુ પામ્યો. તેની સૌથી મોટી રાણી હિરણ્યગર્ભાકુમારી તેની સાથે સતી થઇ.

નૂતન નેપાળની વિધાયક એ વિભૂતિને હજી પણ નેપાળ સંભારે છે અને તેના સ્મરણથી ગૌરવાન્વિત બની બલ અને પ્રેરણા મેળવે છે. **'ધૂમકેતુ'**

અથાણું

લંગડો ભીખારી—શેઠ, આ ગરીબ લંગડાને પાઇ પૈસો આપી દયા કરો.

ધનિક—ઈશ્વરની મરજી જ તને ગરીબ રાખવાની છે તેથી તને ગરીબ બનાવ્યો. હવે અમે તને પૈસો આપી ઇશ્વરની મરજી વિરુદ્ધ કેમ વર્તીએ!

卐

ન્યાયાધીશ—આ કેદીને તેના ગુનહા બદલ જીંદગીભરની કેદ આપવામાં આવે છે.

કેદી—પણ સાહેબ, મારો કંઇ જ ગુનહો—

ન્યાયાધીશ—ચુપ, વધુ ગરબડ કરશો તો ચાર વરસ વધારી દઇશ.

卐

બે વિદ્યાર્થીઓએ એક મિત્રની પાટીમાં ગધેડાનું મોઢું ચીતર્યું; તે પાટીના માલિકના જોવામાં આવ્યું. થોડી વારે પાટી લઇ પેલા બે વિદ્યાર્થી પાસે જઇ તેણે પુછ્યું, 'તમારા બેમાંથી કોનું મોઢું આમાં ચીતર્યું છે?

卐

મોટરવાળો—એઇ ગાડાવાળા, જરા રસ્તો આપ; પેલા ઘોડાગાડીવાળાને જવા દીધો, ને હવે સાંભળતો નથી?

ગાડાવાળો—એ તો એનો ઘોડો પાછળથી મારા ગાડામાં ભરેલું ઘાસ ખાઇ જતો હતો તેથી.



દ્રાવીડ દેશનાં સ્મરણો

દ્રાવીડ દેશમાં મારૂં પર્યટન આ કાંઇ પહેલી વખતનું નથી. ચારેક વર્ષ પહેલાં પણ અહીં આવી ગએલો અને તે વખતે આ પ્રદેશોની કાંઇકાંઇ ઝાંખી કરી ગએલો. આ વખતે પ્રમાણમાં લાંબા નિવાસથી તે ઝાંખાં સ્મરણો જાગૃત થયાં અને તેમાં વિધવિધ અવલોકનોનો સંભાર ભરાયો. મને લાભ તો દ્રાવીડ લોકોના જીવનનો તલસ્પર્શ કરવાનો હતો, પણ તે હજુ અતૃપ્ત રહ્યો છે; કારણકે તે માટે લાંબો સમય રહેવું જોઇએ. આમે ય તે મદ્રાસી પ્રજા પરદેશના લોકોને પોતાના જીવનના અન્તર્ભાગનો સહેલાઇથી સ્પર્શ થવા દેતી જ નથી. તેની રીતભાત, ખાસિયત બીજાંથી બહુ જુદી પડે તેવી છે. હિંદુસ્તાનના અન્ય વિભાગોમાં ફરતાં આપણને જેટલું પરદેશીપણું નથી લાગતું તેટલું આ બાજુ આવતાં લાગે છે, અને નવો આવનાર થોડા વખતમાં કંટાળી જાય છે. એમ છતાં જોનારને માટે આ બાજુ જોવા જાણવાની સામગ્રી ઘણી ભરી છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી.

મારૂં આગમન આ બાજુ હીરાના વ્યાપાર અર્થે હતું. હીરાને આ પ્રદેશમાં જુદાજુદા નામથી ઓળખવામાં આવે છે. કોઇ રત્ન કહે, કોઇ વજ્ર કહે, કોઈ વૈરમ કહે, કોઇ કમલ કહે. સમસ્ત હિંદુસ્તાનમાં આ દેશ હીરાનો સૌથી વધારે ઉપયોગ અને ઉપભોગ કરે છે. હીરા સિવાય અન્ય જવાહિર અહીં બહુ જ અલ્પ પ્રમાણમાં વપરાય છે. દસ હજારના હીરાના હાર નીચે ખોટાં મોતી ટાંગ્યાં હોય! હીરાનો જેમ શોખ વધારે છે તેમ હીરાની સમજ પણ આ લોકોની વધારે છે. મદ્રાસી સ્ત્રી હીરા પારખવામાં કુશળ હોય છે. પુરા તેજ અને પાણીવાળા હીરાનો જ આ લોકો ખપ કરે. હીરાનું એક મોટું પડીકું આપો તો અંદરથી સત્ત્વ કાઢી લે. ધનવાન ઘરની સ્ત્રીઓ હીરાના આભૂષણથી ભરેલી હોય. નાક, કાન, માથું, ગળું, હાથ,—જ્યાં મુકી શકાય ત્યાં હીરા ગોઠવ્યા હોય. આ વિષયમાં પુરુષો પણ સ્ત્રીઓ સાથે ઠીક સહકાર કરે છે. પુરુષો પણ કાનમાં લવીંગિયા અને આંગળીએ વીંટી પહેરવાના. આથી હીરાના વ્યાપારીઓને આ ક્ષેત્ર સતત આકર્ષતું રહે છે.

પણ મને આશ્ચર્ય તો એ જ થયા કરતું કે આ શ્યામાંગીઓને હીરાનો તે આટલો બધો શા માટે શોખ હશે! આ બાજુની સ્ત્રીઓનો શ્યામવર્ણ સુપ્રસિદ્ધ છે એ કહેવાની જરૂર ન હોય. અલબત્ત, એ શ્યામતાના પ્રકારમાં વિવિધતા છે. કોઈ જળઘેરી તો કોઈ કાજળઘેરી. આપણે સાધારણ રીતે રૂપ એટલે ગૌરવર્ણ, અને અલંકાર તો રૂપવાનનોજ અધિકાર, એમ માનીએ છીએ, તેથી ઉપર જણાવેલું આશ્ચર્ય તદ્દન અસ્વાભાવિક ન લેખાય. પણ એક દિવસે. કૃષ્ણપક્ષની મધ્ય રાત્રિએ, ચકચકી રહેલા તારાઓથી સુશોભિત નીલ આકાશની મનોહારિતાએ મારૂં ધ્યાન ખેંચ્યું અને મારા ઉપરોક્ત આશ્ચર્યનું એની મેળે સમાધાન થઈ ગયું. પ્રકૃતિને મૂર્તિમન્ત

કરતી સ્ત્રીજાતિ પ્રકૃતિના અલંકાર શોધી ધારણ કરે એનાથી બીજું વધારે સ્વાભાવિક શું હોય ? જે કૃષ્ણ-પક્ષની રાત્રીના માહાત્મ્યને સમજશે તે રત્નોજ્જ્વલા દ્રાવીડ સન્નારીના અલંકરણ-ઔચિત્યને જરૂર ગ્રહણ કરશે એવો મને સાક્ષાત્કાર થયો.

મદ્રાસમાં કાંઈ પણ મનોહર હોય, ગમે એવું હોય, ચિત્ત હરે એવું હોય તો તે ત્યાંનો સમુદ્રતટ છે. મદ્રાસને મારવાડીઓ મંદરાજ કહે છે અને સંસ્કૃત મદ્રાસીઓ મદ્રપુરી કહે છે. એ મંદરાજ અથવા તો મદ્રપુરીના પૂર્વ કિનારાનું, વિશાળ નીલાંબર ઉદધિ અનવરત પ્રક્ષાલન કરી રહ્યો છે. આ કિનારો એકસરખો સીધો પાંચ માઇલ લાંબો છે. અનેક બાળકોનું એ ક્રીડાસ્થાન છે અને અનેક દંપતી-યુગલોનું એ વિહારસ્થાન છે. સાયંકાળે આ સ્થાન રમણીયતાનું કેન્દ્રસ્થાન બને છે અને અનેક સુરમ્ય દશ્યો દૃષ્ટિગત થાય છે. પણ આ મહાસાગરની પ્રભુતાનું ખરૂં ભાન તો કોઇ નિર્મળ પૂર્ણિમાની રાત્રિએ જ થાય છે. આવી જ એક રાત્રિએ હું અહીં ફરવા આવી ચડ્યો અને સહેજે ભુલી ન શકાય એવો આનંદ-અનુભવ કીધો.

પૂર્વાકાશમાં આરૂઢ થએલો ચંદ્ર મહાસાગરના વિશાળ પટ ઉપર કિરણ-વર્ષા વરસાવી રહ્યો હતો, અને મહાસાગર અનવરત નાદથી ચંદ્રનું સ્વાગત કરી રહ્યો હતો. ચંદ્રનું તેજસંગીત અને સમુદ્રનું સ્વર-સંગીત, બંનેનો આજ મધુરો સુયોગ થઇ રહ્યો હતો. ચંદ્રના પ્રત્યેક કિરણમાં સ્વરનિનાદ ગાજતો હતો; સમુદ્રની પ્રત્યેક ઊર્મિમાં ચંદ્રકિરણ નૃત્ય કરતું હતું. આકાશમાં કાળાંધોળાં વાદળો આમતેમ ઘુમતાં હતાં અને નિસર્ગની લીલામાં વૃદ્ધિ કરતાં હતાં. કોઇ વાદળ ચંદ્રબિંબની આડે આવે અને ચંદ્રને ઢાંકે; મહાસાગર ઘડીનો પણ વિયોગ સહન કરી ન શકે અને તેના વિશાળ વદન ઉપર શ્યામતા છવાઇ રહે. વાદળ ખસે, ચંદ્ર સ્મિત વરસાવતો બહાર આવે અને સાગરના અંગેઅંગમાં આનંદપ્રકાશ વ્યાપી રહે. અહીંની અપાર રમ્યતા અનુભવનાર માણસ આધિવ્યાધિ ભુલી જાય અને તેનો આત્મા આનંદકલ્લોલે ચડે. રસિકને રસ-જાગૃતિ જાય અને ગાનારના કંઠમાં અનેરૂં સંગીત ઉદ્દભવે. સમુદ્રની ઊર્મિએ ઊર્મિએ અપાર તેજ, અગમ્ય ઉલ્લાસ, અવર્ણનીય ડોલન દેખાય. આ જોઇ એવો તે કોણ જડ હોય કે જેનામાં ચૈતન્ય પ્રગટે નહિ!

મદ્રાસમાં કોઇ સ્નેહી ન મળે; કોઇ સમાનધર્મી ન જડે. ક્યાંયે ગમે નહિ. આવા સ્થાનમાં કવિ ખબરદાર મને સારૂં આશ્વાસનસ્થાન થતા. નવરાશ હોય ત્યારે એમની પાસે જાઉં અને દરેક વખતે કોઇ ને કોઇ નવા વિષયનો સંચાર કરૂં. એ રીતે, નહિ જાણેલું જાણું અને નહિ સમજેલું સમજું. કવિતા અને સાહિત્ય એ એમની વાતોનો સ્વાભાવિક રીતે પ્રધાન વિષય હોય. હું હમેશાં જ્ઞાનસમૃદ્ધ માણસને શોધતો ફરૂં અને તેવો યોગ થતાં જિજ્ઞાસુ બુદ્ધિએ સંભળાવે તે સાંભળું. કોઈ જાતના સજ્જડ મનોગ્રાહ મનમાં કોઇ માટે ધરાવૂં નહિ, તેમજ કોઇ નવપરિચિત માટે ચોક્કસ અભિપ્રાયો બાંધી લેવાની ઉતાવળ પણ ન કરૂં.


કવિ ખબરદાર એક ઉમદા સજ્જન છે. ગુજરાત અને ગુજરાતી ભાષા બંને તેમની પરમ પ્રીતિના વિષય છે. કાવ્યદેવીના તે પરમ ભક્ત છે અને કાવ્ય-દેવીનો તેમની ઉપર પ્રસાદ પણ સારો છે. ગુજરાતી સાહિત્યથી તે બરોબર માહીતગાર રહે છે અને સાથે સાથે અંગ્રેજી સાહિત્યની પણ તેઓ સારી ઉપાસના કરી રહ્યા છે. નાનાલાલનું ઇંદુકુમાર કે જયાજયન્ત અપદ્યાગદ્ય શામાટે તે એક વખત મને બરોબર સમજાવેલું. 'રસાત્મકં વાક્ય કાવ્યં' એ કાવ્યનું લક્ષણ બરોબર. રસ એ કાવ્યનો આત્મા છે, પણ જેમ આત્માને વ્યક્ત થવા માટે દેહની જરૂર છે તેમ રસ જેનો આત્મા છે એવા કાવ્યને વ્યક્ત કરનાર દેહનાં શાં શાં લક્ષણો હોય તે સમજવાં જોઇએ. તેનો વિચાર કરતાં તાલ, ગેયતા, નિયમપરાયણતા વગેરે અનેક તત્ત્વો સામે આવીને ઉભાં રહેશે. કાવ્ય એ કળા છે અને કળા સ્વરૂપથી જ નિયમાધીન છે. કોઇ જેમતેમ પગ પછાડે તેને નૃત્ય નહિ કહીએ; કોઇ જેમતેમ રાગડા તાણે તેને ગાયન નહિ કહીએ. પગના ઠેકામાં નિયમિત તાલનો જ્યારે અનુભવ થાય ત્યારે તેને આપણે નૃત્ય કહીશું; સૂરમાં પણ તાલને લીધે ઉભી થતી ગેયતાથી જ ગાયનનો અનુભવ કરી શકાય છે. તેવો તાલ કહેવાતા કાવ્યમાં ન હોય ત્યાં સુધી તેને કાવ્ય કેમ કહેવું ? અંગ્રેજી બ્લૅંક વર્સમાં પણ તાલ તો હોય જ છે. લીટીની અસમાનતા એ

બીજી જ વસ્તુ છે.

આવી જ રીતે વર્તમાન ગદ્ય સાહિત્યમાં મુનશીનું સ્થાન, નવા લેખકોની અભિપ્રાયનૃષ્ટતા, ગુજરાતી સાહિત્યની શબ્દસમૃદ્ધિ,—આવી અનેક બાબતો ઉપર તેમને કાંઇ ને કાંઇ કહેવાનું હોય. ચર્ચાનો પ્રદેશ કાંઇ એકદેશીય નહોતો. રાજકીય વિષયમાં પણ તેમણે ચંચુપ્રવેશ કર્યો છે અને ભિન્નભિન્ન બાબતો ઉપર ચોક્કસ અભિપ્રાયો ધરાવે છે. જ્યોતિષશાસ્ત્રના તો એ નિપુણ અભ્યાસક છે અને તે વિષયનું સાહિત્ય પણ એમની પાસે વિપુલ પ્રમાણમાં છે.

મદ્રાસી સ્ત્રીઓનો પોશાક ધીમેધીમે મારૂં બહુ ધ્યાન ખેંચતો જાય છે અને તે જોઇને મારી આંખો ઠરતી જાય છે. તેમનાં ઘેરા, લાલ, પીળા, બદામી અને લીલા રંગના પટ્ટાવાળાં વસ્ત્રોમાં આપણા દેશની નિર્મળ કુદરતનું જ પ્રતિબિંબ દેખાય છે; આપણા ફળફુલ અને ઝાડના જ રંગોનું આબેહુબ અનુકરણ જણાય છે. તે પોશાકમાં આપણા ગુજરાતી પોશાક જેવી વિવિધતા નથી, પણ મનોહારિતા વિશેષ છે. આનું બીજું કારણ તેમાં રહેલી દેશીયતા પણ છે. આપણે ત્યાં વસ્ત્રવિધાન અને પરિધાનમાં પાશ્ચાત્ય ભાત અને પદ્ધતિનું વિશેષ અનુકરણ છે. મદ્રાસમાં એ હોય તોપણ જવલ્લેજ જોવામાં આવે છે.

દ્રાવીડ સન્નારીનો પોશાક અને સંસ્કૃત ભાષાનું સાહિત્ય બંને સરખાં. બંને પ્રથમ પરિચયે અસાધારણ સુંદર લાગે; વિશેષ પરિચયે વિવિધતાનો અભાવ કાંઇક સાલે. એક વખત ત્રિવેન્દ્રમના સમુદ્રકિનારે હું ફરતો હતો ત્યારે આ પોશાકની મનોહરતાનુ મને ખરૂં ભાન થએલું. ત્યાંનો સમુદ્રકિનારો પ્રવાસીઓને આકર્ષે તેવો છે. સાયંકાળનો સમય હતો; સૂર્ય તરતમાં જ અસ્ત થએલો હોવાથી આકાશની નીલિમા બહુ મનોરંજક લાગતી હતી. શ્યામસુંદર સમુદ્રપટ ઉપર મધુરૂં સંગીત ગાજી રહ્યું હતું. બદામવર્ણી સ્વચ્છ વેળુ ઉપર અનેક બાળાઓ આમતેમ રમતી હતી અને મોટી ઉમરની સ્ત્રીઓ બેઠીબેઠી આનંદવિનોદ કરતી હતી. દૂરથી જોનારને બદામી રંગના વિશાળ ગાલીચા ઉપર જ્યાંત્યાં ફુલપાનની છાબડીઓ ગોઠવી હોય તેવું જ આ આખું દૃશ્ય લાગે. તેઓમાં કેડે સોનાનો પટ્ટો પહેરવાનો રિવાજ છે. આ પટ્ટાથી



દ્રાવીડ એટલે આવાં અસાધારણ ભવ્ય મંદિરોનો દેશ

વસ્ત્રો સુવ્યવસ્થિત રહે છે અને આખું અંગ વધારે સુઘટિત લાગે છે. આ પણ કટિમેખલા જ કહેવાય.

મદ્રાસીઓ ઘરનું આંગણું બહુ સાફ રાખે. સવાર-સાંજ ઘરની સ્ત્રીઓ આગણું વાળીઝુડી સાફ કરે, પાણી છાંટે અને ચારોડીના કે અન્ય કોઇ પદાર્થના ભુકાની વિવિધ પ્રકારની આકૃતિઓ કાઢે. સવારના પહોરમાં સૌથી પહેલું ઘરને લગતું નિત્યકર્મ જ આ. જ્યાં જાઓ ત્યાં દરેક ગૃહદ્વાર તમારૂં અભિનંદન કરતું લાગે. ઘરમાં દાખલ થવાનું દ્વાર પણ બહુ ધ્યાન ખેંચે તેવું હોય છે. બારણાં કબાટ જેવાં સુઘટિત, અને ઉપરના ભાગમાં લાકડાનું સુંદર કોતરકામ. તેમાં ગણેશ, લક્ષ્મી, ગરુડ, વિષ્ણુચરણ, શિવલિંગ એવી વિવિધ સંપ્રદાયની ભિન્નભિન્ન આકૃતિઓ હોય. ઘર પણ બધાં બહુ જ સુરક્ષિત. કોઇ એકદમ દાખલ થઇ શકે નહિ. આ બાબતો ગુજરાતને અનુકરણ કરવા જેવી છે.

જે ગુજરાતમાં છે અને મદ્રાસમાં હજુ સુધી મેં ન જોયું તે ગુજરાત-કાઠિયાવાડનો આતિથ્યસ્વભાવ.



મદ્રાસીને ત્યાં કોઇએ બનતાં લગી મહેમાન થવાની આશા રાખવી જ નહિ. કોઈ મહેમાન આવ્યો તો મદ્રાસી યજમાન તરીકે ઘર કે દુકાનની બહારના ભાગમાં સુવા જેટલી જગ્યા કાઢી આપવા કરતાં મહેમાનના સંબંધમાં કાંઈ પણ વધારે ફરજ સમજે જ નહિ. નહાવું હોય તો નળ બતાવી દે; ચા કૉફી તો 'કૉફી કલબ'માં જ સારાં મળે—ઘરમાંથી પાવાનાં ન હોય; જમવા માટે લૉજ બતાવવા ભેગો માણસને મોકલે; માત્ર પાનસોપારી ઉદારતાથી આપે, કારણ કે પાન ત્યાં એક આનાનાં સો મળે છે! બહુ ભાવ બતાવવો હોય તો તમને 'કલર' પાય. આ બાજુ સોડા લેમન વગેરે ઘણુંખરૂં જુદાજુદા રંગવાળાં આવે છે, તેને સગવડ ખાતર આ લોકો 'કલર' કહે છે! દેશ ગરમ છતાં કલરમાં બરફની કાંઇ જરૂર ન ગણે! ગરમીથી તૃષાતુર થયા હો અને પાણી માગો તો નળમાંથી પાણી લાવી આપે! પોતાની મેળે પાણી ધરવામાં તો સમજે જ નહિ.

આવી જ રીતે મેં એ લોકોમાં સ્નેહવૃત્તિનો પણ અભાવ જ જોયો, અને એથી મને બહુ આશ્ચર્ય થયું. સામેનો માણસ વય, વિદ્યા કે પ્રતિષ્ઠામાં તમારો ગમે તેટલો સમાનધર્મી હોય તોપણ તમારા માટે તે કદિ પ્રેમોન્મત્ત બને જ નહિ; તમને તેના જીવનમાં કદિ ભેળવે જ નહિ; તમને તેના ઘરના અન્તર્ભાગનું કદિ દર્શન કરાવે જ નહિ. તમારે ત્યાં આવે અને પુરી આભારવૃત્તિથી તમારા સ્નેહાતિથ્યનું આસ્વાદન કરે, પણ તેની સાથે તે મિત્રહૃદયને અન્નજળ આદિ અર્ઘ્યથી આરાધવાની પોતા માથે ફરજ ઉત્પન્ન થાય છે એમ તેની બુદ્ધિમાં ઉતરે જ નહિ.

મારા એક ગુજરાતી મિત્રે મદુરામાં રહેતા તેના ઈંગ્લંડ જઇ આવેલા એક મદ્રાસી મિત્ર ઉપર મને રહેવા વગેરેની સગવડ આપવા કાગળ લખી આપેલો. હું તો મદુરા એક ગુજરાતી વ્યાપારીને ત્યાં જ રહેલો, એટલે મને તેની અપેક્ષા તો હતી જ નહિ; તોપણ તેને મળવા ગયો. તેણે કહ્યું કે 'તમે બીજે ઠેકાણે પુરી સગવડ પામ્યા છો (આ માત્ર તેની કલ્પી લીધેલી માન્યતા જ હતી) તેથી મારે કાંઇ કરવાપણું રહેતું નથી; નહિ તો અહીં એક છત્રમ્ (ધર્મશાળા)માં તમારી બહુ સારી ગોઠવણ કરાવી આપત!' આપણે તો આપણી સરખી ઉમરના કોઇને જોઇએ તો આપણને તેની ઉપર ભાવ આવે; તેમાં યે દૂર દેશનો હોય તેમ આપણો ભાવ વૃદ્ધિ પામે, અને તેના માટે શું કરીએ ને શું ન કરીએ એમ મનમાં થઇ આવે. પણ એમાંનું આ લોકોને કાંઇ જ નહિ.

આ માનસવૈચિત્ર્ય મારા મનથી એક મોટો કોયડો છે. મદ્રાસ ગયા પહેલાં મદ્રાસીઓ માટે આવું આવું મેં સાંભળેલું ખરૂં, પણ તેને પ્રાંતિક મનોગ્રાહ ગણી હું માનતો નહિ. પણ હવે તો મને પણ સાંભળ્યા પ્રમાણે જ અનુભવ થતો આવ્યો છે. તોપણ ત્યાંની સામાન્ય પ્રજા સરળ, ભોળી, અનેક વહેમોમાં ડુબેલી અને લુચ્ચાઇ લફંગાઇ બહુ ઓછી. આ બાબતમાં ઉત્તર હિંદુસ્તાન અને દક્ષિણ હિંદુસ્તાનમાં આસમાન-જમીનનું અંતર. અહીં તમે નિશ્ચિંતપણે ફરી શકો, ઓછા ખર્ચે રહી શકો. દેશ ગરીબ છતાં કંગાળ નહિ. લોકો સંતોષી અને સુખી; શ્રદ્ધાળુ અને સાદા.

તેઓમાં જાતજાતના વહેમો તો એવા ભરેલા છે કે જેની આપણને કલ્પના પણ ન આવે. બ્રાહ્મણ-અબ્રાહ્મણનો વહેમ એ લોકોના જીવનપ્રાણ ચુસી રહેલો છે. બુદ્ધિને તો તાળું મારીને જ એ લોકો જીવે છે! અસ્પૃશ્યતાનું કંટક આપણે ત્યાંથી તો કોક દહાડો યે જશે, પણ અહીં તો તેનાં મુળ ઘણાં જ ઉંડાં ગએલાં છે. મદ્રાસી હાલતાંચાલતાં વહેમાય. અપશુકન થતાં પાછો ફરે; ઘેરથી શુકન જોઇને જ



નીકળે. કાંઈ પણ પૈસા ડાબે હાથે દેવાય નહિ; દિવસના ભાગમા હ-મેશાં દોઢ કલાકનો રાહુકાળ આવે, તે વેળા વ્યાપારનું કે વ્યવહારનું કાંઇપણ સારૂં કામ થાય નહિ. હજામત પણ ઘર બ-હાર કરાવવી જોઇએ. અને ઘરમાંથી કોઇ તમારા અપવિત્ર શરીર ઉપર એક હાંડો પાણી દોળે ત્યાર પછી જ તમે ગૃહપ્રવેશને યોગ્ય થઇ શકો!

વળી આ લોકો દૃષ્ટિ કુદૃષ્ટિમાં પણ બહુ માને. આમ સ્ત્રીઓમાં પડદો કે લાજ કાઢવાનો રિવાજ નહિ, પણ કોઇના ઘરના આંગણામાં ઉભા રહો (દાખલ તો થવાય જ નહિ) કે સ્ત્રીઓ અંદરના ભાગમાં ભરાઈ જાય,—રખેને કોઈ અજાણ્યા માણસની દૃષ્ટિથી ઉપદ્રવ દોડીને ઘરમાં દાખલ થઇ ન જાય!

મને દ્રાવીડ દેશ ઉપરનો મોહ બે કારણે છે. એક તો આખા દેશની ફળદ્રુપતા અને બીજું એ બાજુએ આવેલાં અસાધારણ ભવ્ય મંદિરો. મુંબાઇથી મદ્રાસ સુધીનો પ્રવાસ જેવા કંટાળાભર્યો લાગે છે તેવો કંટાળો બીજી કોઇ મુસાફરીમાં જણાતો નથી. મુંબાઇથી રાત્રે ઉપડતાં સોલાપુર સવારમાં આવે. ત્યાંથી એકલો સુકો સપાટ પ્રદેશ શરૂ થાય. ન મળે લીલવણી, પર્વત, નદી કે નાળાં. સાંજના કૃષ્ણા અને તુંગભદ્રા આવે ત્યારે આત્માને કાંઇક શાંતિ થાય. પણ મદ્રાસની આસપાસ, તેમજ તેની નીચેના તાંજોર પરગણાનો ભાગ તો ઝાડઝુંડ તેમજ પાણીથી ભરેલો છે. અદિયાર કુદરતનું એક સુંદર લીલાક્ષેત્ર છે. ઉત્તર-હિંદમાં જેમ ગંગા, અને મધ્યભાગને વીંટળાએલી જેમ ગોદાવરી, તેમ અહીં કાવેરી આ પ્રદેશની કટિમેખલાની શોભા ધારણ કરી રહેલી છે. કાવેરીનું વહન અદ્દભુત છે. તે અંબા જેવી કૃપાળુ છે અને ચંડી જેવી પ્રમત્ત છે. કાવેરી ન હોય તો લોકો ભુખે મરે; અને એ જ કાવેરી જ્યારે કાલી સ્વરૂપ ધારણ કરે છે ત્યારે જલપ્રલયનો કાળો કેર પણ

[અનુસંધાન બાજુના કોલમને છેડે]

વર્તાવી શકે છે. જેમ પુરુષ અને પ્રકૃતિના અદ્વૈત-માંથી દ્વૈત જન્મે છે અને એ દ્વૈત પાછું અદ્વૈતમાં શમે છે, એમ કાવેરીનો પ્રવાહ જ્યાંત્યાં દ્વિશાખ બની નાનામોટા બેટ રચે છે, અને પાછો એકરૂપ બની આખરે પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપ મહાસાગરમાં મળે છે, વહનરૂપ ઉપાધિથી મુક્ત બની અંતિમ મોક્ષને સાધે છે, અને શાશ્વત શાંતિને પામે છે.

પરમાનંદ

રસુલમિયાં

એક ગામમાં બે નીશાળો હતી. બંને નીશાળના છોકરાઓ વચ્ચે કટ્ટા હતા. જ્યારે તેઓ ભાગોળે રમવા ભેગા થતા ત્યારે રમતરમતમાં કોઇ નજીવું કારણ મળતાં લડાઈ જાગતી. બે પક્ષ પડી જતા, અને દરેક નીશાળના છોકરાઓ એકેક બાજુ ઉભા બીજાઓ તરફ પથરાનો વરસાદ વરસાવતા, ગાળો ભાંડતા અને ન કરવાનાં કૈંકૈં કામો કરતા.

શિક્ષકોને એ વાતની ખબર હતી. આવું કેટલા ય કાળથી બન્યાં કરતું. શિક્ષકો તેને માટે બનતા ઉપાય યોજતા. બે નીશાળોને રમવા બે જુદાંજુદાં મેદાન બનાવ્યાં હતાં. છતાં ખાસ લડવા માટે તેઓ એક જ જગ્યાએ ભેગા થતા; અને છેવટે એકબીજાને કંઇક ઇજા કરી અંતરના ઉછાંછળા સેતાનને સંતોષી ઘર તરફ વળતા.

ભાગોળે રસુલમિયાંની ઝુંપડી હતી. તેને અમીના નામે એક સાત વરસની પુત્રી હતી. તે કઠિયારાનો ધંધો કરતો. તેનો સ્વભાવ બહુ માયાળુ હતો. જ્યારે તે છોકરાઓને લડતા ને લોહીલોહાણ થતા જોતો ત્યારે તેની આંખમાં આંસુ ઉભરાતાં.

એક દિવસ રસુલમિયાંને લાકડાં કાપતાં ઘા ચુકવાથી કુહાડો પગમાં વાગ્યો અને તે તમ્મર ખાઇ નીચે પડ્યો. પણ થોડી વાર પછી જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તેણે શું જોયું? ઘા ઉપર એક વેલાનાં પાંદડા બાઝી જવાથી લોહી તરત જ નીકળતું બંધ

થયું હતું અને ઘાને રૂઝ વળી હતી.

રસુલમિયાં થોડાં વધારે લાકડાં કાપી ભારો બાંધી, એ વેલાનાં થોડાંક પાન લઇ ઘેર આવ્યો. લાકડાંની ભારી વેચી જે પૈસા આવ્યા તેમાંથી થોડું ખાવાનું અને બીજી ચીજો લીધી; તે ઉપરાંત થોડાં કેળાં અને દ્રાક્ષ પણ લીધાં.

સાંજ પડી. છોકરાઓ રમવા ભેગા થયા. રમત બરાબર જામી; એવામાં કોઈ મામુલી કારણ મળતાં લડાઈ જાગી અને રમત ભાંગી પડી. તેઓ ખુબ લડ્યા. એકબીજાને ઘાયલ કર્યા પછી જ્યારે થાકી ગયા ત્યારે સામસામા બેસી ગાળો ભાંડવા લાગ્યા.

આ વખતે રસુલમિયાં પેલા વેલાનાં પાન લઇ આવ્યો. જેનેજેને વાગ્યું હતું તેનાતેના ઘા ઉપર બબ્બે પાન મુક્યાં, અને પછી વચમાં બેસી સૌને કેળા અને દ્રાક્ષની મીજબાની જમવા બોલાવ્યા. સૌ ભેગા થઈ સાથે બેસી મેવો જમ્યા.

આવી રીતે તેઓ દરરોજ રમતા, લડતા, ઘાયલ થતા, રસુલમિયાંના વેલાનાં પાનથી સાજા થતા અને સાથે બેસી મેવો જમી વીખરાતા; પણ લાંબા વખતની લડવાની ખો તેઓ ભુલ્યા ન હતા.

એક દિવસ રસુલમિયાં લડાઇનો મામલો શાંત કરવા આવ્યા નહિ. એથી લડાઇ જરા વધુ લંબાઇ. આખરે તેઓ પોતાની મેળે શાંત પડ્યા.

'આજ રસુલમિયાં કેમ દેખાતા નથી? ચાલો આપણે તેને ઘેર જઇએ.'

પણ રસુલમિયાં તેની ઝુપડીમાં યે નહોતા. અમીના બાપુની રાહ જોઇ બેઠી હતી. તે બોલી, 'ભાઇઓ, મારા બાપુ સવારના જંગલમાં લાકડાં કાપવા ગયા છે તે હજુ દેખાયા નથી. દરરોજ તો બપોરે ઘેર આવે છે. ઘરમાં કંઇ ખાવાનું યે નથી, એટલે હું ભુખી છું. કોણ જાણે મારા બાપુને શું યે થયું હશે!' એમ બોલી તે રડી પડી.

'ચાલો, આપણે જંગલમાં તેની ભાળ કાઢવા જઇએ.' એમ કહી તેઓ જંગલમાં દોડી ગયા. ત્યાં રસુલમિયાં તો તેઓને મળ્યા;—તેની લાકડાંની ભારી સહિત; પણ તેના દેહમાં પ્રાણ નહોતા! ભારી કાપી ગામ ભણી આવતાં રસ્તામાં સર્પ દંશથી તેનું મોત નીપજ્યું હતું.

સર્વે છોકરાઓએ હાય પોકારી! તેઓને રસુલમિયાંની માયા સાંભરી આવી' 'કેવો તે આપણો કજીયો શાંત પાડતો! આપણા માટે વેલાનાં પાન લાવતો! કેવો તે આપણને મેવા જમાડતો! તેની આંખમાં કેવું જાદુઈ વાત્સલ્ય હતું!' અને રસુલમિયાંના વિચાર સાથે તેઓને તેની નાની પુત્રીનો વિચાર આવ્યો. એ સાત વરસની બાલિકાનું શું થશે! એના ઘરમાં તો એક ટંકનું ખાવાનું યે નથી. એને મોટી કોણ કરશે!'

'ચાલો, આમ દિઙ્મૂઢ બન્યે આરો નહિ આવે. અમે ચાર જણ રસુલમિયાંના શબને ઉપાડી લઇએ. અને તમે ત્રણ આ ભારી ઉપાડતા આવો.' એક મોટો છોકરો બોલ્યો.

જ્યારે તેઓ ઝુંપડીએ પહોંચ્યા ત્યારે દસ વાગી ગયા હતા. એવે વખતે ભારી ક્યાં વેચવા જવી? એટલે એક છોકરો પોતાને ઘેરથી ખાવાનું લઇ આવ્યો. અમીના બીચારી મૃત્યુમાં સમજતી ન હતી. એને તો બાપુ ઘેર આવેલા જોઇ આનંદ થયો અને બહુ ભુખ લાગી હોવાથી ખાઇને સુઈ ગઈ.

તેઓએ રસુલમિયાંના શબની આખી રાત વારા ફરતી ચોકી કરી અને સવારમાં હજુ અમીના નહોતી ઉઠી ત્યાં તો તેની દફનક્રિયા માંહોમાંહેથી થોડાક પૈસા ઉઘરાવીને કરી નાખી.

卐

પણ તેઓના હૃદયમાં આ એકાએક શો પલટો થઇ ગયો? તેઓ દ્વેષ વગર સમભાવ અને સ્નેહથી રમે છે. લડતા તો નથી, પણ એક બીજાને કડવું વેણ પણ કદિ કહેતા નથી.


દરરોજ સાંજે તેઓ જંગલમાંથી લાકડાંની મોટી ભારી કાપી લાવે છે. તેના પૈસા અમીનાને અન્નવસ્ત્ર પુરૂં પાડવામાં વપરાય છે; વધે છે તેનું ખાવાનું લઈ સૌ સાથે બેસી ખાય છે. દરરોજ એકેક જણ અમીનાને ઘેર વારા ફરતી સુએ છે. અમીના દિવસે નીશાળે જાય છે. તે જાણે છે કે તેના બાપુ ગામ ગયા છે. તેના આવવાની તે રાહ જોઇ રહી છે!

શિક્ષકોના અને માબાપોના લુખી શીખામણના હજારો શુષ્ક શબ્દો જે ન સાધી શક્યા તે રસુલમિયાંની મુંગી નિષ્કામ સેવા અને અંતરની શુભ લાગણીએ સાધ્યું હતું.

'ચક્રભાઇ'



સ્કેચ: સ્વ. રામરાવ પાણીડાં 'કુમાર': કારતક'૮૩



ભુવનેશ્વર
(ઓરીસા)

દેવપુરી ભુવનેશ્વર

પુરાતન ધાર્મિક ભવ્યતાના અદ્‌ભુત અવશેષોનો પરિચય



કલકત્તેથી જગન્નાથપુરી જવા માટે જે ખાસ ગાડી જાય છે, એ રસ્તે પુરીનો બેએક કલાકનો માર્ગ બાકી રહે છે ત્યારે કલકત્તેથી ૧૦ કલાકે ભુવનેશ્વરનું સ્ટેશન આવે છે. ઓરીસા એટલે કલિંગ દેશ. એ દેશ જીતતાં અશોક રાજાથી જે હિંસા થઈ તેનો પશ્ચાત્તાપ એણે જીંદગી સુધી સહ્યો હતો ને પરિણામે એણે ભૂમિનું રાજ્ય વધારવાને બદલે બૌદ્ધ ધર્મનું રાજ્ય વધારવા પ્રયત્નો કરેલા.


એ દેશમાં કેસરી વંશના રાજાઓ થઇ ગયા. એ ચુસ્ત સનાતન હિન્દુ ધર્મના અનુયાયીઓ હતા. યયાતિ નામનો નામીચો રાજા પણ ત્યાં થયો હતો.

જ્યારે કાશી બૌદ્ધ ધર્મથી જીતાઈ ગયું ત્યારે કેસરી રાજાઓએ ભુવનેશ્વરને બીજું કાશી બનાવવાનો પ્રયત્ન કરેલો. ભુવનેશ્વર એટલે કે ત્રિલોકના નાથને નામે એ સ્થાન વસાવવામાં આવ્યું. અને કહે છે કે બધાં મળીને ત્યાં ૭૦૦૦ દેવળો હતાં: એમાં સૂર્ય, વિષ્ણુ, બ્રહ્મા, શિવ, જગન્નાથ, શક્તિ વગેરે તમામ દેવદેવતાનાં ત્યાં સ્થાનકો બનાવવામાં આવેલાં. આમ બૌદ્ધ ધર્મના ધસારા સામે હિન્દુ ધર્મની એકેએક શાખા તથા સંપ્રદાયને એકત્ર કરવાનો ભગિરથ પ્રયત્ન કલિંગ દેશે કર્યો હતો.

આખું શહેર પ્રભુને જ સમર્પણ કરવામાં આવ્યું હતું અને બિંદુસાગર નામનું સરોવર બનાવી સર્વ પવિત્ર નદીઓ, યાત્રાના સમુદ્ર કિનારા, કુંડો, સરોવરો અને સંગમસ્થાનોનાં જળ એ સરોવરમાં આણી અનેક જાતનાં પાપ નાશ કરવાની શક્તિ એનામાં છે એવી ભાવના કરવામાં આવી હતી. એ સરોવર હજી કાયમ છે.

હાલ એ સ્થાન લગભગ વેરાન જેવું, ખંડિત અને જીર્ણ થઇ ગયું છે. પરન્તુ એના પત્થરો અને શિલ્પકળા, આપણાં પુરાણી સંસ્કૃતિ અને ધર્મની ગૌરવ ઉત્પન્ન કરાવે એવી વાતો કરી રહ્યાં છે.

હજી બિંદુસાગરને કિનારે પાંચસોએક દેવળોનાં ખંડેર પથરાએલાં ઉભાં છે. એમાં લિંગરાજ અને રાજારાણીનાં દેવળો મુખ્ય ગણાય છે. દોઢસો મંદિરો તો લિંગરાજ નામના ભવ્ય મંદિરની આસપાસ આજ પણ આખાં અણીશુદ્ધ હાલતમાં જોવામાં આવે છે. લિંગરાજનું શિખર સોએક ફીટ ઉંચું છે. એનું કોતરકામ અલૌકિક છે. એનો ઘાટ ઓરીસાના ખાસ સ્થાપત્યને નામે પ્રસિદ્ધ છે. પરંતુ આપણાં ઉત્તર



બિંદુસાગરને એક કિનારે ભુવનેશ્વરનાં મંદિરો

હિંદુસ્તાનનાં શિખરઘાટનાં દેવળોનું જ એ શિખર સહોદર હોય એવું એક જ કુળનું લાગે છે. એનો એકે-એક ખુણો કલામય અને સંપૂર્ણ છે અને મંદિર સર્વાંગ સુંદર છે—ભવ્ય છે. મંદિરને કાંગરેકાંગરે અને ધારે-ધારે કોતરણી છે. શિખર ઉપર ચોમેર નર્તકીઓ, અપ્સરાઓ, દેવીઓ વગેરેનાં સુંદર ઘાટીલાં પુતળાં છે. એમના નાના પ્રકારના અંગમરોડ, હાવભાવ, ભોગ-વિલાસ વગેરે આપણા એક સમયના સંસારના ભરપુર જીવનનો ખ્યાલ આપે છે.

એ આખાં મંદિર ફક્ત પત્થર અને લોઢાના ખીલાથી જ બન્યાં છે. એમાં ચુનો કે સીમેન્ટ બીલકુલ નથી.

સરકારના (આર્કિયૉલૉજીકલ ડિપાર્ટમેન્ટ) ઐતિહાસિક ઇમારતી ખાતાના, મહેન્જોદારો અને હરપ્પાની શોધોથી પ્રસિદ્ધ થએલા, બાબુ રાખાલદાસ બેનરજીની ચીવટથી, ૭૫૦૦૦ રૂપિયા ખર્ચીને સરકાર આજકાલ આ ઇમારતો સમરાવી એને અસલ હાલતમાં રાખવા પ્રયત્ન કરી રહી છે.

અમે આ સ્થળની મુલાકાત ગયા જુલાઈ મહીનામાં લીધી હતી. ત્યાં આ જીર્ણોદ્ધારનું કામ આપણા કચ્છના શિલ્પીઓ અને સુરતના કારીગરોથી થતું જોઇને અમને અતિશય હર્ષ થયો. એટલે દૂર, ગુજરાતને સામે છેડે ૧૫૦૦ માઇલને છેટે રહીને, આવાં પ્રાચીન સમયનાં ભવ્ય મંદિરો કચ્છી કૉન્ટ્રૅક્ટરોની દેખરેખ નીચે થતાં જોઇને અને ગુજરાતના સલાટો, કડિયા અને મીસ્ત્રીઓ સાથે ગુજરાતી ભાષામાં એ સ્થળની તથા મંદિરોની જુની કળાકૌશલ્યની વાતો કરતાં અમને જે આનંદ થયો છે એનું વર્ણન કરવું અશક્ય છે. એમની પાલખો પર ચઢીને એ મૂર્તિઓ, એ ભૂમિતિના નિયમો અને શિલ્પશાસ્ત્રની વિગતો એમની પાસેથી જે સમજ્યા છીએ તે અમે કદિ ભુલનાર નથી. મુખ્ય શિલ્પિએ કહ્યું કે 'કચ્છમાં અમારી કદર નથી. બાકી બંગાળ–નાગપુર, ઇસ્ટ ઇન્ડિયા, ઇસ્ટ બંગાળા વગેરે રેલવેઓ પર આપણા કૉન્ટ્રૅક્ટરો અને મીસ્ત્રીઓને તમે જ્યાંત્યાં જોશો ! અમે આ મંદિરોના જીર્ણોદ્ધારમાં લાચારીએ સીમેન્ટ વાપરીએ છીએ. કેવળ પત્થર અને લોઢાથી આવાં મોટાં દેવાલયો બનાવવાની કળા આપણા હાથથી નાશ પામી છે. અમે આ પુરાણું કામ જોતા જઇએ છીએ અને અજબ થઇએ છીએ. હજી આ તરફ કોનારક નામનું સ્થળ છે એ પણ બહુ જ આશ્ચર્યકારક શિલ્પકળાનો નમુનો છે.'

અને ખરે ! ભુવનેશ્વર પણ આશ્ચર્યકારક જ છે. એક ગોખમાં દટાઈ ગયેલી એક પાર્વતીની મૂર્તિ હતી. રાખાલદાસ બેનરજીએ ત્રણ મહીના સુધી એ ધોવડાવી ધોવડાવીને સાફ કરી છે. તે હિંદુ કળાનો અપ્રતિમ નમુનો છે. એ ૭ ફીટ ઉંચી છે અને નૃત્ય કરવાની તૈયારીમાં હોય એવો એનો અભિનય છે. વસ્ત્રાલંકારની બારીક બારીક વિગતો એમાં સ્પષ્ટ છે. ઘંટડીઓની કટિમેખલા છે; આછી પટ્ટણીની ઓઢણી છે; મુકુટ બહુ જ સુંદર અને મણિમાણેક તથા સુવર્ણથી ઘડેલો હોય એવો પત્થરથી કોતરેલો છે. કાનનાં આભૂષણ, હાથપગનાં આભૂષણ, હાર, સમાપ



નાગસુંદરી : ભુવનેશ્વરના મંદિરમાંની દીવાલ પરનું શિલ્પ

સુરૂચિવાળાં અને ઉત્તમ કલાના નમુનારૂપ છે.

પાર્વતીના મુખપર સાત્ત્વિક હાસ્ય છે અને અંગે-અંગ ચેતનવંતુ છે. આંગળી, આંખ, કેડ, એકેએક અવયવમાં સૌંદર્યનો પ્રવાહ વહી રહ્યો છે, અને ઉત્તમ ભાવથી ભરેલું એ ઉલ્લાસપૂર્ણ શરીર, આખું યે આજ પણ અલૌકિક ભક્તિભાવ ઉત્પન્ન કરે છે.

ભુવનેશ્વરથી ત્રણેક માઇલ દૂર ઉદયગિરિ, ખંડ-ગિરિ અને નીલગિરિ નામની ટેકરીઓ છે. એમાં સૌથી ઉંચી ઉદયગિરિ ૧૧૦ ફીટ ઉંચી છે. આ ટેકરીઓમાં કેટલીક ગુફાઓ છે, જેમાંના લેખો પરથી ઇ. સ. પૂર્વે ૪૦૦ વર્ષ પરની તે પુરવાર થઇ છે. ગુફામાંની મૂર્તિઓ અને કોતરણી ઘસાઇ ગયાં છે, પરંતુ એમાં હિંદુ, બૌદ્ધ અને જૈન ત્રણે ય ધર્મની નીશાનીઓ સ્પષ્ટ દેખાય છે. એ ટેકરીઓ પરથી આસપાસનો દેખાવ અતિશય રળિયામણો લાગે છે, અને એ જગ્યાએથી સૂર્યોદય જોવાલાયક ગણાય છે.

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

અભિલાષ

: ઇન્દ્રવજ્રા :

" આજે ઇલા છું કની સ્હેજ નાનો,
બાકી ઉભો આંહીં રહું જ શાનો ?
આકાશ પાતાળ કરૂં હું એક,
ખુંદી વળું સર્વ દિશા અનેક.

ને સાત જો સાગર હોય સામે,
તે યે કુદી જાઉં જ એક વામે;
ને દૈવને તો કની ભોંય હેઠું,
એવું પછાડું,—નહિ થાય બેઠું.


ધાઉં કની તો રવિને નસાડું,
તે પૂર્વથી પશ્ચિમમાં ઉગાડું;
ને ચાંદલો ? હેં ! શિદ ભાર એના,
જ્યાં સૂર્ય શા સેવક હોય જેના ! "

" ખાલી ન એવી તું બડાશ હાંક,
આ સ્હેજમાં લાગી રહે છ થાક."
" હો, હો ! ઇલા તું ન શરીર દેખ,
સત્તાભર્યો છે મુજ આત્મ એક.

આત્મા થતાં નિર્મળ ને નિયંત્રી,
એની થશે એક જ વિશ્વતંત્રી;
સંગીત ત્યાં તો પછી દિવ્ય ન્યારૂં,
જે ગુંજશે બ્હેન, થશે જ તારૂં.

બ્રહ્માંડના ભેદ બધા ય ખોલી,
બ્હેનાં ! બતાવીશ સભા અમોલી,
જોજે, પછી તો કની પ્હાડ તોડું;
ને હું તને તો લઇ ખાંધ દોડું.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા



આપણી ખનીજસંપત્તિ

દરેક દેશના ધનની ગણતરી કરીએ તો તેમાં કેવળ પૈસાટકા, સોનુંચાંદી ને હીરામાણેક વગેરે કીમતી ચીજો ઉપરાંત બીજી ઘણી વસ્તુઓ ગણવી જોઇએ. રસાળ ફળદ્રુપ જમીન એ કેટલી મોંઘી સંપત્તિ છે તે કહેવાની જરૂર નથી. અનુકૂળ હવાપાણી, નિયમિત વર્ષાદ, પુષ્કળ ને સતત વહેતી નદીઓ, પાણીના ધોધવાઓ—જેનાથી વિજળીક બળ ઉત્પન્ન થઇ શકે, સારી વ્યવસ્થાથી ચાલતાં કારખાનાંઓ—જેના વડે દેશને ખપની તેમ જ સુખસગવડની અગણિત ચીજો મોટા જથ્થામાં ને સસ્તી કીમતે બનાવી શકાય, એવીએવી ઘણી ચીજો દેશની સંપત્તિમાં ગણવી જોઇએ.

અલબત, આ જેમ સ્થૂળ સંપત્તિ છે, તેમ બીજી જાતની સૂક્ષ્મ સંપત્તિ પણ છે, જે પાછી સ્થૂળ સંપત્તિ ઉત્પન્ન કરવામાં મદદગાર છે એટલું જ નહિ પણ તદ્દન અનિવાર્ય છે. પ્રજાની બુદ્ધિ, ઉદ્યોગ, ખંત, અનુભવ, કેળવણી, સંપ, વ્યવસ્થા, સહકાર ઇત્યાદિ આ પ્રકારની સૂક્ષ્મ સંપત્તિ છે, જે દેશનું ધન વધારવામાં તથા નવું ધન ઉત્પન્ન કરવામાં બહુ ઉપયોગી છે. આ જાતની સૂક્ષ્મ સંપત્તિ પેદા કરે એવી સંસ્થાઓ, શાળાઓ, મંડળીઓ એ પણ દેશની સંપત્તિરૂપ છે.

દેશની જમીન ખેતીની દૃષ્ટિએ જેમ સંપત્તિ છે તેમ તે જમીનની અંદર મૂલ્યવતી ચીજો ભરેલી હોય અને તે ખોદીને બહાર કાઢી શકાય તેમ હોય, તો તે દૃષ્ટિએ જમીન વિશેષ સંપત્તિરૂપ છે. આપણો દેશ જેમ એકંદરે રસાળ છે, તેમ તેની અંદર કાંઈ-કાંઈ ખજાનાઓ ભરેલા છે એ પણ આપણે જાણીએ છીએ. સોનું, હીરા, રત્નો, ધાતુઓ અને એવીએવી કીમતી ચીજો સેંકડો વર્ષો થયાં આપણી જમીનમાંથી નીકળ્યાં કરે છે; અને એ ખનિજ સંપત્તિએ જેમ આપણા મહારાજાઓની તથા શહેનશાહોની જાહોજલાલી અને મોજશોખો આટલાં જગદ્વિખ્યાત કરી મુકયાં છે તેમ કેટલા યે પરદેશીઓની આંખો આંજી દઇને તેમનામાં મોહ કે લોભ ઉત્પન્ન કરી અહીં ખેંચી આણવા માટે પણ એ સંપત્તિજ જવાબદાર છે. જહાંગીર તથા શાહજહાં એ બે જ મુગલ બાદશાહોના દરબારોનો વિચાર કરીએ તો આ વાત તરત સમજાશે.

આપણા દેશમાં બહુ ખનિજ સંપત્તિ હતી અને છે એમ સમજી લેવું એ એક વાત છે, અને તે ખરેખર કેટલી છે, ખાસ કરીને આજે અને જગતના બીજા દેશોની ખનિજ સંપત્તિના પ્રમાણમાં, એનો ખ્યાલ મેળવવો એ બીજી વાત છે. કોઇ દર્દીને તાવ છે એમ સમજવું એ એક વાત છે, ને તે ચોક્કસ કેટલો છે, તે તાવ માપનારી નળીથી–થર્મોમિટરથી–જાણવું એ બીજી વાત છે. પહેલું સામાન્ય જ્ઞાન છે, બીજું વધારે ચોક્કસ વિશેષ જ્ઞાન છે—વિજ્ઞાન છે.

આપણા દેશની ખનિજ સંપત્તિ વિષે કાંઇક સામાન્ય ખ્યાલ તેમજ કાંઈક વિશેષ ખ્યાલ મેળવવા આપણે યત્ન કરીએ.

તે પહેલાં એક વાત સમજવા જેવી છે. લક્ષ્મી ચંચળ કહેવાય છે, તેમ આ સંપત્તિ પણ હમેશાં એકસરખી રહેતી નથી. જમીનની અંદર થતી છાની પણ અદ્દભુત ક્રિયાઓથી આ સંપત્તિ ઉત્પન્ન થાય છે ખરી, પણ તેની ઉત્પત્તિના કે નાશના નિયમો હજી બરોબર સમજાયા નથી. એટલે જમીનની અંદરના એ ગૂઢ ફેરફારોથી આપણે છાતી ઠોકીને કહેતાં અચકી જઇએ કે અમારા દેશમાં આટલી સંપત્તિ તો છે જ: એની વધઘટના માપ થઇ શકે એમ નથી. વળી, તે ઉપરાંત બીજી એક વાત છે. આ વિષયને જાણનારા ભૂસ્તરશાસ્ત્રીઓ, ખનિજશાસ્ત્રીઓ, ભૂગર્ભશાસ્ત્રીઓ વગેરે અંદાજ કાઢી શકે કે ફલાણી જમીનમાંથી ફલાણું દ્રવ્ય નીકળશે, ને તે કેટલું નીકળશે. છતાં એ તો સ્પષ્ટ વાત છે કે એકવાર તે દ્રવ્ય

કાઢવા માંડ્યું એટલે જમીનમાંથી તો તે ઓછું થયું જ ને ? પરિણામે રાતદિન ખાણોનું કામ ચાલુ રહે, ને એ દ્રવ્ય બહાર નીકળી જાય ત્યાર પછી, અમુક વર્ષે પણ ખાણો ખાલી થઇ જાય, અને ખનિજ-સંપત્તિ ખુટી જાય. આ પ્રમાણે ખાણો ઉપર કામ ચાલવા માંડ્યું એટલે તે સંપત્તિ પ્રજાના હાથમાં તો આવી, પણ જમીનમાંથી તે કમ થઇ. વળી બીજી ખાણો જડે એટલે સંપત્તિ પાછી વધે. આમ ચાલ્યાં કરે એટલે ખનીજસંપત્તિ હમેશાં એકસરખી સ્થાયી રહે નહિ; આજે જેટલી આપણે જાણતા હોઇએ તેટલી જ પચાસ વર્ષ ઉપર હતી અને તેટલી જ એક બે કે વધારે સદીઓ પહેલાં હતી, અથવા તેટલી જ બેચાર સદીઓ પછી પણ રહેશે એવું કોઇથી ય કહી શકાય નહિ. માત્ર એ બધા સમયોની સરખામણી ઉપરથી કાંઇક ચોકસ ખ્યાલ બાંધી શકાય.

વળી આ ખનીજ સંપત્તિની કુલ કીમત—રૂપિયા આના પાઇ લેખે—ગણીએ તો તે બહારના બજાર પ્રમાણે ફર્યાં કરે છે. એટલે વજનની નજરે કોઇ-વાર વધઘટ ન હોય, તોપણ કીમતની નજરે દેખાય: અથવા તેથી ઉલટું પણ બને. જેમ નીચે આપેલી હકીકત ઉપરથી સમજાશે કે કેરોસીન—પેટ્રોલ વગેરેની બાબતમાં એમ બન્યું છે.

સરકારે આપણા દેશમાં ' જીઑલૉજિકલ સર્વે ઑવ ઇન્ડિયા ' એ નામથી હિંદની જમીનની ખનીજ પદાર્થોની દૃષ્ટિએ તપાસ કરવાને માટે પ્રવીણ માણસોને નીમ્યા છે. તેઓ પાંચપાંચ વર્ષે એકસામટો રીપોર્ટ પ્રકટ કરે છે. આમ સન ૧૮૯૮થી એમણે કુલ પાંચ રીપોર્ટ બહાર પાડ્યા છે. તેમાંનો છેલ્લો સન ૧૯૧૯થી સન ૧૯૨૩ લગીનો થોડા વખત ઉપર બહાર પડ્યો, તે ઉપરથી આ પાંચ વર્ષમાં જેટલો ખનીજ પદાર્થ બહાર નીકળ્યો તે માલુમ પડે છે. આ પાંચે વરસના પદાર્થોની કુલ કીમત ઉપરથી સરેરાશ કાઢતાં, વાર્ષિક આંકડા નીચે પ્રમાણે થાય છે:

ખનીજ	લગભગ કીમત રૂપિયા
૧ કોલસા	૧૩ કરોડ ૮૮ લાખ
૨ પેટ્રોલિયમ	૧૦ ,, ૫૫ ,,
૩ સોનું	૩ ,, ૧૫ ,,
૪ મૅંગેનીઝ ધાતુ	૩ ,,
૫ મીઠું	૧ ,, ૪૨ ,,
૬ સીસું ને સીસાની ધાતુ	૧ ,, ૨૨ ,,
ચાંદી	૯૬ ,,
૭ અભ્રક	૯૫ ,,
૮ સુરોખાર	૫૩ ,,
૯ કલાઈ	૩૧ ,,
ટંગસ્ટન—ધાતુ	૨૦ ,,
૧૦ લોખંડ	૧૭ ,,
૧૧ જેઇડ-સ્ટોન	૧૭ ,,
૧૨ નીલમ અને માણેક	૯ ,,
૧૩ ક્રોમાઇટ	૮ ,,
૧૪ મોનેઝાઇટ	૪॥ ,,
૧૫ તાંબુ	૪॥ ,,
૧૬ મેગ્નીસાઇટ	૨॥ ,,
૧૭ હીરા	૧ ,,
૧૮ ગ્રેફાઇટ	૪॥ હજાર

કુલ કીમત ૩૬ કરોડ ૯૦ લાખ રૂ.

આ આંકડાઓ વિષે થોડો ખુલાસો કરવાની જરૂર છે.

૧ હિંદના બધા ખનીજ પદાર્થોમાં કોલસો એ સૌથી વધારે કીમતી છે એ વાત એટલી બધી નવી છે કે ઘણાઓ તેથી અજ્ઞાત હશે. થોડાં વરસો ઉપર આપણે લગભગ બધો કોલસો બહારથી—બીજા દેશો-માંથી—મંગાવતા. સન ૧૯૨૪માં આપણે બે કરોડ ટન કરતાં પણ વધારે કોલસો ખાણોમાંથી બહાર કાઢ્યો, અને આ પ્રમાણે બ્રિટિશ શહેનશાહતમાં આપણે ગ્રેટબ્રિટનથી બીજે નંબરે આવ્યા; દક્ષિણ આફ્રિકા, કૅનેડા તથા ઑસ્ટ્રેલિયાને આપણે પાછળ મુકી દીધાં. છતાં બીજી તરફથી એ પણ યાદ રાખવા જેવું છે કે આમ બીજે નંબરે છીએ, તોપણ નાનકડું ગ્રેટબ્રિટન એકલું આપણા કરતાં લગભગ તેર—ચૌદ ગણો વધારે કોલસો દર વરસ બહાર કાઢે છે.

હિંદી કોલસો મોટે ભાગે ગોંડવાણાની ખાણો-માંથી ને મુખ્યત્વે ઝરિયા ને રાણીગંજની ખાણોમાંથી હાલ નીકળે છે. એકલા ઝરિયાની ખાણો જ અરધો-અરધ કોલસો પુરો પાડે છે. આ બધી ખાણો બંગાળામાં છે.

આ વિષયના વિદ્વાનો કહે છે કે હજી કોલસાની

પુષ્કળ ખાણો દેશમાં છે, એટલે વરસોવરસ કોલસો વધતો જ જશે. એક વિદ્વાનની ગણતરી તો એવી છે કે આવતાં વીસ વરસમાં આપણો કોલસો પાંચ કરોડ ટન જેટલો થશે, ને ૬૦ વરસમાં દસ કરોડ ટન થશે.

કોલસાની બાબતમાં જપાન તથા દક્ષિણ આફ્રિકાના કોલસાની સાથે આપણા કોલસાને ટક્કર ઝીલવી પડે છે. ખાણોના કામમાં ને વહીવટમાં સુધારો થાય, રેલવેનું ભાડું ઓછું થાય, કાચા કોલસામાં પકવેલા સારા કોલસા બનાવવાની સારી વિધિઓ ઉપયોગમાં લેવાય, અને વિજળિક બળનો વધારે વપરાશ થાય તો આ કોલસાનો ઉદ્યોગ વધારે ફાવશે.

૨ 'પેટ્રોલિયમ' નામ તળે બાળવાનું ઘાસતેલ-કેરોસીન-મૉટરો વગેરેનું પેટ્રોલ, સંચાઓમાં પુરવાનું ઘટ 'લુબ્રિકેટિંગ' તેલ વગેરે બધાં આવી જાય છે. આ પદાર્થોની કીમત એટલી વધી છે કે તે આપણે ત્યાં બીજે નંબરે આવે છે, અને દસ વરસ પહેલાં જેટલી કીમતનું પેટ્રોલિયમ આપણે વરસોવરસ કાઢતા તે કરતાં હમણાં લગભગ સાતગણી વધારે કીમતનું આપણા આંકડાઓ ઉપરથી જણાય છે, પરંતુ ખરું જોતાં પેટ્રોલિયમનો જથ્થો કાંઇ સાતગણો વધારે નીકળ્યો નથી, એ તો માત્ર સવાગણો જ વધ્યો છે; ને તે હવે સરેરાશે લગભગ ત્રીસ કરોડ ગૅલન થાય છે. પણ અમેરિકા તથા રશિયા બંનેની આગળ, તેમ જ બીજા દેશોની આગળ પણ, આ કાંઈ વિસાતમાં નથી, કારણકે જગતની વાર્ષિક પેદાશનો લગભગ ૧૨૦મો ભાગ જ (૦.૮૩ ટકા જ) હિંદને ફાળે આવે છે. હિંદ એટલે બ્રહ્મદેશ એકલો.

૩ સોનાની ખાણો મોટામાં મોટી મ્હૈસુરની કોલરની ખાણો તરીકે જાણીતી છે. લડાઇ દરમિયાન સોનાની નિકાસ ઓછી થઇ હતી, અને ૯૭ યે દર વરસ સોનું કમ નીકળે છે. આ પાંચ વરસની સરેરાશ લગભગ ૪॥ લાખ આઉંસની છે. અલબત્ત, ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા તથા મેક્સિકો વગેરે દેશો કરતાં આપણે બહુ પછાત છીએ.

૪ મેંગેનીઝની ધાતુ તરફ ફરીએ તો વળી જુદું જ સ્વરૂપ નજરે પડે છે. સન ૧૮૯૭ની સાલથી આ ધાતુની બાબતમાં આપણો દેશ આખી દુનિયામાં અગ્રેસર થયો છે, અને સન ૧૯૧૨થી ૧૯૧૫ લગીમાં પ્રથમ પદ આપણે ખોયું હતું તે છતાં તે કાળ પછીથી, લડાઇના અવસરમાં, બ્રાઝિલની સખ્ત હરીફાઇની પણ સામે, આપણે તે પ્રથમ પદ પાછું મેળવ્યું છે. લગભગ ૬॥ લાખ ટન મેંગેનીઝની ધાતુ હમણાં વરસોવરસ નીકળે છે; છતાં એમ કહે છે કે હવે નવી ખાણો હાથ લાગતી નથી, એટલે ધીરેધીરે આ ધાતુ ઓછી થતી જાય છે. ખાસ કરીને લોખંડ તથા પોલાદના કામને માટે મેંગેનીઝ અત્યંત ઉપયોગી છે, જોકે જમીનમાંથી નીકળતી કાચી ધાતુને શુદ્ધ કરવાની આપણી શક્તિ ને આપણી વ્યવસ્થા નથી, તેથી ઘણો નફો ખોવો પડે છે.

૫ મીઠા વિષે એટલું જ ઉમેરવું જોઇએ કે મીઠું એટલે જેને આપણે સીંધવ કહીએ છીએ તે જ આમાં ગણાયું છે.

૬ બ્રહ્મદેશમાં બૉડવીન તથા નામ્ટુની ખાણોમાંથી સીસું-ચાંદી-જસત ત્રણે મળી આવે છે. સીસું ને ચાંદી બંનેની વૃદ્ધિ થયાં કરે છે, જેથી ૧૯૧૯માં જેટલું સીસું ને જેટલી ચાંદી નીકળી હતી તે કરતાં ૧૯૨૩માં અઢીગણો વધારો થયો છે. ૧૯૨૩માં સીસું ૪૬૦૦૦ ટન નીકળ્યું, ને ચાંદી પચાસ લાખ આઉંસ નીકળી.

૭ અભ્રકની બાબતમાં પણ આપણો દેશ આખી દુનિયામાં અગ્રપદે છે, એટલું જ નહિ પણ અભ્રકના જાડા થરને હાથવડે ચીરી એકેક પડ જુદું ઉખેડવાની કળામાં હિંદી કારીગરો એટલા પ્રવીણ છે કે પરદેશથી અભ્રકના ઢગલાઓ એટલા જ માટે હિંદમાં આવવા લાગ્યા છે; જે આપણા કારીગરો હાથવડે ચીરી સફાઇથી ઉખેડી જુદા કરે છે, ને તે પાછા પરદેશ ચડે છે. શેલેક જાતની લાખની બનાવટ પણ હિંદમાં જ થાય છે, તેથી શેલેકમાંથી બનતા માઇકેનાઇટની બનાવટ પણ કેટલેક અંશે આપણા હાથમાં છે.

૮ સુરોખાર તો હવે જર્મનીમાં કુદરતી તથા રાસાયનિક રીતે ઘણો બને છે. તે સિવાય અમેરિકામાં પણ રાસાયનિક રીતિથી હવામાંથી જ એને બનાવવાનાં કારખાનાં થયાં છે. છતાં એ એટલો ઉપયોગી પદાર્થ છે કે આપણા દેશમાં—ખાસ કરીને બંગાળા બિહાર તરફ—આ પદાર્થ મળી આવે છે તે બહુ નહિ છતાં ઘણો ઉપયોગી છે.

૯ ટંગસ્ટનની ધાતુ હવે બહુ કીમતી ગણાવા લાગી છે. એના ઘણા ઉપયોગોમાં મુખ્ય એ છે કે વિજળીના દીવામાં જે ઝીણા તંતુઓ ‘બળે છે’ તેની બનાવટમાં, તેમ જ ખાસ અતિ કઠણ પોલાદની બનાવટમાં તે બહુ કામ લાગે છે. આપણે ત્યાં બ્રહ્મદેશમાં તેની ખાણો છે. લડાઇ દરમિયાન, સન ૧૯૧૭માં ૪॥ હજાર ટન જેટલી તે ધાતુ નીકળી હતી. પણ હવે તે ઓછી થઇ છે, અને ૧૯૨૩માં માત્ર ૮૭૨ ટન જ નીકળી છે. કલાઇમાં વૃદ્ધિ થઇ છે ખરી, અને તે ૧૩૮ ટનની સરેરાશે પહોંચી છે.

૧૦ જોકે યુનાઇટેડ સ્ટેટ્સ તેમ જ કેટલાક યુરોપિયન દેશોના પ્રમાણમાં આપણો લોખંડનો ઉદ્યોગ મોટો ન કહેવાય, તોપણ આપણા દેશમાં તો લોખંડ અને પોલાદનાં કારખાનાં બહુ મહત્ત્વનું સ્થાન લે છે, એ સૌ જાણે છે. લડાઇની શરૂઆત થઇ ત્યારે આ ઉદ્યોગ નબળી દશામાં હતો: લડાઇમાં એણે સારા દિવસો દેખ્યા: તે પુરી થતાં પાછી પરદેશી હરીફાઇ આગળ તે નમવા લાગ્યો, પણ હમણાં કાંઇક સુધારો દેખાય છે. સરકારે ‘ટેરિફ બોર્ડ’ નીમીને પોલાદના ઉદ્યોગને લગભગ ૬૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપી તાત્કાલિક રક્ષણ આપ્યું છે. તેથી સન ૧૯૨૭ના માર્ચ લગી તો એને માથે બહુ ભય નથી. પછીની વાત ફરીથી વિચારાશે.

૧૧ જેઇડ-સ્ટોનમાં કાંઇ ફેરફાર થયો નથી. ૪॥ હજાર હંડ્રવેટથી કાંઇક વિશેષ પ્રતિવર્ષ તે નીકળે છે. માત્ર બજારમાં ભાવ ચઢ્યા છે એટલે તેની કીમત વધારે સારી ઉપજી છે. આ ઘેરા લીલા રંગનો પથ્થર છે અને શિલ્પકામમાં ઉપયોગી તથા કીમતી છે.

૧૩ ક્રોમાઇટ એ ક્રોમિયમ નામની ધાતુ આપે છે, જેમાંથી પોટેશિયમ બાઇક્રોમેટ નામનો મશહુર ક્ષાર બને છે, એટલું જ નહિ પણ એ ધાતુ પોતે લોહ વગેરેની સાથે ભેળવવામાં આવે છે ને તેથી જે પોલાદ બને છે તે અતિશય કઠણ ને ઘસાઈ ન જાય એવું હોય છે. જેના ઉપર બહુ ઘસારો આવતો હોય તેવાં ઓજારો તથા યંત્રોના તેવા ભાગો બનાવવામાં તે ખાસ વપરાય છે. આ ધાતુની શોધ આપણે ત્યાં લગભગ ૧૦-૧૫ વરસ ઉપર થએલી છે એમ મને ખ્યાલ છે. સદ્‌ભાગ્યે વરસોવરસ તે વધારે ને વધારે જથ્થામાં નીકળતી જાય છે, ને તે મોટેભાગે બલુચિસ્તાનની ખાણને લીધે છે. પહેલાંના પાંચ વરસમાં ૨૩૦૦૦ હજાર ટનની સરેરાશ હતી, ત્યારે આ પાંચ વરસમાં ૩૫૦૦૦ ટનની સરેરાશ આવે છે.

ખાણોનો ઉદ્યોગ બંગાળામાં ઘણો હોવાથી સરકાર તરફથી કલકત્તા પાસે સિબપોર ગામમાં માઇનિંગ એન્જીનિયરિંગ કૉલેજ ચલાવવામાં આવે છે. અહીં હોશિયાર યૂરોપિયન પ્રોફેસરો શિક્ષણ આપે છે. મૅટ્રિક સુધીની કેળવણી પામેલા સશક્ત અને બુદ્ધિમાન વિદ્યાર્થીઓએ એ કૉલેજ તરફ નજર કરવા જેવું છે. ગુજરાતના એકબે સારા વિદ્યાર્થીઓએ એ કૉલેજમાં ઉંચે નંબરે પાસ થઇ હાલ ઝરિયાની કેટલીક ખાણોમાં મૅનેજર કે એન્જીનિયરની જગ્યાઓ સંભાળી લીધી છે. બુદ્ધિ શક્તિ અને સાહસવાળા જુવાનો માટે હમેશાં દરેક ઠેકાણે તક તો છે જ.

—તંત્રી

---

૧૪ મૉનેઝાઇટ નામની રેતી થોડાં વરસો ઉપર ત્રાવણકોરના સંસ્થાનમાંથી હાથ લાગી હતી. તેમાંથી થૉરિયમ અને સીરિયમ નામની બે ધાતુઓ નીકળે છે, જેનો મુખ્ય ઉપયોગ ગૅસના દીવાના ‘મૅટલ’ બનાવવામાં થાય છે. એ એક ઇતિહાસની વાત છે કે જર્મન સાહસ ને જર્મન બુદ્ધિએ આ ઉદ્યોગ હાથ કર્યો હતો, અને લડાઈ શરૂ થઇ ગયા પછી પણ કેટલાક સમય લગી આ રેતીના ઢગલે ઢગલા જર્મનીને અંગ્રેજ સરકારે લઇ જવા દીધા છે,—કેવળ એ રેતીના ઉપયોગના અજ્ઞાનથી જ. છેવટે રસાયનશાસ્ત્રીઓએ તથા ‘મૅટલ’ બનાવનારી અંગ્રેજ કંપનીઓએ અંગ્રેજ સરકારની આંખ ઉઘાડી ત્યારથી હવે અંગ્રેજોના હાથમાં તે ઉદ્યોગ છે. ઘણાખરા ખનીજ પદાર્થોની પેઠે આ રેતી પણ એમ ને એમ વહાણમાં ચડે છે, ને તેમાંથી જોઇતી ધાતુઓ જુદી પાડવાનું તથા તેના શોધનનું કામ હિંદમાં થતું નથી! સન ૧૯૧૯માં ૨૦૦૦ ટન જેટલી નીકળતી તે આ પાંચ વરસોમાં હવે ૧૨૫ ટનને સરેરાશે આવી ગઇ છે!

૧૫ મૅગ્નીસાઇટની મુખ્ય ખાણ મદ્રાસની પાસેના સાલેમમાં છે. એમાંથી મૅગ્નેશિયમ કાર્બોનેટ નામનો

[અનુસંધાન પાછળના પાનાના પહેલા કૉલમને છેડે]

ક્ષાર મેળવાય છે, જે બહુ સુંવાળો ને બારીક થઇ શકે છે એટલે દંતમંજન, ચામડી માટેના પાઉડરો વગેરેમાં તેમ જ બીજાં કામમાં વપરાય છે.

ઉપરના કોઠામાં ન આપેલી એવી એક ધાતુ બૉક્સાઇટ નામની છે, જેમાંથી વિજળીની મદદથી આપણી જાણીતી ઍલ્યુમિનિયમ ધાતુ જુદી પડી શકે છે. એવો પાંચ વરસનો સરેરાશ માત્ર સવાપાંચ હજાર ટનનો હોવા છતાં સન ૧૯૨૩માં ૬।। હજાર ટન હતા તેમાંથી સન ૧૯૨૪માં ૨૩૨૨૮ ટન જેટલો ઉછાળો એણે માર્યો છે તે આપણા બેડા જીલ્લાને જ આભારી છે.

અંતમાં એક વાત ઉમેરવી જોઇએ. આપણા દેશમાં હજી ઘણા પ્રદેશો એવા પડ્યા છે—ખાસકરીને દેશી રાજ્યોની સરહદમાં—જેઓની તપાસણી ખનીજોની દૃષ્ટિએ થઇ જ નથી, અથવા થઇ હોય તોપણ તેમાંથી કશું બહાર કાઢવામાં આવ્યું ન હોય. એ કારણથી આપણે આશા રાખી શકીએ કે ભવિષ્યમાં આપણા દેશની ખનીજ સંપત્તિની વધારે શોધ થશે ને વધારે સમૃદ્ધિ પણ થશે.

કાન્તિલાલ પંડ્યા

પાંચ પ્રસંગો [૪]

૧૯૨૫ની નાતાલની રજાઓમાં દર વર્ષે લેવા જવી પડતી લશ્કરી તાલીમ માટે પૂના પાસે જ છાવણીમાં એકઠા થએલા. બેત્રણ વરસથી એ ને એ જ જગ્યાએ રહેવું પડેલું હોવાથી, તે જગ્યા ઉપર કંઇક અભાવ તો કંઇક માયા પણ લાગી હતી. એના એ જ ડુંગરાઓ અને વૃક્ષની ઘટાઓ જોવા કરતાં તે વરસે નવા જ દાખલ થએલા યુવાનોના મોં ઉપર, કઠણ જીંદગીથી ચંદ્રકળા માફક પ્રદર્શિત થતા ભાવો દિનપ્રતિદિન નીરખવામાં જ બહુ રસ પડતો, અને બીજું વીસરી જવાતું.

લશ્કરમાં હુકમો પણ તરેહવાર હોય છે. જાઇએ તે જ દિવસે કમાન્ડિંગ ઑફિસર (ઓ. સી.) હરવા-ફરવાની હદ નક્કી કરે. તે હદની બહાર પરવાના વિના જવાય જ નહિ. મના કરેલી જગ્યાએ જાઇએ અને મિલિટરી પોલિસ (એમ. પી.) પકડે તો પછી શિક્ષાની જ રાહ જોવાની! આ ઉપરાંત. ખાવા-પીવાની ચીજોનો પણ ઓ. સી. તરફથી એવો જ બંદોબસ્ત થાય. અમુક ખવાય અને અમુક ન ખવાય તે પણ હુકમમાં બહાર પડે! છાવણીમાં સ્વચ્છતાનો ભંગ થાય અથવા શરીર બગડે એવી વસ્તુઓની તો મના જ હોય છે. આ કાયદા દેખીતા એટલા સહેલા, સાદાસીધા અને આપણા ભલાને માટે લાગે છે કે સમજુ છોકરાં પણ તે ન તોડે. છતાં છાવણીમાં રહે તે જ જાણે કે મનમોજીલા સ્વભાવ ઉપર કાપ મુકતા એ હુકમો માનવા કેટલા જણ રાજી હશે. પહેર-નાર જ જાણે કે જોડા ક્યાં ડંખે છે. હા, એટલું ખરૂં કે લડાઇ વખતે તાવ માટે થતી 'કિવનાઇન પરેડ' કરતાં આ હુકમો કડક નથી!

કમનસીબે આ સાલ વરસાદ ઓછો પડેલો હો-વાથી છાવણીમાં પાણીની ખુબ તંગી હતી. પાણી છાંટવાના બંબામાં ભરાઇને આવતું પાણી અમને માપથી જ પીવાને મળતું; અને તેટલું યે ચોકી પહેરા-માંથી લેવાનું! છાવણી પાસે દર વરસે ભરેલા રહેતા કુવાઓનાં પણ આ વરસે તો તળિયાં દેખાતાં હતાં; એટલે દરેક ભોજન વખતે સ્નાન કરવાની અને દેહને અડકીને નહાવાની જેને ટેવ પડી હશે તેને તો અસીમ દુઃખ હશે.

મને મળતી વિવિધ પ્રકારની 'ડયુટી'માં આ વરસે મારે પાણી અને સ્વચ્છતા ઉપર નજર રાખવાની હતી. પાણીનો પણ જ્યાં તોલ કરવાનો હોય, અને વગવસીલો કે સરસાફારસ જેને ન પાલવે તે તો સહેજે 'બહુ કડક' ગણાય, એ સ્વાભાવિક છે. એટલે મને જાતજાતનાં નામ-ઉપનામો અને વિશેષણોની અણ-માગી નવાજેશ થતી. પણ છોકરાઓ ઘેર જઇ બધું ભુલી જશે એવી માન્યતામાં એની બહુ ફીકર ન રહેતી.

પાણીનો અને છાવણી ન છોડવાનો ત્રાસ મને પણ હતો તો ખરો જ. લાગ મળ્યે પહેલી તકે સટકી જવા હમેશાં મન તલસતું. પણ હું હતો એવા હોદ્દા ઉપર, કે કોણ ક્યારે બોલાવશે અથવા ક્યારે કયો હુકમ છુટશે તેની ખબર ન હોવાથી બુમ પાડતાં હાજર ન થવાય તો શોધમશોધ થઇ રહે; અને પછી તો પકડાઇ જવાનું જ રહે. પણ છેવટે તો ખુબ જ કંટાળ્યો. બહોળા પાણીએ નહાવાનું બહુ જ મન થયું.

અંતે એક દિવસ લાગ જોઇ, મારૂં કામ એક અંગ્રેજ ક્વાર્ટરમાસ્ટર સાર્જન્ટને સંભાળી લેવાનું કહી, એક નાની ટોળી જોડે આડઅવળે રસ્તે થઇ છાવણી બહાર ચાલતી પકડી. મારા દોસ્તોએ નહાવા માટે અગાઉથી

જ હોદેક માઇલ દૂર આવેલો એક સરસ મોટો કુવો શોધી રાખેલો, એટલે સપાટાબંધ અમે તે જગ્યાએ પહોંચી ગયા. પૂના તરફનાં ખેતરોના કુવા વિશાળ, તેમ જ અંદર ઉતરવા સારૂ તેમાં ભમરિયા કુવા જેવાં પગથિયાં હોય છે. પચાસેક હાથ જમીનમાં નીચે ઉતર્યા પછી કાચ જેવું ચોકખું ને શીતળ જળ મળે. આવું પાણી જોઇને ગમે તેને પણ જરા ઉડાડવાનું મન તો સહેજમાં થઇ જાય; ત્યારે પછી તરતાં આવડતું હોય તેને તો અંદર ભુસ્કા અને ડુબકીઓ ખાવાની કેવી ઉત્સુકતા થાય અને લહેર આવે એ સમજી શકાય એવું છે.

એ કુવો પાશાનગામ પાસેના એક નાના વહેળા અને સુંદર સરોવર જેવા તળાવની પાસે એક વિશાળ વાડીમાં આવેલો હતો. આસપાસ સરસ જામફળની વાડી અને કુવા ઉપર લટકી રહેલી પીચની ડાળીઓથી મોં ભરાઇ જતું. આઘેઆઘે દેખાતાં લીલાંછમ ખેતરો અને દિશા બાંધના પહાડો ઘડીક તો છાવણીનું પણ ભાન ભુલાવી દેતા. અમારી ટોળી હિંદુ, યહુદી, પારસી, મુસલમાન વગેરે પચરંગી કોમના મિત્રોથી એવી તો મિશ્રિત હતી કે વગર તોફાને તોફાન સુજતું. ઘડી બે ઘડી લશ્કરના રાક્ષસી હુકમોને ભુલી વાડીનાં ઝાડોમાં અમારૂં મન ભરાયું.

પહેલાં તો તોડાય અને ખવાય એટલાં જામફળ તોડી, ઝાપટીને પછી નહાવાની તૈયારી કરી. પણ એટલામાં પીચ ઉપર નજર પડતાં થોડાકને નહાવા ઉતરવાનું કહી અમે બે જણે પીચના ઝાડ પર હુમલો કર્યો. કુવાની પરથાળ ઉપરથી નીચે લટકતી ડાળી પકડી વાંદરાની ઝડપથી ઝાડ પર ચડી ગયા. પીચ તોડતાં ઘડીભર તો ગોરીલા થઇ જવા મન થતું! ઝાડ ઉપરથી પડીએ તોપણ નીચે કુવામાં જ, એટલે લોહી નીકળવાની બીક તો હતી જ નહિ! આખા યે ઝાડ પરથી ઉતારાય તેટલાં પીચ ઉતારી લીધાં; કેટલાંક ઉપર બેસી ખાધાં, ને કેટલાંક ખાતાંખાતાં કુવામાં નાહાનારને નીશાન બનાવી માર્યાં! અહીં ધરાઇને ખવાય, છાવણીમાં પણ પાકે અને ઉપરાંત મુંબાઈ જતાં ત્યાં પણ દરેક જણને ભાગે થોડાં આવે, એટલાં લેવાં એવો દૂરઅંદેશી વિચાર અમારો હતો! એટલે બોર, પીચ અને જામફળનો એક સારો જેવો ઢગ કરી પીચના દુધવાળા હાથ લઇ અમે પણ કુવામાં ઉતર્યા.

ઉલ્લાસમાં મલકાતા, થોડાંક ફળ દડા માફક ઉછાળતા, તરેહવાર તોફાન કરતા અમે નહાતા હતા, એટલામાં ખેતરનો ખેડુત બળદ પાવા આવી પહોંચ્યો. શરીરે સાબુ ચોળેલો અમારો વેશ, ઉપર પડેલાં ખાખી કપડાં અને પીચ વગેરેનો ઢગલો જોઇ બીચારાને કોણ જાણે શા શા તરંગ આવ્યા હશે. થોડી વારમાં તો એ જરા રાતોપીળો થઇ, ગામડી મરાઠીમાં, ઝાડનું નિકંદન કોણે કાઢ્યું તે પુછવા લાગ્યો. પણ અમે તો તોરમાં જ હતા. કોઇકે 'બૅયોનેટ ફાઇટ' વખતે પડાતી કીકિયારી પાડી, તો કોઇએ 'એબાઉટ ટર્ન'નો લશ્કરી હુકમ આપ્યો! આ જવાબની તેના ઉપર અમારી મનધારી સજ્જડ અસર થઇ, અને તેણે થોડી જ વારમાં ગુપચુપ ચાલતી પકડી. અમને અમારા તોફાનના થએલા વિજયથી અધિક મસ્તી ચડી અને બેશુમાર તોફાનનું દંગલ શરૂ કર્યું.

પણ સૂર્ય કંઇ થોડા જ અમારા તોફાન માટે અટકે એમ હતો? એ તો અમેરિકા તરફ ધસતો જ હતો! અને પવન પણ ન અટક્યો. તેણે યે બેઠેલા શિયાળાનું ભાન કરાવવા માંડ્યું. એટલે થોડીવારે, ઇચ્છા અનિચ્છાએ, અમે ધ્રુજતે હોઠે ઉપર આવી કપડાં બદલ્યાં, અને અમારી લુટનો ભારો બાંધી, અનેક તરંગી અંગ્રેજી ગાયનો લલકારતાં છાવણી તરફ કુચ કરી. ફ્રાન્સ લુટીને આવતા સીપાઇઓ જેવો એ વેળા અમારો મદ હતો.

ખેતરની વાડો મુકી અમે ધીરેધીરે છાવણી અને કુવાની બરોબર વચ્ચે આવેલો નાનો ઢોળાવ ચડતા હતા. મુંબાઇના એકાદ પ્રોફેસરના ચાળા પાડતા કે કોઇ દેશનેતાની ભાષણ કરવાની રીતની મશ્કરી કરતા ધીરેધીરે અમે ગતિમાં હતા. બેએક જણને તો 'મેસ પરેડ'નો વખત થઇ ગયો છે એમ લાગતું હોવાથી ચિંતા થતી હતી. હું તો બેફીકર હતો, ને મસ્તીમાં હતો. ઢોળાવ ચડતાં આઘે છાવણીના દીવા દેખાયા ન દેખાયા, ત્યાં તો અમે પાછળથી કંઈક વિચિત્ર બુમો સાંભળી. પાછળ ફરી કાન માંડીએ ત્યાં તો રોષભરેલી હનુમાનની મૂર્તિ જાણે આવતી હોય એમ જણાયું. 'એ જાય' 'આજ હાડકાં પાંસળાં સીધાં કરીએ' વગેરે અર્થસૂચક બુમો મરાઠીમાંથી તરજુમો

કરી જાણી લીધા ! વગર અલ્ટિમેટમે ચડી આવેલા દુશ્મનને, હંફાવવો તો રહ્યો પણ અટકવું યે મુશ્કેલ હતું. કોઇકોઇ ઘણીવાર શીકારને માટે 'એર ગન' કે નાની 'બ્રીચલોડ' લાવતા તે પણ આજ સાથે ન હતી, કે ખાલી નળી દેખાડી તેમને ભડકાવીએ. છુટાં પીચ કે જામફળ મારવાની તો હવે હીમત જ રહી નહોતી. છતાં ઝપાઝપીમાં વાંધો નહિ આવે એમ માનીને અમે 'હૉલ્ટ'ની બુમ મારી ઉભા રહ્યા અને વેરાએલા એકઠા થયા.

થોડી વાર વિચાર કરતા થંભ્યા, એટલામા 'દિશાપિવસ્ત્રમ્'ની દીક્ષા લીધેલો, શીવાજીના લડવૈયા જેવો ઠીંગણો અને શ્યામવર્ણો એક ખેડુત આવી પહોંચ્યો. દુનિયામાં અસ્ત્રો નામની કોઇ વસ્તુની શોધ થએલી છે એની પણ એને ખબર નહિ હોય; તો પછી દરજીનો ધંધો પણ શરૂ થઇ ચુક્યાની માહીતી તો ક્યાંથી જ હશે ? અમારા ખાખી લેબાસની પાસે આવતાં એનું શૂર તો ઓછું થતું લાગ્યું. પંચ તોડનાર કોણ એ જાણવાને એ ઉત્સુક હતો. પાછળ જ પેલા ખેડુત અને બીજા બેચાર જણને લાકડીઓ લઇને આવતા અમે જોયા. ગંભીર પરિસ્થિતિનો ખ્યાલ મુગે-મુગે જ સમજી લીધો. રંગેલાં હાડકાં લઇને યે છાવણી દેખીએ તો પરમેશ્વરનો પાડ માનવા આતુર હતા.

ક્રોધને વશ માણસ જેવી સરસ્વતી ભણે તેવાં વાક્યોની અસ્ખલિત ધારા અમારી કર્ણેન્દ્રિયોને પાવન કરવા લાગી. પ્લેટો કે ઍરિસ્ટોટલની દૃષ્ટિથી અમે તે ગળી ગયા ! અંધારૂં તો થયું જ હતુ. પાસેની વસ્તુ પણ અસ્પષ્ટ જણાતી હતી. પહેલાં તો પેલા મહે-માનો અમારામાંના એક લઠ્ઠ જેવા ચડ્ડી યુવકની આસપાસ વીંટળાઇ વળ્યા. આ તકનો લાભ લઇ અમારા હાથ જરા નજીક સરક્યા. અમારામાંના એક બે જણ જરા આઘે, ગુસ્સામા પથ્થર શોધતા હોય એમ ભોંય ઉપર ગોલંદાજોની માફક તપાસ કરવા મંડી ગયા. થોડીક ચૌદમા રતનની પ્રસાદી અમે પણ ચાખી અને પેલાઓને યે ચખાડી. અમારી પાસે પણ નેતરની સોટીઓ તો હતી જ. એવામાં પથરા શોધવાનું પડતું મુકી અમારા પેલા મિત્ર આવી પહોંચ્યા.


ગોટાળાભરી ભાષામા, વેદોચ્ચાર કરતા હોય તેમ, તેમણે ખેડુતોને ધારા પાડી, અમે પીચ લીધાં હોય તો અમારી જડતી લેવા સુચવ્યું, અને મુંબાઇની મરાઠી ભાષામાં તેમને જણાવ્યું કે તેઓની ભુલ થતી હતી. થોડા વખત ઉપર જ કેટલાક છોકરાઓને જામફળ ખાતા, પીચ ઉછાળતા દોડતા હાંફતા જતા અમે જ જોયા હતા ! તેમને જ જો શોધતા હોય તો અમારી સાથે છાવણીમાં આવવા કહ્યું, અને તેમના ચોરોને પકડવા બનતી મદદ આપવાની પણ ભલ-મનસાઇ દેખાડી !

એ ભાઇની તર્કશક્તિ અને સંવાદ કરવાની ઢબથી પેલા ગામડિયા પણ પલળ્યા. એમને લાગ્યું હશે કે ફળ અમે જ તોડચાં હોય તો અમે ખાતા કેમ નહિ હોઇએ, અને આમ ધીરેધીરે બેફીકર બની ચાલીએ પણ કેમ ? જડતી લેવા તેઓ કબુલ થયા. અમે હાથ ઉંચા કરી લુગડાં ખંખેર્યાં. ન તો એકે પીચ પડ્યું કે ન જામફળ નીકળ્યું. પેલાઓની ખાતરી થઇ કે પેલો ઢગલો સંતાડાય એવો તો હતો નહિ. અને હવે અમારૂં ખુન કરવામાં પણ તેમને ફાયદો ન હતો. સરકારનું અસ્તિત્વ હજી દેશમાં છે એવું તેમનો ગુસ્સો ઉતરતાં જ એમને ભાન આવ્યું, અને વાડી લુટનારને સ્વસ્તિ-વચન સંભળાવતા તેઓ પાછા ગયા. તે સાથે જ અમારી ઉડી ગએલી શુદ્ધિ પણ પાછી આવવી લાગી. પેલા મિત્રની સમયસુચકતા માટે અદેખાઇ કરતા, અને પ્રથમ મળેલી 'દ્રષ્ટાદ્રષ્ટે' પણ પેલો ખેડુત અમને પીછાની ન શક્યો તે માટે તેની 'રસિકતા'ને. આશિષ આપતા અમે મુંગામુંગા જ ચાલવા માંડ્યું.

છાવણીના તોડેલા હુકમ, વાડીમાં કરેલું નુકસાન અને અંતે રહેલા ખાલી હાથ—એ બધાંનો શોક અમારાં સુનાં હૈયાંને રાત્રીના સુનકારમાં ભરી દેતો હતો. છાવણીમાં પહોંચ્યા પછી અમારાં હૃદયમાં દબાએલી એ વાત કોઇએ જાણી નહિ; તેમ પેલા ભાઇએ પથરા શોધતાં સફાઇથી પાથરી દીધેલાં ફળોની જગ્યા કે ફળો કશું જ, બીજે દિવસે શોધ કરતાં હાથ લાગ્યું નહિ !

પછીના દિવસોમાં, અમે, રામે કરેલા સીતાના ત્યાગ જેવો એ કુવાનો ત્યાગ કર્યો. નહાવાનું દુઃખ વેઠી, ફળની મઝા ખોઇ, ભારે હૈયે 'આવ્યા'તા શું લઇને કે જઇએ કશું લઇને' એ સુવર્ણ વચન મનમાં ઘુંટી સંતોષ માન્યો.

'સૈનિક'



છુપા સંદેશા

[સ્કાઉટિંગ]


સ્કાઉટોને બહુ જ રસ પડે તેવી એક રમત તે છુપા સંદેશા રચવાની તથા મોકલવાની કળા છે. આવા સંદેશાની પદ્ધતિ ઘણા જુના કાળથી ચાલી આવતી હોય તેમ ભાસે છે. ઇજીપ્શિયનોની ચિત્રભાષા તે બીજું કાંઇ જ નહિ, પણ સંદેશા પહોંચાડવાની એક જાતની કળા જ છે. અમેરિકાના જુના વતની રેડ ઇન્ડિયનોની ભાષા પણ આવી એક ચિત્રભાષા જ છે.

ભાષાની ઉત્પત્તિ પહેલાં માણસો પોતાના વિચારો દર્શાવવા માટે અમુક જાતની નીશાનીઓ પ્રથમથી જ મુકરર કરી રાખતા, અને એવી નીશાનીઓ લાકડા પર કે જમીન ઉપર કોતરવામાં આવે ત્યારે બીજા એ સંકેત પ્રમાણે તેનો અર્થ કરી લેતા. હાલમાં પણ આવા સંકેતો અનેક રીતે નક્કી કરવામાં આવે છે, અને તેનો ઉપયોગ લડાઇ અથવા એવા સમયમાં દુશ્મનના દેશમાં છુપા સંદેશા પહોંચાડવામાં કરવામાં આવે છે. આમાંની કેટલીક રીતો સ્કાઉટો માટે બહુ જ ઉપયોગી તેમજ રસમય જણાવાથી અહીં આપી છે.

(૧) પોતાની લાકડી પર કાગળની એક લાંબી પટ્ટી બરાબર વીંટવી. પછી લાકડી આડી રાખી તે પટ્ટી પર સંદેશો લખવો. જ્યારે પટ્ટી લાકડી ઉપરથી ઉખેડી લેશો ત્યારે સંદેશાના એવા તો વિચિત્ર ટુકડા થઇ જશે કે કાંઇ સમજી શકાશે નહિ. તે પટ્ટીને પાછી તેવી જ લાકડી ઉપર વીંટવામાં આવે તો જ સંદેશો સંપ્રાઇને બરાબર વંચાય. બે સ્કાઉટો પાસે આવી એક માપની લાકડી હોય, અને એક સ્કાઉટ બીજા સ્કાઉટને આવી પટ્ટી મોકલે તો તેમના સિવાય બીજું કોઇ કાંઈ સમજી શકે નહિ.

(૨) ત્રિકોણ સંદેશો. નીચેના ચિત્રથી તે બરાબર સમજાશે.


આ પ્રમાણે સંદેશાના ચાર શબ્દોના ચાર કાટખુણા વાળા ત્રિકોણ બનાવવા અને તેમની 'અ–બ' બાજુ પર સંદેશાના ચારે શબ્દો લખવા. પછી આખો ત્રિકોણ ભરાય તે સારૂ પહેલી લીટીમાં એક અક્ષર, બીજીમાં બે, ત્રીજીમાં ત્રણ, એ પ્રમાણે લખવું. અક્ષરો લખવામાં આગલા અક્ષરોની પછીના જ અક્ષરો લખવા અને કાનો માત્ર અનુસ્વર વગેરે જે કાંઇ હોય તે પણ આગલા અક્ષર મુજબ જ રાખવાં. જેમકે, પહેલા ત્રિકોણમાં પહેલી લીટીમાં જ એક અક્ષર, બીજીમાં ગ અને ઘ એ બે અક્ષરો.



ત્રીજીમાં લ, વ અને શ તેમ ત્રણ અને ચોથી લીટીમાં માં, યાં, રાં અને લાં લખીને તે ત્રિકોણ પુરો કર્યો.

આ પ્રમાણે ગોઠવણ કર્યા પછી 'અ–ક' લીટીઓ પર આવેલા અક્ષરોનો સંદેશો બનાવવો. તે આ પ્રમાણે થશે: 'જંવશલાં, દુસરબભાં, ચાક્ષીગ, માતળોકે' જ્યારે આવો સંદેશો વાંચવો હોય ત્યારે ચાર ત્રિકોણ દોરવા અને તેની 'અ–ક' બાજુ પર ઉપરના અક્ષરો લખી નાખવા. પછી પાછા ફરી ત્રિકોણ ભરી દેવા અને 'અ–બ' બાજુ પર વાંચવું એટલે ખરો સંદેશો મળી જશે.

(૩) એક પુઠું લઇને તેમાં અમુક સ્થળે બાકોરાં પાડવાં અને તે પુઠું લખવાના કાગળ પર બરાબર મુકી તે બાકોરાં નીચે મોકલવાનો સાચો સંદેશો બરાબર લખી કાઢવો. પછી પુઠું ઉપાડી લઇ મુળ લખેલા સંદેશાના જુદાજુદા શબ્દો બરાબર જોડાઇ જાય તેવો એક બનાવટી પત્ર લખી નાખવો. જેવાં બાકોરાવાળું પુઠું આપણી પાસે હોય, તેવાં જ બાકોરાવાળું બીજું આપણા સાથી પાસે હોય. આપણો પત્ર તેને મળે કે તરત જ તે પત્રની ઉપર પોતાના પાસેનું પુઠું મુકે એટલે કાગળનો બીજો બધો ભાગ ઢંકાઈ જાય અને માત્ર સાચો સંદેશો બાકોરામાંથી વંચાય. યૂરોપની ગઈ લડાઈ દરમ્યાન જર્મની આવાં પુઠાંની પદ્ધતિથી ઈંગ્લંડના સમાચાર મેળવતું. દૈવજોગે કોઇ બીજાને હાથ આવો પત્ર ચડે તોપણુ તેને તો તે તદ્દન નિર્દોષ જ ભાસે. માત્ર બાકીનો પત્ર રચી કાઢવામાં બુદ્ધિ હોવી જોઇએ. આપણે એક સંદેશો જોઇએ:


પ્રિયભાઈ:
હું મુંબઈ ગઈ કાલે આવ્યો છું. તમે ૫૦
મને મોકલશો. હજુ સ્ટીમરો ની આવ જા શરૂ નથી
લડાઈ ને લીધે બજાર મંદછે માટે હું તૈયાર
આસ લઈશ નહિ. તમે છે વદ શું કરવું તે લખશો
લી. ...


આ જાતના પત્ર ઉપર બાકોરાં વાળું પુઠું મુકવામાં આવે કે તરત 'મુંબઇ ૫૦ સ્ટીમરો લડાઇ માટે તૈયાર છે' એવો સંદેશો વંચાય.

(૪) ઘણીવાર વળી એવી ગોઠવણુ કરી હોય છે કે આવેલા કાગળ પર ભૂમિતિનું અમુક નક્કી કરેલું ચિત્ર દોરવું. જે શબ્દો પર લીટીઓ એકબીજીને કાપે તે જ શબ્દો ખરા સંદેશાના સમજવા. જેમકે ' દિલ્લીમાં રમખાણ; હું કલકત્તે જાઉં છું. '


નીચેના ચિત્રમાં આ સંદેશાના શબ્દો પર જ લીટીઓ તથા વર્તુળ એકબીજાને કાપે છે. બાકીના ખાલી ભાગમાં બીજા શબ્દો ગોઠવી બનાવટી કાગળ લખી નાખવો. વર્તુળ અને ચોરસ કયા માપનાં દોરવાં તે તો આગળથી નક્કી કરી રાખેલું હોય, એટલે સામો માણુસ તેવી આકૃતિ દોરી કાઢી સંદેશો વાંચી લે. આ રીત વધુ સલામતી ભરેલી છે, કેમકે પુઠાં દુસ્મનોના હાથમાં પકડાઇ જવાનો સંભવ પણુ ખરો. જર્મનીએ આવી ભૂમિતિની અનેક રીતોનો પણુ ઉપયોગ કરેલો.



(૫) સ્કાઉટોને માટે નીચેની એક રીત બહુ જ



ઉપયોગી છે, કેમકે તેમાં કાગળ-પેન્સિલ સિવાય લીટા અને ટપકાં વતી અથવા સોટીઓ અને કાંકરા વતી જંગલમાં ગમે ત્યાં સંદેશા લખી શકાય છે.



આવા સંદેશા બહુ જ ટુંકા જોઇએ અને ખુણાનાં ટપકાં મુકતાં તેના સ્થળ વિષે ખાસ ધ્યાન આપવું જોઇએ.

સંદેશા છુપાવવાની બીજી કેટલીક પરચુરણ રીતો:

(૧) લીંબુના ચોખ્ખા રસથી કે ડુંગળીના રસથી સંદેશો લખવો. એથી કાગળ ઉપર કાંઇપણ નીશાની રહેશે નહિ, પણ જ્યારે કાગળને સહેજ ગરમી આપવામાં આવશે ત્યારે અક્ષરો ચોખ્ખા વંચાશે. આવા સંદેશા લખવામાં ટાંકનો ઉપયોગ ન કરતા બરૂની કલમનો ઉપયોગ કરવો. વળી આ સંદેશો તદ્દન કોરા કાગળ પર ન લખવો, પણ શાહીના લખેલા એકાદ પત્રની અંદર બબ્બે લીટીઓ વચ્ચે લખવો; જેથી કોઇને શક પડે નહિ. નહિતર કોરો કાગળ જોઇને કોઇ વહેમાઇને તેને ગરમ કરી જુએ તો સંદેશો પકડાઇ જાય.

(૨) મોરથુથુના પાણી વતી પણ લખી શકાય. તેના અક્ષરો ઍમોનિયાનો ધુમાડો આપવાથી વંચાય.

(૩) કોબાલ્ટ ક્લોરાઇડના પાણીથી લખી કાગળને ગરમી આપવાથી અક્ષરો ખીલી નીકળશે.

આ બધી યુક્તિઓ સંકટ સમયે તેમજ લડાઇને પ્રસંગે બહુ જ કામની છે.

(સૂચિત) **ગજાનન ભટ્ટ**

'કેમ દોસ્ત, તને શાને સારૂ સજા થએલી?'

'અરે યાર, શી વાત કરૂં? દુનિયામાં ન્યાય જ ક્યાં છે? રસ્તા ઉપરથી એક સડેલા દોરડાનો કટકો ઉચકી લેવા માટે ત્રણ મહીના મળેલા!'

'ફક્ત એક સડેલા દોરડા માટે! અને તે ય ત્રણ મહીનાની સખત સજા!'

'હા યાર, પણ બન્યું એમ કે એ દોરડાને બીજે છેડે એક ગાય બાંધેલી હતી!'

દાંતની સંભાળ

જેમ શરીરનું સૌથી સૂચક અવયવ માણસનું મોં છે તેમ મોંનું સૌથી ઉપયોગી અંગ દાંત છે. હાથીના દંતુશળ માફક આપણા દાંત માત્ર દેખાવ કે શોભાના નથી. દાંત પોતાની ગોઠવણ અને સીધા ભરાવથી ગાલને ઉપસેલા રાખે છે અને તેથી માણસ ખુબસુરત દેખાય છે. દાંત પડી ગએલા હોય, ગાલ બેસી ગયા હોય ને હોઠ લબડતા હોય, તે ઉપરથી આપણે માણસની અવસ્થા કલ્પી શકીએ. એવું માણસ અવશ્ય કદરૂપું લાગે છે. આ વાતમાંથી એક સત્ય નીકળે છે કે જેમ શરીરની સુંદરતાનો આધાર દાંત ઉપર છે તેમ એની ખીલતી જુવાનીનો આધાર પણ દાંત ઉપર છે. દાંતનો ઉપયોગ આ જુવાનીને જાળવવાનો છે. કેવી રીતે તે આપણે હમણાં જ જોઇશું.

ખોરાકને હોજરીમાં મોકલવા અગાઉ તેનો અન્નરસ કરવો પડે છે અને તેને સારૂ આપણા મોંમાં દાંત ને દાઢની એક ચક્કી ચાલે છે. તેમાં દળાઇ, પીસાઇ, મોંના અમૃત-થુક-સાથે ભળીને ખોરાક એકરસ થાય છે. આને અન્નરસ કહે છે. પુરો અન્નરસ થયા પહેલાંની સ્થિતિનો અધકચરો ખોરાક જઠરમાં જાય તો આપણી પાચનક્રિયા બગડે. તેમાંથી અજરો રોગ, અશક્તિ અને પછી અકાળ વૃદ્ધાવસ્થા ને મોત એક પછી એક આવવા માંડે છે.

અન્નરસ તૈયાર કરવા ઉપરાંત દાંતનો બીજો પણ ઉપયોગ છે. મોંનું એક કામ વાણીના ઉચ્ચારનું છે. એ ઉચ્ચારમાં ગળું, તાળવું, જીભ, હોઠ અને દાંત ભાગ લે છે. એટલે દાંત વાણીના ઉચ્ચારની છુટ અને સંયમનું એક સારૂં સાધન છે. ખાસ દાંતથી બોલાય એવા કેટલાક મુળાક્ષરોને દંતસ્થાની નામ દેવામાં આવ્યું છે. એટલે ગાવામાં ને બોલવામાં માણસના કોમળ કે ઘોઘરા કંઠનું, સ્પષ્ટ કે ગોટાળિયા ઉચ્ચારનું એક સાધન દાંત છે.


દાંતની સુંદરતા બતાવવા આપણા કવિઓએ તેમને 'દાડમની કળી'ની ઉપમા દીધી છે. ચળકતા, પાસાદાર, ગોઠવાએલા અને ચોકખા બત્રીસ દાંત એ કુદરતની ભેટ છે અને માણસનું પરમ ધન છે. મનુષ્ય સર્વાંગ સુંદર હોય, પણ દાંત પડેલ બોખું હોય તો! અથવા

એરી આયેલ કે કોહાતા દાંતવાળું હોય તો? તો તેને સુંદર કેમ કહીએ? ચોકખાઇ વગર સુંદરતા સંભવતી જ નથી. મગજ, ફેફસાં, જીભ, આંખ અને કાન સાથે દાંતનો ગાઢ સંબંધ છે. દાંતનો અંદરનો ભાગ મગજની અને આંખની શિરાઓ વડે સળંગ જોડાએલો છે. એ શિરાઓ દ્વારા તેમને પોષણ મળે છે તેમજ લાગણી ઉત્પન્ન થાય છે. બહુ ઉનું કે બહુ ઠંડું ખાવાપીવાથી દાંતનાં મુળ ઢીલાં પડે છે.

એટલે દાંતની સંભાળમા જેટલી બેદરકારી રાખવામાં આવે તેટલી પાચનક્રિયામા, શ્વાસોચ્છ્વાસમાં, સ્વાદમાં સાંભળવા તેમજ જોવામાં અશક્તિ આવતી જાય છે.

પ્રથમ તો બાળકને દુધીઆ દાંત આવે છે. દાંતની સંભાળ અહીંથી જ શરૂ થવી જોઇએ, કારણકે આ દાંતની નીચે ખરા કાયમી દાંતનાં મુળ રહેલાં હોય છે. બાળક ખાતુંપીતું થાય ત્યારથી તેને ચાવીને ખવડાવવાની અને બહુ ગરમ કે ઠંડું ન આપવાની જરૂર છે. જો એમ ન બને તો સાત વરસ પછી આવનાર ખરા દાંત કાં તો ઓછા ખીલેલા કે આડાટેડા આવે છે અને અગાઉના સડાનો તેઓ પણ ભોગ બને છે.


પણ તમે જોશો તો જણાશે કે એ જ દાંત તરફ લોકો અત્યંત ઉદાસીન છે. કન્યા હો કે કુમાર, એ બધી આરસાશાઇ ટાપટીપ કરીને સુંદર રહે છે, સઘળાં અંગો સ્વચ્છ રાખીને સુંદર રહે છે, પણ કોણ જાણે કેમ એક દાંત જ ભુલી જવાય છે. શાળાઓમાં શિક્ષકો વિદ્યાર્થીઓને ઉંચાં શિક્ષણ, મહાન વિચાર, ગગનચુંબી કલ્પનાઓ, વ્યવહારૂ બોધ અને સર્વોચ્ચ સંસ્કાર આપવા નથી ચુકતા પણ વિદ્યાર્થીઓના શરીરને અને ખાસ કરીને તેમના દાંતને જ ભુલે છે! પરંતુ તેઓ ભુલી જાય છે કે મોમાંથી અને મો વડે વિદ્યાર્થીઓની સઘળી આંતરિક વૃત્તિઓ દેખા દે છે. આનંદઘેરૂં સ્મિત, પ્રેમભર્યો ઉમળકો, નિરાશાની ઝાંખ, તિરસ્કારનો તબડકો, દ્વેષનું ડાચિયું કે કચવાટનું દાંતિયું, અથવા બીડેલા હોઠનો દૃઢ નિર્મળ માયાળુ પ્રભાવ એ સૌ વાના મોં ઉપરથી જણાઇ આવે છે. મોં ચોખ્ખું રાખવાની આ વાત નાનીસુની લાગે છે, પણ એ કેટલી ગંભીર અને જરૂરી છે તે ઉપરની વીગતથી સમજાશે. દાંતની યોગ્ય સંભાળ રાખી શકીએ તે



સારૂ પ્રથમ દાંતની રચના સમજવાની જરૂરત છે.

માણસના મોંમાં ઉપરતળે એમ બે જડબાં છે. તેમાં તળેનું જડબું એક જ હાડકાનું છે અને ઉપરનું બે હાડકાંનું બન્યું છે. દરેક જડબાના ચોકઠાની અંદર સોળસોળ દાંત ગોઠવાએલા હોય છે. તેમાંના આગલા ચારચાર દાંત બોલવા અને ગાવાના કામમાં વપરાય છે; એ ચોકડી પછીનો બંને બાજુનો એકએક દાંત નક્કર વસ્તુ કે ખોરાકને કાપવાના કામમાં આવે છે; અને ત્યાર પછીના બંને બાજુના પાંચપાંચ દાંત ખોરાક કે વસ્તુને દળવા, પીસવા ને હોજરીમાં પચાવવા યોગ્ય કરવાને ઉપયોગી છે. હેઠલા જડબાની આ ગોઠવણ ઉપલાને પણ લાગુ પડે છે; એટલે આખી બત્રીસીમાં આઠ દાંત બોલવામાં, ચાર કાપવામાં અને વીસ દાંત (દાઢો) ચક્કી તરીકે ચાલે છે.

માણસના દાંત મુખ્ય ચાર વસ્તુઓથી બનેલા છે. મુળ તો દાંતના મુખ્ય બે ભાગ: પેઢા બહારનો દાત અને પેઢાંની અંદરનો. પેઢાં બહારનો દાંત બે વસ્તુઓનો બનેલો છે. ઉપરથી તે 'એનેમલ' કરીને એક કઠણ પદાર્થ વડે ઢંકાએલો છે. એનેમલનો ચળકાટ ઘણી વાર ઘસાઇ જાય છે ત્યારે દાંતની નીચેનો ભાગ દેખી શકાય છે. એ દાંતનું બીજું પડ. આ પડનો પદાર્થ તે હાડકું નથી; પણ ' આઇવરી ' કહેવાય છે. દાંતનો આ ગર્ભભાગ—આઇવરી—ઠેઠ મુળ સુધી પહોંચેલો હોય છે; એનેમલ માત્ર પેઢાં સુધી જ હોય છે. પેઢાંની અંદરના દાંત ઉપર એનેમલને



બદલે 'સીમેન્ટ' નામનું પાતળું પડ લાગેલું હોય છે. દાંતના ઠેઠ અંદરના ભાગમાં પોલાણ છે, અને તેમાં દાંતનો ચોથો પદાર્થ પોચા ગર જેવો ભરેલો હોય છે. એ પદાર્થ સાથે મગજના તંતુઓ જોડાએલા હોય છે અને તેથી તેઓને પોષણ તથા લાગણી મળે છે. એ શિરાઓ ઠેઠ દાંતના મધ્ય ભાગ સુધી ગઇ હોય છે.

બધી સુધરેલી પ્રજાઓ દાંતના બગાડના રોગથી પીડાય છે. તેનું કારણ અતિ ગરમ ખાણાંપીણાં છે. પશુપ્રાણીઓ પણ કુદરતી રીતે અતિ ગરમ કશું ખાતાં નથી. કહેવાતા જંગલી લોકો પણ એ રીતે નથી વર્તતા. આફ્રીકાના હબસીઓના દાંત આજ સૌથી સારા ગણાય છે. તેઓમાં એક નવાઇ જેવી પણ જાણવાજોગ બીના એ છે કે તેઓ વહુની પસંદગી પણ ચોખ્ખા સુંદર દાંતથી કરે છે!

દાંતના સઘળા લાભ બહુ થોડી સંભાળ અને જરા વધુ દરકારથી લઇ શકાય. ખાધા પછી દર ટંકે સોળસોળ કોગળા કરવાનું કહ્યું છે તેનું કારણ એ કે અન્નની જરાકે એઠ મોંમાં રહે નહિ ને સડો પેસે નહિ. એટલું ખસુસ યાદ રાખવું કે દિવસે તેમજ રાત્રે પણ મોંમાં આંગળી નાખી કોગળા કરવાના છે. કારણ વાસી મોંમાં ખોરાકની એઠ સડે છે. કોગળા માટે પ્યાલા દીઠ પાવલીભાર મીઠું નાખેલું કોકરવું ગરમ પાણી ઉત્તમ છે.

દાંત વધુ બગડયા હોય તો નિયમિતપણે પીછી અને પાઉડર વડે તે ઘસવા. માત્ર બહારની બાજુએથી જ નહિ, પણ અંદરની બાજુએથી પણ સાફ કરવા. નીચી બંને હારો ઉપર બ્રશ ફેરવવું. દાંત ઉપર જે પીળો પદાર્થ ભેગો થાય છે તેને ખેરી કહે છે. આ ખેરી ઘણી વાર તો દાંતની બહારની તેમ અંદરની બંને બાજુએ લાગવા માંડે છે. વળી ક્યારેક તો તે દાંતની વચ્ચોવચ પણ લાગે છે અને આખા દાંતમાં પોલાણ પાડે છે! આવો તદન ખેરી ખાધેલ દાંત કોઇ કુશળ દંતશાસ્ત્રીની સલાહ લઇ કાઢી નંખાવવો. નહિ તો એ દાંતમાં અનાજ ભરાઇને સડે છે, તેથી અવાળુ ફુલ્યા જ કરે છે, લોહી નીકળ્યા કરે છે. અને પછીથી તો પેઢાંમાં પરૂ થાય છે. એ પરૂ ખોરાક સાથે પેટમાં જઇ પાચનશક્તિ તથા હોજરીને બગાડે છે અને એ જ પરૂ મગજની શિરાઓના લોહી સાથે ભળી મગજમાં પણ રોગનું ઘર કરે છે. અંગ્રેજીમાં આ દાંતમાં પરૂ થવાના રોગને 'પાયોરિયા' કહે છે. તેથી કબજીઆત ને આંખમાથાના દુખાવા શરૂ થાય છે અને પછી શરીર અનેક રોગનું ઘર થઈ રહે છે. આ બધાથી ચેતના રહેવું હોય તો નિયમિત સંભાળપૂર્વક દાંત ચોકખા કરવાની ચિંતા રાખવી જોઇએ.

દાંત ચોકખા રાખવાના બે હેતુ છેઃ એક તો તે લીસા ને ધોળા રહે અને બીજું પેઢાં મજબુત બને. દાંતને ચોકખા કરવાનું સાદું, સુયોગ્ય અને સરસ સાધન તો બાવળનું દાતણ છે. કોઇકોઇ લીમડાનું કે વડનું પણ દાતણ કરે છે. પરંતુ એકનું એક દાતણ દરરોજ કરવાનો રીવાજ વૈદક દષ્ટિએ સારો નથી.

બાવળનું દાતણ એક તો લીલું છે. ચીકણા રસવાળું છે, રેષાઓના કુણા કુચા કરવામાં અનુકુળ છે અને વળી સોંઘુ છે. એટલે પીછી પાઉડર કરતાં તે ઘણી રીતે ચડિયાતું છે. પરંતુ જો દાંત બહુ જ બગડ્યા હોય તો થોડો વખત પીછી પાઉડરનો ઉપયોગ અનિવાર્ય રહે છે. પણ તેમની પસંદગી કરવામાં સાવચેતીની જરૂર છે.

પીછી વચ્ચેથી ખાડાળી જોઇએ, તેમ જ તે બહુ સખત કે બહુ પોચી પણ ન જોઇએ. બહુ સખત પીછી દાંતનો એનેમલ, ચળકાટ વગેરે કાઢી નાખે છે અને પોચી પીછીથી કશું જ વળતું નથી. હાલ તો 'પ્રોફિલેકિટક બ્રશ' આદર્શ પીછી કહી શકાય.

'પેસ્ટ' ફીણવાળું ને સ્વાદિષ્ટ હોય તેના કરતાં તેમાં વપરાએલાં દ્રવ્યો નુકસાન ન કરે તેવાં અને જંતુનાશક હોવાં જોઇએ. વળી પીછીને સાફ રાખવા

ખુબ કાળજી રાખવી. દાંત ઘસનાં પહેલાં ગરમ પાણીમાં રાખીને ચોખ્ખી કરવા અને ઘસ્યા પછી ફરી ધોઈ રજ ન ચડે તેવી સાફ જગાએ મુકવા ચુકવું નહિ.

પીછી અને દંતમંજનની રોજીંદી ટેવ પાડવાની કશી અગત્ય નથી. સાંજસવાર નિયમસર દાતણુ અને મીઢાના કોગળા થતા હોય તો દાંત બગડશે નહિ.

પણ બે મિનિટ ચાવીને ફેંકી દેવું તેનું નામ દાતણુ કર્યું ન કહેવાય. દાતણુનો કુણો કુચો કરવો, તેને ઉભું, આડું, અંદર, બહાર ઘસવું અને એ ક્રિયામાં ધ્યાનથી વીસપચ્ચીસ મિનિટ નીરાંતે ગાળવી. ત્યારે જ દાતણુ કર્યું કહેવાય.

બજારનાં પરદેશી મોંઘાંદાટ પેઇસ્ટ કે પાઉડર કરતાં ઘેર બનાવેલું સાદું ને સોંઘુ દંતમંજન વધુ ફાયદાકારક નીવડશે. દંતમંજનની બનાવટ સહેલી છે. અઢી રૂપિયા ભાર ધોળા ચાળેલા ચાકની ભુકી લ્યો અને અંદર ત્રણુ ટીપાં તજનો અર્ક કે ગુલાબનું તેલ મેળવો એટલે થયું. દાંત સાથે પેઢાં પણ ધીમેથી થોડાંક ઘસવાં; કારણુ તેથી એમને ચંપીની કસરત મળે છે ને તેઓ મજબુત બને છે.

આ બધું કરતાં છતાં પણ દાંત સંબંધી કશું ફરિયાદનું કારણુ જણાય ત્યારેત્યારે કોઇ કુશળ ડૉક્ટર કે દંતશાસ્ત્રીની સવેળ સલાહ લેવી.

યાદ રાખજો કે ચોખ્ખા ચળકતા દાંતની અખંડ બત્રીશી હોવી એ યૌવન, સૌન્દર્ય, આરોગ્ય અને લાંબા આયુષ્યનું સ્પષ્ટ સુખકર ચિહ્ન છે.

અધિકાર

ઉંચે ચડીને અતિ મોદ ન્હાલું,
લીલા વિભુની અહીંથી નિહાળું;
ઇચ્છયું હતું આસન પૂર્વકાળે,
આજે મળ્યું તે અધિકાર પાયે.
જે જે જનો ઉચ્ચ થવા મથે છે,
તેને પ્રભુ સાહ્ય સદા દીએ છે.

•

પ્રાર્થો તથા ઉદ્યમ આદરો જો
નિશ્ચે વિજેતા જગના બનો છો.
કષ્ટો બહુ યે નવનિત્ય આવે,
તેથી ડર્યે કાંઈ ન પૂર્ણ થાયે;
ધારી ધૃતિ હોંશ હૃદે ભરીને
મચ્યા રહો તો મનીષા સધાશે.
ઉંચે જવાનું અતિ સ્હેલ થાશે. (મળેલું)

ઉમરેઠના પાંચમા

મારા જેવાં માણસો આવાં સંમેલનોમાં આવે એમાં વિદ્યાર્થીઓનું સદ્દભાગ્ય હોય તેના કરતાં મારું (પ્રમુખનું) સદ્દભાગ્ય વધારે લાગે છે. કારણુકે વિદ્યાર્થીઓનો પરિચય જુવાન રાખે છે. શિક્ષક ઘરડો હોય તોપણુ જો તેને પોતાની જુવાની સાચવી રાખવી હોય તો તેણે જુવાનોની સેવા કરવી જોઇએ. બીજાના દાખલામાં આ સાચું હોય કે નહિ, પણુ મારા મિત્ર કાકા કાલેલકર ને મારા દાખલામાં તો એ સાચું છે. તમારો પરિચય મને જુવાની આપે છે.

જુવાનોને જોઉં છું ત્યારે મને લાગે છે કે જીવન એ લ્હાવો છે. સાથે દિલગીરી થાય છે કે તેઓમાં મારા કરતાં ઓછું જીવન છે! જે જીવનના ઝરા પાસેથી જીવન મળવું જોઇએ તે સૂકાએલા જોઉં છું ત્યારે નિરાશ થાઉં છું. અત્યારના યુવકોમાં તેજ નથી, તાકાત નથી. મને પણુ હંફાવી શકે એટલી શક્તિ નથી. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ વિષે જો કોઇ મોટામાં મોટો પ્રશ્ન હોય તો તે તેમના શરીર વિષેનો છે.

એમ થાય છે કે શંકરે વીરભદ્ર ઉભો કર્યો હતો તેવો કોઈ થાય અને બધી શાળાઓ તોડી પાડે અને કહે કે 'બંધ કરો!' અત્યારની શાળાઓ એટલે શરીર કચરવાનું ખાતું હોય તેમ લાગે છે. વિદ્યાર્થી સવાર સાંજ અભ્યાસના જ વિચાર કરતો રહે છે. શરીર કેળવણીમાં તેનો સંપૂર્ણુ હક્ક હોવો જોઇએ અને શાળાઓમાં તેને પ્રધાનપદ હોવું જોઇયે. શરીરને કચરીએ છીએ એ એક મોટો ગુનોહ છે. રાષ્ટ્રીયશાળા હોય કે સરકારી શાળા હોય પણુ જો તે શરીર કચરી નાખતી હોય તો તે બંને શાળાઓ ગુનાહ કરે છે. કોલેજના વિદ્યાર્થીઓ જોઇને લાગે છે કે આપણે શરીરનો વારસો ગુમાવ્યો છે. શરીર નહિ હોય તો ભાવનામય વાતાવરણુ નકામું છે.

ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે મારૂં ચાલતું હોય તો હું દરેક શાળામાં કસરતના અઢી કલાક રાખું. શાળામાં કુવો રાખું, સાબુ રાખું, હીંચકો રાખું-કે જ્યાં વિદ્યાર્થી હીંચે કુદે અને શિક્ષક તેમને નવડાવે. હું અઢી કલાક કસરતમાં મુકું અને અઢી કલાક શબ્દજ્ઞાન માટે રાખું, કારણુકે એમને આધુનિક જગત સાથે રહેવાનું છે.

જેઓ ૩ થી ૬ વર્ષનાં બાળકોના સહવાસમાં આવ્યા છે તેઓ તો જાણે છે કે નાનાં બાળકોમાંના પણુ કેટલાંક કુદરતદોષની બદીમાં સપડાએલા છે. મોટાઓનાં શરીર માટે અભ્યાસ અને સામાજિક રીતરિવાજો જવાબદાર છે. નાનાં બાળકોમાં એ બદી હોય તે સમાજની અધોગતી બતાવે છે, સોમાભાઇને આ પ્રશ્ન ઘણો ગુંચવી રહ્યો છે. આ પ્રશ્નના ઉકેલ માટે ગિજુભાઇને પત્રિકા કાઢવી પડી અને મારે 'દક્ષિણામૂર્તિ' માં એક મોટો લેખ લખવો પડયો. જેઓ

વિદ્યાર્થીસંમેલનના પ્રમુખપદેથી

આંકડાશાસ્ત્રી છે તેમણે દાખલા લઇ સાબીત કર્યું છે કે નાના તેમ જ મોટા વિદ્યાર્થીઓમાં સેંકડે ૯૯ ટકા આ બદીમાં સપડાએલા છે. અને ૧૦૦ મો ભાગ કબુલ કરતો નથી.

ઘણાંને આ પ્રશ્નના ઉકેલની ખબર નથી અને છોકરાઓ બીચારા કોની પાસે જઇને કહે? જો શિક્ષકને કહે તો તે ખરાબ ગણાય. માબાપને કહે તો તે કુલાંગાર કહેવાય અને મિત્રને કહે તો બગડેલો કહેવાય. આવી ખોટી શરમને લીધે કોઈ આ દુર્વ્યય અટકાવતું નથી. શિક્ષકો તથા માબાપો આ બાબતમાં કાંઇ કરતા નથી, પણ ઉલટા ભડકે છે. અને સમાજનું તો તે તરફ લક્ષ જ નથી. જે અહીં માબાપો હોય તેમને હું કહું છું કે આ ઘરમાં મેળવાતું જ્ઞાન છે. શિક્ષકો તેને બહારનો વિષય ગણે છે. ભીંતો ઉપર અને રેલ્વેના ડબ્બામાં આપણે જે વાંચીએ છીએ તે આપણી અધોગતિ બતાવે છે અને સાબીત કરે છે કે દરેકમાં એ વૃત્તિ દબાઇ રહેલી છે. મને લાગે છે કે આનો નિકાલ લાવ્યા સિવાય આપણે ઉંચે ન ચડી શકીએ. આ બદી કાંઈ એકલા હિંદુસ્તાનમાં નથી, પણ આખી દુનિયામાં છે; પરન્તુ દુબળાં ઢોરને બગાઇ વધારે બેસે, એ કહેવત પ્રમાણે આપણને આ બદી વધારે નુકસાન કરી રહી છે.

લૉઇડ જ્યૉર્જ, કૈસરો, પોપો અને શંકરાચાર્યો થાક્યા છે. તેમની પાસે ઉન્નતિની ચાવી નથી. એ તો પ્રાથમિક શાળાના શિક્ષકો પાસે જ છે. અને ઉન્નતિ કેળવણી સિવાય નથી થતી એ મારી માન્યતા છે. વિદ્યાર્થીજીવન પાટલી પર પુરૂં થતું નથી. કેળવણીનું ધ્યેય માણસને પોતાની મેળે સ્વતંત્ર વિચાર કરતાં શીખવે તે જ હોય. થોડીક તાલીમ અને થોડીક ચોપડીઓનું જ્ઞાન એ કેળવણી નથી. કેટલીક શાળાઓ બાળકોમાં રહેલી આગ ઓલવે ને કેટલીક સળગાવે. સળગાવે તે જ ખરી રાષ્ટ્રીયશાળા કહેવાય.

બધી વિદ્યાર્થી આલમને સ્વતંત્ર વિચાર કરતાં શીખવો. આવતી કાલની કેળવણીમાં તમારે એ કરવાનું છે. કદાચ આજે કોઈ હાઇસ્કુલમાં તમારૂં ન ચાલે પણ આવતી કાલની કેળવણીમાં વિદ્યાર્થીમંડળ પોતાનો હાથ ન રાખે તો તેની કાંઇ કીમત નથી.

અહીં હું જોઉં છું કે કેટલાક ભાઇઓ કાલે ગુજરાન કેમ ચાલશે તેનો વિચાર કરે છે. કેટલાકને તો સોનાના ચાંદ મળ્યા છે, છતાં તેમના ગુજરાનનો—નોકરીનો પ્રશ્ન તેમને મુંઝવે છે. હું પણ નોકરીનો વિચાર કરતો. જોકે આજ તો મને નોકરી છે. પણ જો દક્ષિણામૂર્તિને કાલે પૈસા ન મળે તો મારે શું કરવું? ત્યારે?

પહેલાં આ પ્રશ્ન નાનો હતો. આજ તો તે મોટો થઈ પડ્યો છે. ઘણા મને કહે છે કે કોઈ નાના ઉદ્યોગો શીખવીએ તો વિદ્યાર્થીઓને કમાવાનું મટી જાય. પણ મને વિચાર થાય છે કે ઘડિયાળ વાપરનાર કેટલા? ડ્રાઇવરનું શીખવું પણ મોટર વાપરનારા કેટલા? વિચાર કરતાં મને લાગે છે કે જે ધંધો આપણે ત્યાં સાર્વત્રિક ન હોય તે આર્થિક દુઃખ શું ટાળે? ઉદ્યોગની કેળવણીથી કદાચ પાંચ દસને ઠેકાણે પાડું. આ સંબંધમાં મારે બાપુની (ગાંધીજીની) સાથે એક દિવસ તકરાર થઇ. તેમણે મને કહ્યું, 'મને બીજો મારા સિવાયનો ધંધો શોધી આપો તો હું તરત જ સ્વીકારૂં ને તેનો પ્રચાર કરૂં.' પણ વિચાર કરતાં હજુ મને બીજો જડ્યો નથી. ૩૩ કરોડ માટે તો રેંટિયા સિવાય બીજો ધંધો નથી જ. કોઇ બુદ્ધિશાળી પોતાની બેકારી નોકરી મેળવી ટાળી શકશે, પણ આખા દેશની બેકારીનું શું? આનો પણ તમારે વિચાર કરવો પડશે. આ બેકારીમાં તમે ફાળો આપો. તમારી પાસે કાંતવાનું, પીંજવાનું કે વણવાનું નથી માગતો, પણ તમે ખાદી પહેરો. તમે સહકારી યા અ-સહકારી ગમે તે વિચારના હો પણ ખાદી તો તમે પહેરો જ. બેકારીના ઉકેલ માટે આ સિવાય બીજો ઉપાય જ નથી.

હવે બીજી વાત. આજે ગામડાના જીવન વિષે આપણા ખોટા ખ્યાલો બંધાયા છે. તેમાં વસનારા પછાત છે અને શહેરમાંથી જ ગામડાંને કંઈ મળે છે એમ આપણે માનીએ છીએ. પણ આ માન્યતા ભુલ ભરેલી છે. ગામડામાં જ કંઇ યે જળવાયું છે એમ હું માનું છું. આજે તો ઘણી સારી ગામડી વસ્તુઓ ઉપર આપણને જાણેઅજાણ્યે તિરસ્કાર થાય છે.

ગામડે ગામડે ચબુતરા છે, મને ખબર નથી કે કેટલા માણસો ચબુતરામાં રસ લેતા હશે. જો કોઈ પરદેશી જઈ કીમત અંકાવી આવે તો આપણે માનીએ. જ્યારે મૉન્ટેસોરીએ કહ્યું કે પક્ષીઓને નીશાળમાં રાખવાં ત્યારે આપણે માન્યું. પક્ષીઓને પાંજરામાં તો પુરાય નહિ, અને એમ ને એમ તો ક્યાંથી આવે? અને તેમની ઓળખાણ તો સાથવી જ જોઇએ. એટલે હવે આપણને ચબુતરાની કીમત સમજાય છે. આજની કેળવણીથી નવું ગામડાનું જીવન જળવાય એ આપણો ઉદ્દેશ હોવો જોઇએ.

જ્યારે હું કૉલેજમાં પ્રોફેસર અને શિક્ષક હતો ત્યારે 'ચુંટાપિયા' અને કવિતા વાંચતો, પણ કવિતાનો પરિચય તે સમયે ન હતો. હાલ જાણું છું કે અભણ લોકોના જીવનમાં એક ખરી કવિતા છે. એમનાં જીવનમાં કંઈ અજબ રહેલું છે. આજે હું ખવાસણોના રાસડા સાંભળવા જાઉં છું. તમારા મંડળને મારી વિનંતિ છે કે તમે ગ્રામ્યજીવનના અનેક અંગોનો અભ્યાસ કરો, વિચાર કરો અને કાર્યપ્રદેશમાં આ વસ્તુઓ લો.

નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ

(ઉમરેઠ વિદ્યાર્થીસંમેલનના પ્રમુખપદેથી આપેલા ભાષણમાંથી)

મારી પોતાની વાત

પ્રાંતીજમા સાબુગોળા સરસ થતા. હજી યે ત્યાંના એ બહુ વખણાય છે. આજ પણ હું એને સોંઘા, સારા અને બારસોપ તથા નહાવાના તરેહવાર વિલાયતી સાબુ કરતાં ચડિયાતા ગણું છું. 'કુમાર'ના વાચકવર્ગમાંથી કોઇને ગુલામી એટલે નોકરી કરવી ન ગમે તો એણે પ્રાંતીજના સાબુની દેશપરદેશમાં દુકાનો કાઢવી એવી મારી સલાહ છે.

મારી અને મારા નાના ભાઇ પ્રાણલાલની જોડી હતી. હું કાળો અને એ ગોરો, એટલે મારી બા અમને 'રામ લક્ષ્મણની જોડ' કહેતી. માનો જીવ છે ને? દરેક માતાને મન પોતાના છોકરા રામ લક્ષ્મણ જેવા લાગે છે. એમાં માના પ્રેમની અગાધતા જોવાની છે; બાકી અમે તો બધાં છોકરાં હોય છે એવા જ હતા. લડતા, વઢતા, મારામારી કરતા, અને ખુદ બાને પજવવામાં પણ બાકી નથી રાખી.

પ્રાંતીજમાં પહેલવહેલા ગયા ત્યારે અમે માથે વાળ ને ગુચ્છા રાખેલા. ત્યાંનાં છોકરાં માથાં બોડાવે અથવા ઘેરી ને ચોટલી રાખે, એટલે તરતમાં અમને જોઇને બધાં કહે કે આ તો કોઇ નાટક કંપનીના છોકરાં છે! પણ પછી તો ધીમેધીમે અમે ત્યાંનાં છોકરાંમાં હળી ગયા, રાસમંડળ, ખોખ વગેરે રમતોમાં આગેવાન થઇ પડ્યા અને નવરાત્રના દિવસોમાં રાત્રે ગરબા જોવા ટોળીઓ વળીવળીને અરધીઅરધી રાત સુધી ભટકવા લાગ્યા. મહોલ્લે મહોલ્લે સ્ત્રીઓ ગરબા ગાય અને એક ઠેકાણે તો પુરુષો પણ માંડવી રચીને કાછડા મારીને ગરબી ખેલે. આ જોવામાં અમને અપૂર્વ આનંદ આવતો. આમ નગરજનોના આનંદથી આખું ગામ નવરાત્રની અજવાળી રાતોમાં જાણે ઉછળી રહેતું. સ્ત્રીઓ ત્યાંની વડનગરી ભાષામાં ઉત્તરા અભિમન્યુનો સંવાદ ગાતી

'હું તો તારા ને તારા હાથી આયો કી બાળા રાજા રે,
તીને જુધમાં પૉંણી પાયો કી બાળા રાજા રે.'

એટલે 'હે બાળા રાજા! હું તારી સાથે જ આવીશ અને તને યુદ્ધમા પાણી પાઇશ.' પણ આવીશ ને બદલે સ્ત્રીઓ 'આયો' બોલે ને પાણી પાઇશને બદલે 'પૉંણી પાયો' એમ કહે! ગુજરાતના મુળ વતની ગુર્જર વાણિયામાં પણ આવું બોલાતું સાંભળી અમને બહુ રમુજ પડતી. આમ ધોળકા, વીરમગામ અને પ્રાંતીજમાં અમે ગુજરાતી ભાષાના જે ફેરફાર જોયા તે ઉપરથી 'બાર ગાઉએ બોલી બદલાય' એ વાત ચોકખી સમજાઇ અને ઘણા રૂઢ શબ્દો તથા પ્રયોગો અમને શીખવા મળ્યા.

વીરમગામમાં એક હીરો કરીને અડપલો છોકરો હતો. એ હતો તો બાયલો, પણ તાલેવન માબાપને જોરે પાડોશીનાં છોકરાંને મારી આવતો. એક દિવસ વાત વધી પડી. એક ગરીબ પણ જબરી મા, પોતના છોકરાને હીરાભાઈ મારી ગયા હોવાથી ધોકણું લઇને ઉઠી; તે હીરાભાઇને ધબેડી જ નાખત, પણ એ પોકેપોક મુકીને રોઈ પડ્યો એટલે જતો કર્યો. પછી હીરાની માને ઉદ્દેશીને એ કહેતી હતી કે 'ઈમના હીરાભાઈ તો લાડે કોડે જનયાસી.' એટલે એમના હીરાભાઇ તો લાડે ને કોડે જનમ્યા છે. આમ કાઠિયાવાડી, વડનગરી વગેરે બોલીઓ હજી કોઇ વ્યાકરણકાર છુટી પાડીને લખતા નથી; છતાં લખાત તોપણ જે રસથી અમે ગુજરાતી ભાષા શીખ્યા એવી રીતે તો કોઇ માસ્તર પણ અમને ભાગ્યે જ શીખવી શકત.

નવરાત્રમાં રાત્રે ફરતાંફરતાં અમારે લડાઇઓ થવા લાગી અને ટોળીઓ ટોળીઓ વચ્ચે યુદ્ધ જામ્યાં. અમારી બે ભાઇઓની જે ટોળીને મદદ હોય તે ટોળી નિર્ભય રહેતી એવી અમારી 'શેહ' પડી ગએલી! પણ એમ કરતાંકરતાં ઇર્ષ્યા અને વેર વધવાં લાગ્યાં, અને અમને પણ શારીરિક દહેશત રહેવા માંડી! સામે ઘેર સુતાર બેઠા હતા એમની પાસે અમે બે જાડા ડંડા કરાવ્યા, અને એકબે દિવસમાં એ ડંડા ને લાલ રંગ્યા ને લીલા છેડા કર્યા. આ ડંડા હાથમાં લઇને જઇએ એટલે બસ, 'જય બજરંગ!' ત્યાર

પછી બીજી ટોળીઓમાંથી અમને કોઇએ કદિ સતાવ્યા નથી, કે નથી કોઇ મારવા આવ્યું. બહુ વર્ષે પછી જર્મનીના યુદ્ધ વખતે સાંભળ્યું કે સુલેહશાન્તિ રાખવાની ઉત્તમ જામીનગીરી એ છે કે આપણે બરોબર શસ્ત્ર સજ્જિત રહેવું. એ વાતનો અનુભવ અમને દસ–અગિયાર વર્ષની ઉમરમાં થઈ ગએલો !

અગાઉ હું કહી ગયો તે મુજબ મારી બાનું વલણ વૈષ્ણવ ધર્મ ઉપર વિશેષ હતું, એટલે મંદિરોમાં સમાસમાનાં દર્શન થાય, એનાં એ બહુ વખાણ કરતી. પોતે તુળસીની કંઠી પહેરતી, ઘેર નટવરલાલ શ્યામલાલ-ની પુજા રાખતી અને મારી મોટી બહેનનો કાન તો સુદ્ધાં એણે સ્વ. દેવકીનંદન મહારાજ પાસે વીરમગામમાં ફુંકાવ્યો હતો;—એટલે કે એમની પાસે 'શ્રી કૃષ્ણ શરણં અહમ્' એટલો મંત્ર અપાવી વૈષ્ણવ ધર્મમાં એનો પ્રવેશ કરાવ્યો હતો. પરંતુ જેવી એ મંત્ર લેવડાવવાની વાત મારા પર આવી કે તરત મારા બાપાએ ચોખ્ખી ના પાડી અને કહી દીધું કે ગોસ્વામીઓને મારે છોકરાઓના ગુરુ નથી કરવા. એમનાં જ્ઞાન કે નીતિ વિષે મારા બાપાનો અભિપ્રાય સારો નહોતો, અને મારી બાનો પણ એ બાબતમાં ઝાઝો વિરોધ નહિ હોવાથી હું નામનો પણ કોઈ સંપ્રદાયમાં બંધાતો બચી ગયો છું; અને ત્યાર પછી મારાથી નાનાં તમામ ભાંડુઓ–એટલે ત્રણ ભાઇઓ અને એક બહેન–ના પણ કોઇ ગુરુ નથી જ કર્યા. તેમ છતાં મારી બાને પ્રેમલક્ષણા ભક્તિ ગમતી બહુ. એ કહેતી કે ત્યાગ અને વૈરાગ્યના માર્ગ ખોટા છે. સંસારને પ્રભુના પ્રસાદ રૂપે ભોગવવાથી આપણું શ્રેય થાય છે અને 'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ.' એ જ ગીતાનો સાર છે.

પ્રાંતીજમાં અમારાં પડોશી પણ વૈષ્ણવો જ હતા. એટલે અમે બંને ભાઇઓ એમની સાથેસાથે રોજ વૈષ્ણવ મંદિરોમાં નિયમિત દર્શન કરવા જતા. બાએ મનનું સમાધાન કરાવેલું કે 'ગોસાઇજી મહારાજ ને વહુજી ને બેટીજી ને લાલજી મહારાજ બધું જવા દોને; તમે તમારે ઠાકોરજીનાં જ દર્શન કરજો.'

તે વખતે અમને દર્શનમાં રસ પડતો. આઠે દહાડે ધૂપદીપ, ફુલ અને સંગીત સાથે જે ચિત્તાકર્ષક દર્શન થતાં તેથી અમને આનંદ થતો હતો. પરંતુ જળજાત્રા, હીંડોળા, પારણાં અને રથજાત્રાનાં દર્શનની તો અમારા મન પર બહુ જ સારી અસરો થએલી છે. ઘેર પણ અમે બંને ભાઇઓ ઠાકોરજીની સેવાપૂજા, ધૂપદીપ નૈવેદ્ય, આરતી વગેરે ઘણી વાર હોંશથી કરતા. ગોકુળ-આઠમ, શિવરાત્રી તથા નવરાત્રીના દિવસોએ અમારાં ઘરમાં બધાં ફળાહાર કરતાં અને ગોકુળ આઠમથી અમુક દિવસો સુધી ઠાકોરજીને પારણામાં ઝુલાવતા તથા રમકડાંથી રમાડતા પણ ખરા ! મંદિરોમાં દર્શનને વાર હોય ત્યારે કાંશીજોડા લઇને કીર્તન કરવા પણ બેસી જતા, અને સૈ. વાણિયાઓ સાથે, 'ગોકુળના ગિરધારી હો લાલ, ગોકુળ વે'લા પધારજો રે' વગેરે ભજનો પણ ગાતા.

પ્રાંતીજમાં સ્વામીનારાયણનું પણ મંદિર હતું. એ ગોસાંઇજીના મંદિર કરતાં સ્વચ્છ બહુ રહેતું, એટલે પ્રસંગોપાત અમે બંને ભાઇઓ ત્યાં પણ દર્શન કરવા જતા. સ્વામીનારાયણના મંદિરમાંની સ્ત્રીપુરુષોને દર્શન કરવાની જુદીજુદી ગોઠવણનાં મારી બા બહુ વખાણ કરતી, અને નરનારાયણની મૂર્તિઓનાં રહસ્ય સમજાવીને એ કહેતી કે નર એટલે માણસ અને નારાયણ એટલે ભગવાન. જેમ અર્જુનના શ્રીકૃષ્ણ સખા એટલે ભાઇબંધ થયા હતા, તેમ આપણા પણ એ ભાઇબંધ થાય; પણ આપણે એમની ભક્તિ કરવી જોઇએ અને પવિત્ર રહેવું જોઇએ.

પ્રાંતીજમાં હું ગુજરાતી છઠ્ઠી ચોપડી ભણતો. જોડે સાતમીનો વર્ગ હતો. સાતમી ચોપડીના માસ્તર–મોટા મહેતાજી બ્રાહ્મણ હતા; પણ એ ઘાંટા પાડી પાડીને વિદ્યાર્થીઓને ભુંડાળી ગાળો બહુ દેતા. અમારા માસ્તર સનાભાઈ ગગલભાઈ નામના પાટીદાર હતા, પણ એ કોઇ દિવસ ખોટો શબ્દ બોલ્યા નથી. નિયમિત કામ કરનારા, વિદ્યાર્થીઓને બરાબર ભણાવનારા, કસરત તરફ ધ્યાન આપનારા અને શિક્ષણશાસ્ત્રમાં કુશળ હતા.

હંટરના ઇતિહાસનું ગુજરાતી ભાષાંતર અમને સનાભાઇ શીખવતા. તેમાં પહેલી જ વાર પ્રાચીન ઇતિહાસનો ગૌરવ ઉત્પન્ન કરાવે એવો ભાગ મેં જાણ્યો; બાકી પાચમી સુધી તો 'અલપ્તગીન, સબક્તગીન, સુલતાન મહમદ મસાઉદ અને મોદુદ'

[અનુસંધાન પાછળના પાનાના પહેલા કૉલમને છેડે]

ગુજરાતને આંગણે: નૂતન કળા: અમેરિકન

નૂતન કળા

છેલ્લાં દસ વર્ષમાં આપણે જ્ઞાન અને કળાના યુગનો પ્રારંભ થએલો સ્પષ્ટ જોઇ શકીએ છીએ. જગત આખું ભારતનાં શિલ્પકળા અને તત્ત્વજ્ઞાન માટે ચીવટ બતાવતું થયું છે અને ગાંધીજી, શ્રી રવીન્દ્રનાથ ઠાકુર તથા શ્રી જગદીશ ચંદ્ર બસુને જગતના સર્વ દેશોએ ભારતની સંસ્કૃતિના સાચા પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યા છે. એટલી જ પ્રસિદ્ધિ અને પ્રમાણભૂત યોગ્યતા મેળવનાર શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર ભારતીય શિલ્પ અને કળાના આ યુગના આદ્ય સમુદ્ધારક તરીકે દીપી રહ્યા છે. ભારતીય સંસ્કૃતિની સાચી પીઠિકા કળાના અચલ સિદ્ધાન્તો પર છે એ વાતની શ્રદ્ધા અનેક લેખો અને કળાકૃતિઓ દ્વારા એમણે પ્રગટ કરી છે તથા પ્રાણવાન અને ઉચ્ચ સંસ્કારવાળા યુવાન કળાકારોએ તેમના નેતૃપદ નીચે ભારતીય કળાનો સુવર્ણધ્વજ આજ ચોમેર ઉડતો કર્યો છે.

એવો એક સમર્થ ધ્વજધારી, પ્રતિભાસંપન્ન કળાકાર ગુજરાતને આંગણે ઉતર્યો છે. એ શ્રી પ્રમોદકુમાર ચેટરજી. એમને વડોદરા રાજ્યે હમણાં જ ચિત્રકળાના મુખ્ય અધ્યાપક તરીકે વડોદરા કળાભવનમાં નીમેલા છે. આ પહેલાં એમણે ત્રણ ચાર વર્ષ સુધી રાજમહેન્દ્રીની આંધ્રજાતીય કળાશાળાના આચાર્ય તરીકે કામ કરી ઘણા ઉત્તમ પ્રતિના વિદ્યાર્થીઓ તૈયાર કરી તે શાળાની કીર્તિ વધારી છે.

કળાકાર તરીકે તેમનું વ્યક્તિત્વ બંગાળના બીજા ચિત્રકારોથી તદ્દન નિરાળું છે. સૌંદર્ય અને સુરૂચિને ઉત્તમ રીતે પ્રગટ કરતાં તેમનાં ચિત્રો માત્ર નયનરંજક નથી, પણ તે ગૂઢમાં ગૂઢ ભાવો સચોટપણે વ્યક્ત કરે છે, અને ભારતીય તત્ત્વજ્ઞાનનો સાક્ષાત પરિચય કરાવતી રેખા અને રંગની અદ્ભુત યોજના-



શ્રી પ્રમોદકુમાર ચેટરજીની સ્કેચબુકમાંથી

એવી જ વંશાવળીઓ શીખ્યા હતા. ગૌતમ બુદ્ધની વાત પહેલવહેલી છઠ્ઠીના વર્ગમાં જાણી. રામાયણ, મહાભારત, ભાગવત વગેરેની ઘણી યે કથાઓ ઘેર સાંભળી હતી, પણ બુદ્ધાવતાર એટલે ગૌતમ બુદ્ધ એ તો સનાભાઇ માસ્તરે જ અમને સમજાવ્યું. મેં એ વાત ઘેર પણ વાંચી સંભળાવી અને એ ઉપર થોડી ચર્ચા પણ અમે કરી. પરંતુ બાને વૈરાગ્ય કે ત્યાગની વાતથી બહુ દુઃખ થતું હતું. એ તો અમને હમેશાં સંસાર ઉપર પ્રેમ રાખવા કહેતી અને માયા પ્રભુની કરેલી છે એમ જ પ્રતિપાદન કર્યા કરતી. ઘણાં જોગીવૈરાગીઓનાં ભ્રષ્ટ જીવનની અનેક વાતો એ અમને કહેતી અને શંકરાચાર્યો, સંન્યાસીઓ તથા સાધુઓ પણ ઇંદ્રિઓને નથી જીતી શકતા એમ કહી ગૃહસ્થાશ્રમનાં એ વખાણ કરતી. **હરિપ્રસાદ દેસાઈ**



શ્રી
પ્રમોદકુમાર
ચેટરજી

શક્તિ તેમનામાં સ્પષ્ટ પ્રતીત થાય છે.

એમની કળાને અનેક બાજુઓ છે. તેનો સમગ્ર અભ્યાસ આપતી એમની સચિત્ર પિછાન તો અમે થોડા વખતમાં આપીશું. હાલ તો આ સમર્થ ચિત્રકારના શિક્ષણનો પ્રસાદ પામવા ઇચ્છતા વિદ્યાર્થી કળાકારોને અમે નિઃશંક ભલામણ કરીએ છીએ કે શ્રી ચેટરજી પ્રેરક અને સર્જક બુદ્ધિના એક ઉત્તમ અધ્યાપક છે. દંભ કે ઠાઠ તેમને પસંદ નથી. તેઓ નિખાલસ અને સ્વતંત્ર ભાવનાના પોષક છે, વિદ્યાર્થીની સાચી પરીક્ષા કરી જાણે છે અને તેને સત્વર યોગ્ય દિશામાં વાળી શકે છે.

વડોદરા કળાભવનની જોડે જ વિદ્યાર્થીઓ માટે એક વસતિગૃહ છે. કળાભવનના પ્રિન્સિપાલ સાહેબને અરજી કરવાથી બધી બાબતનો ખુલાસો મળી શકશે.

અમેરિકન શરીરશાસ્ત્રી

ફરજિયાત પ્રાથમિક કેળવણીના પ્રશ્ન પછી સરકારે હમણાં શાળાઓ તથા મહાવિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શરીરવિકાસનો સવાલ હાથમાં લીધો છે, અને શરીરવિકાસની વ્યવસ્થિત તાલીમ આપવા માટે અમેરિકાની મૅસેચ્યુસેટ્સ યુનિવર્સિટીની સ્પ્રિંગફીલ્ડ કૉલેજના ગ્રૅજ્યુએટ મિ. વેબરની ભારે પગારથી નિમણુક કરી છે. ફક્ત શરીરવિકાસનું જ પદ્ધતિસર જ્ઞાન આપનારી કૉલેજમાં તેઓએ ચાર વર્ષ અભ્યાસ કરી એ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન સંપાદન કર્યું છે.

એમની કસરત કરાવવાની પદ્ધતિ સરળ હોવાથી શરીરના સ્નાયુઓને હદ ઉપરાંત જોર મળતું નથી અને પરિણામે સાધારણ તંદુરસ્તી તથા સ્ફૂર્તિ શરીરમાં આખો વખત રહ્યા કરે છે. સ્નાયુઓ ખુબ મજબુત અને કઠણ થાય એવી કસરતોમાં એમને બહુ વિશ્વાસ નથી. સાધારણ માણસોથી થઈ શકે એવી એમની કસરતો છે.

આટલે વર્ષે પણ સરકારે આ સવાલ હાથમાં લીધો છે એ આપણે માટે અહોભાગ્યની વાત છે. આ જ પ્રમાણે સંયુક્ત પ્રાંતો, બંગાળા, મદ્રાસ અને પંજાબ, એ ચારે સ્થળોએ એકએક અમેરિકન શરીરશાસ્ત્રી રોકવામાં આવ્યો છે. તેઓ આપણા દેશની આબોહવા, ખોરાક, રહેણીકરણી વગેરેનો અભ્યાસ કરી આપણાં શરીર સુધારવાનો યત્ન કરી રહ્યા છે. તેમાં તેઓ કેટલે દરજ્જે સફળ થાય છે એ આપણે હવે જોવાનું છે.

મિ. વેબરે અમદાવાદમાં આવીને સંઘકસરતનું એક પ્રદર્શન કરેલું. એ જોવાની જેને તક પ્રાપ્ત થઇ હશે તેને એમની પદ્ધતિનો અને એથી ભવિષ્યમાં મળનારી સફળતાનો કંઇક ખ્યાલ આવશે.

સુરતનું બીજું ગુજરાત કળા પ્રદર્શન

વડોદરાના દીવાન સાહેબ સર મનુભાઇને એક કલાકોવિદ માનવામાં આપણે હવે જરા યે ભુલ નથી કરતા એમ એમનાં



સર મનુભાઇ નંદશંકર

કળા પરનાં વ્યવહારૂ તેમ જ સિદ્ધાંતિક ભાષણોથી પુરવાર થાય છે. ગયા ઑક્ટોબરની ૨૭ મીએ તેમણે ખુલ્લું મુકેલું સુરતનું કળા પ્રદર્શન ગુજરાતની જુની રસિકતાના પ્રતિનિધિરૂપ હતું એમ કહીએ તો ખે ટું નહિ ગણાય. પણ આ પ્રદર્શનની શિક્ષિત માણસો પર શી અસર? વિદ્યાર્થીઓ પર શી અસર? નારીવર્ગ ઉપર શી અસર? આપણા કેળવણી વિધાયકો આ પ્રદર્શન પરથી કંઇ પાઠ લેશે? શાળાના વાતાવરણમાં દેશની કળાને સ્થાન આપશે? તળપદી કારીગીરીના નમુનાનો આદર અને ઉપયોગ કરશે? ચિત્રશિક્ષકો આકૃતિની કલ્પના માટે એમાંથી આ ાાર લેશે? નગરજનો કદરૂપાં યૂરોપી ફુલદાનો અને ચળકતાં રમકડાંનો મોહ છોડી સુંદર ત્રાંબાપિત્તળનાં અવનવાં પાત્રો ઘરની શોભા અને વપરાશ માટે વસાવશે? નારીવર્ગ દોરાના રૂમાલો અને નકલી ગાલીચા કરવા છોડી સાચાં ભરતકામ અને વ્યક્તિગત શોખ પ્રમાણે સાડીઓની વેલ બુટ્ટી રંગ વગેરેનો વિચાર કરતાં શીખશે? આ પ્રશ્નોનો જવાબ હકારમાં મળી શકે તો પ્રદર્શન પાછળ ખર્ચાએલું ધન અને લેવાએલી મહેનત લેખે લાગ્યાં ગણાય.

સુરતના પ્રદર્શનમાં એકબે નવી વાતો ધ્યાન ખેંચતી હતી તે એ કે વિદ્યાર્થીઓ પાસે માત્ર ક્ષેત્રફળોના દાખલા કરાવનારા કે નકલી સંસ્કારની તાલીમ આપનારા માસ્તરો કરતાં કળાકુશળ કારીગર કે શિક્ષક તેમને વધારે ઉપયોગી

મનુષ્યો બનાવી શકે છે અને શિક્ષણનું ક્રિયાત્મક ફળ બતાવી શકે છે. સુરતના ઉદ્યોગી, કારીગર વિદ્યાર્થીઓએ પ્રદર્શનમાં નામ કાઢ્યું છે. સુરત પાસે ઉછરતા ચિત્રકારો પણ છે. પરંતુ ભાઈ તનસુખ જેવા યુવાનને પણ મ્યુનિસિપાલિટીની નોકરી ખેંચવી પડતી હોય ત્યાં કળાની કદર અને પોષણ કેવાક છે તે સમજી શકાય એવું છે.

ઉમરેઠનું ચારુચ કળા પ્રદર્શન

ઉમરેઠના વિદ્યાર્થી મંડળે આ વખતના સંમેલન વેળા આ એક નવી અને ઉપયોગી શરૂઆત કરી છે. શહેરીની કળામાં જાતજાતની પરદેશી વિકૃતિ પેઠી છે, પણ ગામડાંના સાદા કળારસિક જીવો જે જે સુંદરતા સરજે છે તેમાં નવવિધાન (ડિઝાઇન)ના મૌલિક નિયમો અને રંગની ખરી સજીવ સુખી જણાયાં છે. વળી આપણા દેશમાં નેવું ટકા વસ્તી ગામડાની છે, એટલે ગામડાંનાં સાધનો અને વાતાવરણને યોગ્ય કળા સામગ્રીના વિકાસ તથા વૃદ્ધિને ઉત્તેજન આપવાની જરૂર છે.

અમદાવાદમાં યુવક સપ્તાહનું કળા પ્રદર્શન

ભાઇ કનૈયાલાલ વકીલ તથા અ૦ નારાયણ મલકાનીના ઉત્સાહથી જ આ પ્રદર્શન આકર્ષક બન્યું હતું. પણ જુના નમુનાઓમાં રહેલી કળા હજુ આપણા શાળાશિક્ષિત વિદ્યાર્થીઓ કે ગૃહસ્થો પર અસર કરી શકતી નથી. તે નમુનાઓ સમજવા માટે આકૃતિના અને તેની બનાવટની વસ્તુના ગુણધર્મો વિષે યોગ્ય શિક્ષણ આપણી શાળાઓમાં અપાતું ન હોવાથી પ્રદર્શનોના આ દિશાના પ્રયત્નો નિષ્ફળ જાય છે અને લોકોને તેમાંથી પ્રેરણા મળતી નથી. કારીગર અને વિદ્વાન બંનેનાં જીવન નજીક નજીક નહિ આવે ત્યાં સુધી એમ જ થવાનું.

શાળાઓની હસ્તકળાનું પ્રદર્શન

પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજ અને મહાલક્ષ્મી ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની હસ્તકૃતિઓનાં પ્રદર્શનો થયાં હતાં. એ માટે ઉત્તર વિભાગના વિદ્યાધિકારી સાહેબે પોતાની હકુમતની દરેક શાળા પાસેથી નમુના મંગાવ્યા હતા. કેળવણી અને શિક્ષણના તોલ કાઢવા માટે આ પ્રદર્શનો બહુ ઉપયોગી ગણાય. કામ કરનારાઓમાં વ્યવસ્થા, માપશક્તિ, સ્વચ્છતા, ચીવટ, કલ્પના અને સ્વયંભૂ પ્રેરણા કેટલાં છે તે જાણવાની અભ્યાસીઓ માટે એ સરસ તક છે. કંઈ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ તેમની કૃતિઓ પાછળ ખુબ રસ અને મહેનત લીધાં જણાતાં હતાં, પણ નમુના ગોઠવવામાં યોજના અને વ્યવસ્થા નહોતાં. એ ગુણો તો સ્ત્રી વિદ્યાર્થી તથા શિક્ષકોમાં આગળપડતા જણાતા હતા. ગમે તે કારણથી પણ પુરુષ વિદ્યાર્થીઓના કામમાં નિર્બળતા, ઉતાવળ અને આછું અવલોકન જણાઈ આવતાં હતાં. સ્ત્રી વિદ્યાર્થીઓને પણ દેશની જુની હસ્તકળાઓ તરફ બેદરકાર થતી જોઇને તો દિલગીરી થાય છે જ. તેમણે એકાદ દીવાનખાનું, રસોડું કે એવો સુંદર ગૃહવ્યવસ્થાનો તાદૃશ નમુનો રચ્યો હોત તો તેમની કળાશક્તિ સમજવાની તક મળત. રંગોળીચિત્રો, વસ્તુરચના કે શોભાનો ખરો ઉપયોગ તો ગૃહવિધાનમાં જ છે અને કન્યાકેળવણીમાં આ બાબત ભુલાઈ જાય તે અક્ષમ્ય ગણાય.

બીજી તરફ પુરુષ વિદ્યાર્થીઓના પ્રદર્શનમાં ગામડાની હસ્તકળાના નમુનાઓ બહુ જ સરસ લાગ્યા હતા. દોરડાં, ગાળિયા, સાદડીઓ, ટોપલીઓ, હોડીઓ અને સાદાં ફર્નિચરકામના નમુના જોઇ એમ જ લાગે કે ગામડાંમાં વિદ્વત્તાના પાઠો આપવા કરતાં આવુંઆવું વધુ શીખવાય તો ગામડાંના વિદ્યાર્થીઓનાં જીવન ઉપયોગી અને નિર્વાહ ચલાવી શકે એવાં બને. નવાઇ જેવી વાત એ છે કે આપણા પ્રોફેસર શિક્ષકોને જે નથી આવડ્યું તે અમેરિકાના પાદરીઓ આપણાં ગામડાંઓમાં વસીને કરી રહ્યા છે. બીલીમોરા તરફની મિશન સ્કુલમાં અમેરિકાથી ઉદ્યોગની તાલીમ પામેલ સુપરિન્ટેન્ડેન્ટ કામ કરે છે અને દુબળા, ધારાળા વગેરે કોમના વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી ધંધાની તાલીમ આપે છે.

સંગીત પરિષદ અને જલસા

સુરતના કળાપ્રદર્શન પછીના અરસામાં પહેલી ગુજરાત પ્રાંતીય સંગીત પરિષદ પણ અમદાવાદમાં ભરાઇ ગઇ. અધ્યક્ષસ્થાને સૌ. વિદ્યાગૌરી નીલકંઠ અને સત્કાર મંડળનાં પ્રમુખ તરીકે સૌ. સરલાદેવી અંબાલાલ હતાં એ, અમદાવાદની સ્ત્રીઓદ્વારા થતી સરસ્વતીઆરાધનાનું સુંદર દૃષ્ટાંત હતું. પરિષદમાં ખાસ નોંધ લેવા જોગ વસ્તુ તો અમને બાળકોની સંગીતની હરીફાઇ લાગી. એ જલસામાં ૩૦ કુમારકુમારીઓએ ભાગ લીધો હતો. અનુભવીઓનું કહેવું હતું કે ગયાં વર્ષો કરતાં આ વર્ષની બાળકોની પ્રગતિ અનેક રીતે ચડિયાતી હતી. અમદાવાદમાં પંડિત વિષ્ણુ દિગંબરે પોતાના શિષ્યોદ્વારા થતી સંગીતવિદ્યાની પ્રગતિ જોઇ સંતોષ જાહેર કર્યો અને કુમારકુમારીઓને આશીર્વાદ દીધા.

સંગીતના બીજા જલસાઓમાં પણ કર્ણાટકી વાંસળી, સિતાર, દિલરૂબા તથા મૃદંગના કામ ઉપરાંત પંડિત વિષ્ણુ દિગંબરે જાતે કરેલાં અનુપમ સંગીતનો જે પ્રવાહ વહ્યો છે તેના મધુર રણકારા હજી અમારા કાનમાં વાગી રહ્યા છે. વળી પંડિતજીએ બે મહીના સુધી હમેશાં અમદાવાદમાં તુલસીકૃત રામાયણ તથા બીજાં કીર્તનો કરેલાં જેનો લાભ તો હજારો સ્ત્રી પુરુષોએ લીધો છે. અમદાવાદ ઉપરાંત ખેડા, ડાકોર, પેટલાદ અને કડી વગેરે સ્થળોએ પણ એ ફરી આવ્યા અને આમ ગુજરાતનાં ઘણાં સ્થળોએ એમનું અદ્વિતીય તથા ભક્તિરસથી ઉભરાતું સંગીત સાંભળ્યું.

આપણું સંગીત તો ઘણું આધ્યાત્મિક છે. એનો લાભ જીવનને પવિત્ર તથા ઉચ્ચ બનાવવા કાજે જ લેવાવો જોઇએ-મોજશોખ માટે નહિ.

સ્વીકાર

ધ મૉડર્ન ગુજરાતી-ઇંગ્લિશ ડિકશનરી (ગુજરાતી અંગ્રેજી શબ્દકોશ) બે ભાગમાં; સંપાદક, ભાનુસુખરામ નિર્ગુણરામ મહેતા, તથા ભરતરામ ભાનુસુખરામ મહેતા; પ્રકાશક એમ. સી. કોઠારી, કાપડીપોળ રાવપુરા વડોદરા; કીમત, બંને ગ્રંથો સાથે બાંધેલાના રૂા. ૧૫. જુદા બાંધેલાના રૂા. ૧૬. કુમારના કદનાં ૧૬૦૦ પાનાંમાં ૫૧૫૯૫ શબ્દોના વિવિધ માહીતી સાથેના અંગ્રેજી અર્થો આપતો આ શબ્દકોશ ગુજરાતી ભાષામાં એ પ્રકારના કોશોમાં મોટામાં મોટો છે. આ ઉપયોગી પુસ્તક, નાણાં ખર્ચી શકે તેવાં દરેક ઘર તથા સંસ્થામાં હોય એ ખાસ ઇચ્છવાજોગ છે.

નેપોલિયન બોનાપાર્ટ ભાગ ૧ થી ૪: અનુવાદક, ગોકળદાસ મથુરાદાસ શાહ; પ્રકાશક, ઉપર પ્રમાણે; કીમત (ચારે ભાગની સામટી) રૂા. ૧૧-૨-૦. અનેક જુવાનોના જીવનમાં પ્રેરણા રેડનાર, અતિવિખ્યાત અંગ્રેજ લેખક ઍબટના પ્રમાણભૂત ગ્રંથનો આ અનુવાદ, અંગ્રેજી ન વાંચી શકનાર દરેકને માટે ખાસ ભલામણ કરવા યોગ્ય છે.

અકબર: લેખક, બાપુભાઈ નન્દવરાય વૈષ્ણવ; પ્રકાશક, ઉપર પ્રમાણે; કીમત ૦-૧૪-૦ હિંદના એ મહાન સમ્રાટનું ટૂંકું ને રસપ્રદ આ ચરિત્ર દરેક વિદ્યાર્થી તથા મોટા માણસને વાંચવાની ભલામણ કરવાપણું ન હોય.

શાહજહાં: બંગાળના નાટ્યસમ્રાટ્ શ્રી દ્વિજેન્દ્રલાલ રાયના, દાંપત્ય અને વાત્સલ્યની પ્રતિછાયા ઝીલતા અદ્ભુત નાટકનો સુરેખ ને સુરસ અનુવાદ; કરનાર, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, સૌરાષ્ટ્ર કાર્યાલય રાણપુર; કીમત ૦-૧૦-૦.

શિક્ષણ વ્યાખ્યાનમાળા: શિક્ષણ વિષયક દસ વિચારશીલ વ્યાખ્યાનોનો સંગ્રહ; પ્રકાશક, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ; કીમત ૦-૧૦-૦

સ્વતંત્રતાનો દાવો: સી. એફ. ઍન્ડ્રુઝના મુળ અંગ્રેજી પરથી અનુવાદક, પ્રાણશંકર સોમેશ્વર જોશી; પ્રકાશક, સી. જમનાદાસની કં. બુકસેલર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ ૦-૮-૦.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (અમદાવાદ) નાં પુસ્તકો

કવિતા અને સાહિત્ય (ગ્રંથ ૧ લો: કાવ્યચર્ચા) સાક્ષર શ્રી રમણભાઇ મહીપતરામ નીલકંઠના, કાવ્યચર્ચા ઉપરના વિદ્વત્તાભર્યા નિબંધોનો, અભ્યાસીઓને માટે મનનીય અને ઉપયોગી ગ્રંથ. કી. ૧-૦ ૦

મરાઠી રિયાસત (ઉત્તરાર્ધ) અનુવાદક, જીવનલાલ અમરશી મહેતા; કીમત ૦-૧૦-૦

સૌન્દર્યતત્ત્વ: અનુવાદક, મહાશંકર ઇન્દ્રજી દવે, કીમત ૦-૧૦-૦

ગ્રીક સાહિત્યનાં કરુણરસપ્રધાન નાટકોની કથાઓ: અનુવાદક, સૌ. લવંગિકા પ્રિ. મહેતા; કી. ૦-૧૦-૦

આઇવૅનહો (ભાગ ૧ તથા ૨) અનુવાદક, સૌ. વિમળાગૌરી મોતીલાલ સેતલવડ; કીમત, દરેકના ૦-૧૨-૦

બાળકલ્યાણ (ભાષણ) કર્તા, ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ કીમત ૦-૦-૬

ગુજરાની ફારસી અરબી શબ્દોનો કોશ: (બે ખંડ) લેખક અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી, દરેકનો ૧-૦-૦

લઘુ મહાભારત: ગુજરાતી પાંચમા છઠ્ઠા તથા હાઇસ્કુલના ત્રીજા ચોથા ધોરણ માટે ખાસ તૈયાર કરનાર, રતિપતિરામ ઉદ્યમરામ પંડ્યા; પ્રકાશક, જીવનલાલ અમરશી મહેતા અમદાવાદ; કીમત ૦-૧૨-૦

ગાંડીવનું અવનવું રસમય બાલસાહિત્ય

સુરખરાજ: કાન્ટિ ટૉલ્સટૉયના પુસ્તકનો અનુવાદ; કરનાર, નટવરલાલ વીમાવાળા; પ્રકાશક, ગાંડીવ સાહિત્ય મંદિર સુરત. કીમત ૦-૮-૦ જાડા કાગળ, સરસ છપાઈ, સચિત્ર આકર્ષક પુંઠું. બાળકની દૃષ્ટિથી લખાએલું આ પુસ્તક મોટાંઓને પણ રસ પમાડે એવું છે.

ટૉલ્સટૉયની ત્રણ વાર્તાઓ: ૦-૪-૦

બીરબલનો બંધુ અથવા આંધ્રદેશના રાજા કૃષ્ણદેવના દરબારી રાયા અને અપ્પાજીના ચાતુર્યની રસિક વાતો; પ્રકાશક, ઉપર પ્રમાણે; કીમત ૦-૮-૦

પાષાણી: દ્વિજેન્દ્રલાલ રાયના બંગાળી નાટકનો અનુવાદ; કરનાર, રમણિકલાલ કીશનલાલ મહેતા; પ્રકાશક, ગુણસુંદરી કાર્યાલય ગિરગામ બેકરોડ મુંબાઇ-૪, કીમત ૧-૪-૦

કુટુંબવૈદ્ય: રોગ ઉપર વનસ્પતિના ઉપાયો દર્શાવનાર, દરેક કુટુંબમાં રાખવા યોગ્ય નાનકડું અને ઉપયોગી પુસ્તક; લેખક-પ્રકાશક, ઉમર માનજી ચૌહાણ, ગોંડળ; ૧-૮-૦

પોલીસમિત્ર: લેખક-પ્રકાશક, ઉપર પ્રમાણે, કી.૦-૧૨-૦

જીવન સંદેશ; આરોગ્યકર રત્નાવલિ; હીરાનો હાર; સુવર્ણરજ: જીવનપંથે માર્ગદર્શક થઇ પડે તેવાં સુભાષિતોના સંગ્રહો; પ્રકાશક ઉપર પ્રમાણે.

સોજીત્રા સાર્વજનિક પુસ્તકાલયનો '૨૪-૨૫-૨૬નો રીપોર્ટ.
લાડોલ " " ૧૯૨૫-૨૬નો રીપોર્ટ.



માધુકરી

ધન ધાન્ય ફુલે લચકેલી આ વસુધાના પટ માંહ્ય,
કો સ્વપ્ન થકી સરજેલી મુજ જન્મભૂમિ લ્હેરાય;
નવખંડ ધરા પર ભમો, નથી એ ભોમ સમોવડ કોઇ,
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય.
તુજ સમ નથી કયાંય જગતમાં પ્રિયજનના આવા પ્રેમ,
તુજ ચરણો ચાંપી હૃદયમાં જીવવાની હરદમ નેમ;
હું જનમ જનમ અહીં મરૂં અવતરૂં મુક્તિ અન્ય કયાં હોય ?
સહુ દેશ તણી મહારાણી મુજ માભૂમિ તુલ્ય કો ન્હોય. ('શાહજહાં'માંથી)

એક તેજસ્વી જુવાન

મઝગાંવની મસ્જિદમાં પોષ મહીનાની એક હિમરાત્રિએ બાર વાગ્યે કોઈ જુવાને પ્રવેશ કર્યો. મસ્જિદની પગથાર આગળ ઘડીભર થંભી એણે અંદરના ભાગમાં વ્યાપક દૃષ્ટિ ફેંકી. પછી બગલમાંની ગોદડીને સંકોરી તે વિદ્યુત વેગે મસ્જિદમાં ચાલ્યો ગયો.

મસ્જિદના ચોકમાં કેટલાં યે નિષ્કિંચન મુસ્લીમ નરનારીઓ મેલાં ફાટેલાં ગોદડાંમાં ઢબુરાઇને ઉંઘતાં હતાં. દરિદ્રતા, દર્દ અને કંગાલિયતનો અહીં દર રાત્રે આમ અખાડો જામતો.

યુવકે મસ્જિદને ખુણે ગોદડી બિછાવી. અર્ધરાત પછીનો બરફ જેવો ઠંડો વાયુ ફુંકાવા લાગ્યો. સુતેલાં કંગાલોએ વધારે ટુંટિયાં વાળીને શરીર સંકોર્યાં. 'જય બજરંગ' કહીને યુવકે પણ લંબાવ્યું. આખા દિવસના થાકોડાએ એની આંખો પર ભારણ લાદી દીધું.

દરરોજ રાત્રે બાર વાગ્યે એ યુવક મઝગાંવની મસ્જિદમાં સુવા આવતો. પઠાણોએ એનો પીછો પકડ્યો હતો. એમ ધારીને કે એની પાસેથી સારો માલ મળી જશે.

આપન્ન માનવીની અંતિમ આશા સમી છેલ્લી બત્તી મસ્જિદમાં હોલવાઇ ગઈ રાતના એકનો ટકોરો બજ્યો. મસ્જિદના ખુણામાંથી બે પઠાણો બહાર નીકળ્યા. એકના હાથમાં જમની દાઢ જેવો ખુલ્લો છરો અંધારામાં યે ચમકતો હતો! એણે આવીને યુવકની ગળચી દાબી. બીજાએ ખીસામાં હાથ નાખી પૈસાની શોધ આદરી.

પણ યુવકની ગળચી પર દબાણ થતાંની સાથે જ એણે હડબળો માર્યો. દબાણ વધ્યું. યુવકે આંખો ખોલી. એના ગળા ઉપર કૃતાન્તના સ્વરૂપ સમો છરો તોળાઇ રહ્યો હતો. એની આંખો ઉપર દાઢીધારી ને ગંધાતું બોકડા જેવું મોં ઝુમતું હતું. આંખના પલકારા જેટલી ઘડીમાં યુવકે સ્થિતિનું માપ કાઢી લીધું. એ શાન્ત પડ્યો રહ્યો. પઠાણે ખીસાં ઢુંઢી લીધાં. એમાંથી રાતી પાઇ પણ હાથ ન લાગી. એણે છરાવાળા સાથીને ઇશારત કરી. એણે પણ ઉભા થઇને યુવકને લાત લગાવી 'બીલકુલ મવાલી!'

આકાશમાં વિજળી ચમકે એવી ત્વરાથી યુવકે કુદકો લગાવી 'જય વજ્રંગ' ની ગર્જના કરી અને પઠાણોને ખરી સ્થિતિનું ભાન થાય તે પહેલાં બંનેનાં લમણાં પર બે પ્રચંડ મુક્કા એટલા જોરથી માર્યા કે બંને બદમાશો ચક્કર ખાઇને ચીભડાની જેમ ફરસબંધી પર ઉડી પડ્યા. ફરી એકવાર જય વજ્રંગનો વિજયનાદ કરી, ગોદડી સંકેલીને ચાલી નીકળ્યો.

મસ્જિદમાં સુતેલાઓ જાગ્યા. બેઠા થઇને જોયું તો બે પઠાણો નિશ્ચેષ્ટ પડ્યા હતા.

એ યુવકનું નામ ટપુભાઇ ત્રિભુવનદાસ વસાણી. કાઠિયાવાડમાં અમરેલી ગામના તે રહેવાસી છે—હતા! આજે તો એ વીર નર ઇશ્વરને આંગણે બેઠો છે. બાવીસ વર્ષની અપક્વ વયમાં યે એના જીવનમાં અજબ પલટા આવ્યા હતા. બાવીસમે-ત્રેવીસમે વર્ષે એલએલ. બી. નો અભ્યાસ કરતા, બીજા વર્ષની પરીક્ષાની વેળાએ સૌરાષ્ટ્રના એ ઉજ્જ્વલ આશાવાન યુવકનો જીવનદીપક મુંબાઇની આબોહવાના વંટોળે બુઝવી નાખ્યો.

એના પૂર્વજીવનની રેખાઓ—બાલ્યાવસ્થા અને કૌમારની રેખાઓ-બંડખોર ને તોફાની નિશાળીઆની કારકીર્દી વડે ઘડાએલી છે; અને છતાં ગુજરાતી-અંગ્રેજી શાળાના કુમાર વિદ્યાર્થી તરીકેની એની જીવનલીલા જરૂર તેજસ્વી છે. એ કરતાં યે ભાસ્વતી તો તમામ વિદ્યાર્થીઓ ઉપર નાયકપદનું શાસન ચલાવવાની એની ઇશ્વરદત્ત શક્તિ હતી. મૅટ્રિક્યુલેશન

સુધી એ શક્તિનો ઉપયોગ એણે નબળા વિદ્યાર્થીઓને પક્ષે રહી સબળાઓના વાંસા ખોખરા કરવામાં કર્યો હતો. રાજકોટમાં મટ્રિકની પરીક્ષા વખતે પોતાની શાળાના વિદ્યાર્થીઓનું ગૌરવ સાચવવા એણે રાજકોટની હાઇસ્કુલના ચાર મજબુત વિદ્યાર્થીઓને ભર બજારમાં લપડાકો ચોડયાનો પ્રસંગ હજી સાંભરે છે. ચાલતી ટ્રેને એક ગ્રૅજ્યુએટ શિક્ષકે ટપુભાઈ વસાણીના મોટા ભાઇનું અપમાન કરેલ તે બદલ તેને બાથમાં ઉઠાવી ગાડીની બારી આગળ જરાવાર લટકાવી રાખવાનું જે રોનક ટપુભાઇએ કર્યું હતું તે પણ આજે એ સાહસિક બંધુની ગેરહાજરીમાં રૂદન-હાસ્યની સંમિશ્ર લાગણીઓને ઉત્તેજે છે.

કૌમારસુલભ આવી આવી કંઇક મર્દાનગીઓ ખેલી વસાણી અઢાર વર્ષની ઉમરે જુનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં દાખલ થયા. એ વખતે એના જીવનની સમુત્ક્રાન્તિની પળો વીતતી હતી. સ્વામી રામતીર્થ અને સ્વામી વિવેકાનંદના ગ્રંથોમાંથી એ પોતાના જીવનમાં ધીમી પણ સચોટ રીતે ત્યાગ, ક્ષમા, વૈરાગ્ય અને વિશ્વપ્રેમ ઉતારતા હતા. કૉલેજિયનને સ્વાભાવિક એવાં ટાપટીપ અને મોજશોખ ઉપર એની સુગ વધતી જતી હતી. છતાં યે એની વ્યાયામપ્રિયતા અને વક્તૃત્વકલા અભ્યાસ સિવાયની ઘણી યે પ્રવૃત્તિઓમાં એને અગ્રપદે દોરી જતી.

નબળા બાંધાના જુવાનો તરફ વસાણીને પહેલેથી જ અણગમો હતો, તે હવે દયાના રૂપમાં પરિણમ્યો અને માઈકાંગલા વિદ્યાર્થીઓને શરીરબળ તથા વ્યાયામનો બોધપાઠ દેવા એણે પ્રતિવર્ષ કૉલેજનાં સંમેલનોમાં પોતાની છાતીપર માણસોથી લાદેલું ગાડું ચલાવવાના, વાળવડે જબ્બર પત્થર ઉચકવાના, છાતી ઉપર વજનદાર પત્થર મુકાવી તે પર ઘણના માર સહવાના, કોઇ વેળા સાંકળ તોડવાના અને મલખમના પ્રયોગો દર્શાવવા માંડ્યા. પ્રથમ તો પ્રોફેસરો અને વિદ્યાર્થીઓને ૧૯ વર્ષના આ જુવાનને કૉલેજના કલુષિત જીવનમાં આવી ક્રિયા દાખવતો જોઈ આશ્ચર્ય થયું. પણ પાછળથી વસાણી સાથે નિકટ પરિચય સંધાતાં પ્રોફેસરોને તેની નીડરતા, તેના ચારિત્ર્ય, તેના આત્મબળ અને તેની યોજનાશક્તિ પ્રત્યે સંપૂર્ણ માનભાવ ઉત્પન્ન થયો.

પોતાના અંગબળનો ડોળ ઘાલનાર કેટલા યે કસરતબાજ કૉલેજીઅનોને વસાણીએ કેવળ પોતાના આત્મબળથી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રતાપથી કુસ્તીમાં મહાત કરેલા. આ ખરી ઘટનાઓ એના જીવનની લડાયક વૃત્તિઓની સાક્ષી પુરે છે. એની સ્વમાનની ભાવના એટલી બધી ઉન્નત હતી કે હલકી વાતોમાં જરા પણ રાચનાર વિદ્યાર્થીઓ સાથે તે લગીરે સંસર્ગ પાડતા નહિ. એ તો નિજાનંદમાં મસ્ત રહેતા અને વિવેકાનંદના હરિગીતો ગુંજતા. છતાં પણ હલકાઇ કરનાર કોઈપણ માણસને તે સત્વર શાસન આપવાનું ચુકતા નહિ. એક વેળા રેસિડેન્સીની આખી જામનગર કલબને માત્ર યુદ્ધના પડકાર વડે જ હાંકી દેવાની વસાણીની વીરહાક હજુ યે મારા કાનમાં અથડાયા કરે છે. એ ભાવના અભંગ જાળવવા માટે જાનની પણ ખુવારી કરવા કટિબદ્ધ રહેનાર આ વિદ્યાર્થી જ્યારે જુનિયર બી. એ. માં હતો ત્યારે ગિરનાર ઉપર કરેલી સફર વેળાનો એક પ્રસંગ યાદ આવે છે. સાચા કાઠિયાવાડીના ઉગ્ર ખમીરની એમાંથી સુવાસ મહેકે છે.



સ્વ. ટપુભાઈ વસાણી

વાત એમ બની કે ગિરનાર ઉપર ગૌમુખીની અને સેવાદાસજીની જગ્યાની પેલીમેર વસાણી અને મિત્રમંડળ ડુંગરના વિકટ માર્ગો કાપતા હતા. રસ્તે એક ભયંકર, લાલઘુમ આંખોવાળો, કુકડકંધો, મજબુત અઘોરી બાવો મળ્યો. એણે કેટલા યે માણસોને સંહારી નાખ્યાની વાતો હજુ યે ચાલે છે. વસાણી પાસે એણે કંઇક માગણી કરતાં વસાણીએ તેની ઉપેક્ષા કરી, તે પરથી એ રાક્ષસસ્વરૂપ બાવાએ ગાળ ફટકારી. તુરત જ વસાણીએ એને ચુપ થવા ધમકી આપી. આથી તો બાવાજી ઉશ્કેરાઇને મારવા ઉભા થયા. વસાણીએ લાલ આંખો કરી 'જય વજ્રંગ'ની ગર્જના કરી. બાવાએ વસાણીનું માથું છુંદી નાખવા એક તોતીંગ લાકડું ઉઠાવી અધર તોળ્યું, પણ તે નીચું ઉતરે ત્યાર પહેલાં તો વસાણીએ છલંગ મારી બાવાને બાથમાં ભીડ્યો. ઉંચે પત્થર ઉપરથી બંને લથડયા અને બીજી બાજુ નીચે ૭૫ ફીટ ઉંડી ખાઇમાં બંને જોતજોતામાં ઝીંકાઇને ભુક્કો થઈ જાત; પણ એક મિત્રે એકદમ દોડી આડે હાથ ધરી દીધો અને બંને જણ સલામત જગ્યાએ એક બીજાની બાથમાં જ નીચે પટકાયા. પછી તો નિમિષ માત્રમાં વસાણીએ એ ભયંકર બાવાની ગળચી દબાવી, તેની છાતી ઉપર ભીંસ દીધી. વાત એટલેથી જ પતી. ફરી કોઇ વેળા વસાણીને 'ભરખી' જવાની ધમકી આપતોઆપતો બાવો ઝાડીમાં પલાયન કરી ગયો!

કૉલેજજીવનમાં અભ્યાસકાર્યના પ્રસંગો હંમેશાં નીરસ હોય છે, છતાં અમારી ત્રિપુટિનો એ કાર્યક્રમ પણ વસાણીના અડીખમ વ્યક્તિતત્વ વડે ઓર જ ભભક ધારતો હતો. વસાણી, માંડવીઆ અને હું, ત્રણે સિનિયર બી. એ. માં બીજા સત્રની વેળાએ કૉલેજમાંથી છુટી, કૉલેજની પાછળ સુતેલા નિર્જળ વખંભર કાળવા વોંકળાને કાંઠે, ગીચ ઝાડી વચ્ચે ડુંગરની

ગોદમાં, પંચેશ્વરના શિવાલયના ઓટા ઉપર દોડી જતા અને ત્યાં અડ્ડો જમાવી ઠેઠ સાંજ સુધી એકબીજાની મદદથી અભ્યાસની ગુંચો ઉકેલતા. વાંચતાંવાંચતાં ઘણીવાર અગસ્ત્યમુનિનો આશિર્વાદ અમારાપર ઉતરતો ત્યારે વસાણી, મંદિરના બાવાને તાબડતોબ ગામમાં દોડાવી, ઘી, ગોળ લોટ મંગાવે, અને નિર્જન જંગલમાં પાણા ગોઠવી બાવાજી ગોળપાપડી બનાવી આપે તે વડે ઉદરનો અગ્નિ શમાવીએ. ઘણીવાર તો વાંચન પડતું મુકી, પેરણ ઉતારી ઉઘાડે શરીરે ટીંબરનાં ઝાડ પર ચડી ટીંબરૂ ઉપર ત્રાપડ દઇએ અને પછી શરીરે મંકોડા ચોંટતા પહેલાં નીચે કુદી પડીએ.

અંધ પિતા, વૃદ્ધ માતા અને ભાઇભાંડરુઓનું બહોળું કુટુંબ, એ સર્વના નિર્વાહ ચલાવવાનો બોજો માથે લઇ વસાણી એલએલ. બી. ના અભ્યાસ અર્થે મુંબાઇમાં વસ્યા. એની આર્થિક સ્થિતિ એટલી તો વિષમ હતી કે એને મુંબાઇમાં એક જ ટંક ખોરાક લઇને ચલાવી લેવું પડતું. જે શરીરને દિવસમાં ત્રણચાર વખત પૌષ્ટિક ખોરાક જોઇતો તે બલસંપન્ન તેજસ્વી કાયાને હવે મુંબાઇની હલકી વીશીના એક જ ટંકના ખોરાકમાં સંતોષ માનવો પડ્યો. વસાણી તો રહ્યા સ્વમાનપ્રિય. કોઈ પણ વ્યક્તિ સમક્ષ ગરીબી દર્શાવવી કે નિર્બળતાનું પ્રદર્શન કરવું એ તેને મન આત્મઘાત હતો. એટલે એણે મિત્રો કે ઓળખીતાઓની મદદ ઉછીની લેવા કરતાં, કે કોઇ શેઠ વા પરોપકારી સજ્જન પાસે શિષ્યવૃત્તિની માગણી કરવાને બદલે આમ સ્થિતિમાંજ સાભિમાન જીવન ગાળવાનું વધારે પસંદ કર્યું. મહામહેનતે એમને બે ટ્યુશનમાંથી માસિક ૩૫ રૂપિયા મળતા, તેમાંથી પોતા માટે ફક્ત દસ રૂપિયા રાખી બાકીનું બધું તે માબાપને મોકલી આપતા. દસ રૂપિયામાં મુંબાઇમાં એક માસ કાઢવો અને વળી એલએલ. બી. નો અભ્યાસ કરી સહાધ્યાયીઓ ઉપર ઉચ્ચતાની છાપ પાડવી! એ મુશ્કેલીને પણ વસાણીએ લગાર વિસાતમાં લેખી નહિ. કોઇ મિત્રને ઘેર સુવા જવા કરતાં (ઓરડી ભાડે લેવા જેટલા પૈસા તો એની કને નહોતા જ) તે મઝગાંવની મસ્જિદમાં જઇ શિયાળાની સુસવતી ઠંડીવાળી રાત્રિઓ ગાળવાનો ગુમાનો માર્ગ સ્વીકારતા, અને એમ કરતાં ઘણીયે વાર બદમાશો સંગાથે મારામારીના પ્રસંગો મધરાતે ઉપસ્થિત થતા; પણ એના નૈષ્ઠિક બ્રહ્મચર્ય આગળ એ હરામખોરોનાં ગાત્ર હરેક પ્રસંગે ગળી જતાં.

એલએલ. બી. ના બીજા વર્ષ માટે તે મુંબાઇ ગયા ત્યારે પણ એમની એ નિરવધિ મુશ્કેલીઓ એમની સામે ખડી થઈ. પણ અંત લગી એમણે કોઇને પોતાની ખરી સ્થિતિનું ધ્યાન દીધું જ નહિ. આ યુવકના ઉજ્જ્વળ ભાવી પર આશાદોર બાંધીને બેઠેલાં નિઃસહાય અંધ માબાપને પણ એણે પોતાની મુશ્કેલીઓના ને લથડતી શરીરદશાના ખબરઅંતર આપ્યા નહિ. પુરતા અન્નના અભાવે અને વધતી જતી માનસિક ઉપાધિને કારણે એની વજ્રકાયા ગળવા માંડી. છતાં યે એનું આત્મબળ તો લગારે ઘવાયું કે જોખમ્યું નહિ. મુંબાઇમાં ગમે તેટલે દૂર જવું હોય તો પણ તે ટ્રામના પૈસા ખર્ચતા નહિ. એવા ખર્ચનો માસિક હિસાબ ગણીને તે બે પાંચ રૂપિયા વધારે માબાપને મોકલતા. પોતાને માટે તો એણે કાઇ પણ સગવડ રાખી નહોતી. ને કદિક એકાદ પૈસો ખીસામાં ફાજલ રહેતો તો રસ્તે ચાલતા ભિક્ષુકને તે અપૂર્વ સ્નેહ સમેત ભેટ ધરતા.

મુંબાઇમાં એનો આત્મિક વિકાસ અજબ કક્ષાએ પહોંચ્યો હતો. એ થોડું જ બોલતા, પણ બોલતા ત્યારે સામાના હૃદય પર એવી સજ્જડ છાપ પાડતા કે એને સાંભળ્યા કરવાનું જ મન થાય. એનો વિશ્વપ્રેમ સહસ્ર પાંખડીએ પાંગર્યો હતો. ચીંથરેહાલ ભિખારીને તે ઘણીકવાર ભેટીને રડી પડતા. એક જ વાર ખોરાક મળતો એ વાતની તેને ગણના નહોતી. જ્યારે એને માસિક ૨૫ રૂપિયાનું એક જ ટ્યુશન રહ્યું અને માતપિતાની માગણી પણ નકાર બની ત્યારે પ્રમાણિક મહેનતથી પૈસો રળવાના અને આત્મગૌરવ જાળવી માબાપને હંમેશ ખુશમિજાજ રાખવાના એના પ્રયત્નો ખરેખર કોઈ મહારથીના રણજંગ જેવા હતા. એલએલ. બી. ની છેલ્લી પરીક્ષા પાસ કરી, અમરેલી જઇ માતપિતાને આનંદવાની રાહ જોવામાં એના દિવસો અસહ્ય આપત્તિઓ વચ્ચે ઉલ્લાસમાં વીતતા હતા. પણ એ ધરખમ ને અણનમ આત્માને ઠગારી કાયા હવે તો દગો દેતી હતી—છેક અદૃશ્ય રીતે. ડાક્ટરે તેને મુંબાઈ છોડવાની સલાહ આપી. પણ આત્મવિશ્વાસી વસાણી એમ કંઈ હારે? એણે શિરસ્તેદારીપૂર્વક મલિન મુંબાઇનું ગુંગળાવતું જીવન માબાપની સ્થિતિ સમૃદ્ધ કરવા સેવ્યે રાખ્યું. ગરીબ બીચારાં માબાપ! એમને શી ખબર કે અમારો આરામ મુંબાઇમા આમ દોહલા દિવસો ગુજારે છે!

પરીક્ષા નજદીક આવી. વસાણીએ ફોર્મ ભર્યું. ત્રીજે જ દિવસે એને તાવ લાગુ પડ્યો. ડાક્ટર કહે પાંડુ રોગે ઘર કર્યું છે. ફોર્મ પાછું ખેંચાવવા વસાણીએ વ્યર્થ મહેનત કરી જોઇ. એ તુરત જ અમરેલી ગયા અને પથારીવશ થયા. ત્યાંથી મારા પર એનો અંતિમ કાગળ આવ્યો.

'પ્રિય આત્મા!

આખરે ભાવીને વશ બની અહીં આવ્યો છું. એકવાર છાતીપર ભર્યાં ગાડાંનો ભાર ઝીલનારી કાયા આજે ડગમગે છે. પણ પૂજ્ય માતપિતાની ગોદ હમણાં જ મને ઘોડાં વાળતો કરી દેશે. એમને કાજે આટલું તવાએલું શરીર જોઇને હું મારી જાતને ધન્ય માનું છું. તમને મળવા બહુ ઇચ્છા છે. સાજો થઈશ કે વળતી ટ્રેને તમારી પાસે ખડો થઇશ, અને 'સૌરાષ્ટ્ર'નું ગામડું અને ખમીરભર વાતાવરણ ચાખીને ચેતન મેળવીશ.'

પણ મારે આંગણે એનાં પગલાં નહોતાં નિર્માયાં. છઠ્ઠે દિવસે તો મને ખબર મળ્યા કે વસાણી આ દુનિયામાં નથી

રહ્યા. અરેરે! અંધ માતપિતાનો આધારસ્તંભ તુટી પડ્યો. મેં એક પરમ સુહૃદ્ ગુમાવ્યો. સૌરાષ્ટ્રે ભાવિ મહાજન ખોયો. એની પવિત્રતાને, એના વિશુદ્ધ આત્માને ઠગારી દુનિયામાં સ્થાન નહોતું. એની જરૂર તો 'ત્યાં' હતી. એના ઉર્ધ્વરેતસનો તાપ જગતનાં પામર માનવીઓ સહી ના શકત.

મારી કને ટપુભાઇનાં સાહિત્યસર્જનો પડ્યાં છે. ઘણાંનો પત્તો નથી. પણ જેટલાં છે તેટલાં તો એ આત્માની આધ્યાત્મશોધ અને સર્ગશક્તિનાં પ્રતીક છે. એક ઝપાટે બધું લખી કાઢનાર એ અનભણ્યા યોગીની એકેએક કૃતિમાથી સચ્ચાઇ, આત્મિક ઉન્નતિ, રાષ્ટ્રભાવના, વફાદારી, બ્રહ્મચર્ય અને બળતી મર્દાનગીની લાગણી પ્રજળી ઉઠે છે. નાટક, કાવ્ય, નવલિકા, ધર્મમનન, તત્ત્વદર્શન જીવનચરિત્ર, નિબંધ, સમાજસમીક્ષા અને સાહિત્યવિવેચન એમ બહુવિધ ક્ષેત્રે એણે વિદ્યાર્થી અવસ્થામાં પોતાની શક્તિભરી કલમ અજમાવી છે. મારી પાસે આર્થિક સાધન થયેથી, એ કૃતિઓ પ્રસિદ્ધ થતાં, જનતા એનું યોગ્ય મૂલ્ય મુલવશે.

ટપુભાઇ એ તો બાલયોગી હતો. અખંડિત બ્રહ્મચર્ય અને પિતૃસેવા એ એના સાંસારિક જીવનનું ધ્યેય હતું. ત્યાગ, સંન્યાસ અને આત્મનિમજ્જન એ એના આંતરજીવનની પરમ સાધના હતી; અને એ સાધનાની સિદ્ધિ અર્થે તે અફાટ યૌવનમાં બાવીસ વર્ષની વયે જ, પ્રજ્ઞાચક્ષુ માતપિતાને રડતાં મુકી અમરલોકનો અતિથિ બન્યો. એ મેધાવિન હતો એટલો જ બળવાન હતો. એના સુદૃઢ શરીરનું બલ એના વિશુદ્ધ બુદ્ધિવૈભવ જેટલું જ સમૃદ્ધ હતું. કાયદાની આંટીઘુંટીઓ એ ઉકેલતો ત્યારે એના સહાધ્યાયીઓ તેની ગ્રહણશક્તિ અને વેધક બુદ્ધિથી તાજ્જુબ થતા. ઘણાયે જુવાનોનો તે પ્રેરણામૂર્તિ હતો. કેટલાક રાજકુમારો, ધનાઢ્યનંદનો અને તેજસ્વી વિદ્યાર્થીઓ એના ભક્ત બન્યા હતા. પણ પોતાની નિષ્કિંચન હાલતમાં યે એણે એ ભક્તિનો ઉપયોગ કદિ યે કર્યો નહોતો. એ અટ્ટહાસ્ય કરતો ત્યારે નિખિલ વાતાવરણમાં સભર તાઝગી તરી રહેતી. નિખાલસ વીરત્વ સાથે રૂદન પણ સંકળાયું છે. સાચું રૂદન મર્દો જ કરી શકે. વસાણી જવાંમર્દ હતો, અને એટલે જ તે જુવાનોની પામરતા, હલકાઈ નિર્વીર્યતા અને જુઠ્ઠાઇ જોતો ત્યારે આખી રાત રડ્યા કરતો. એ શુદ્ધ આત્માને માટે દુનિયા અકારી હતી. છતાં સૌરાષ્ટ્રે તો એને ગુમાવીને પોતાનો ભાવિ મહાપુરુષ ખોયો છે. એ ખોટપર આજે ઉનાં આંસુ જ સારવાનાં રહ્યાં.

છેલશંકર વ્યાસ

ચેતવણી

રવિશંકર રાવળનાં સોળ સુંદર ચિત્રો (આલ્બમ) ની કીમત સવા રૂપિયો જ છે

અમે એની કીમત વધારી નથી. માટે ગ્રાહકોએ એથી વધારે આપવું નહિ.

મુંબાઇના સોલ એજન્ટ : વર્ધમાન એન્ડ સન્સ : પાયધુની

એક શ્રીમંતે કોઇ ચિત્રકારને પોતાની ચિત્રપોથીમાં ચિત્રો ચોંટાડવાને સોંપ્યાં. તેણે તે કરી આપીને પોતાના મહેનતાણા બદલ એક હજાર ડૉલર માગ્યા.

શ્રીમંતે કહ્યું, 'તમે માત્ર પાંચ જ મિનિટમાં આ કામ કરી લીધું, તેનું આટલું બધું મહેનતાણું ?'

ચિત્રકારે જવાબ આપ્યો, 'પણ એ કામ પાંચ મિનિટમાં કેવી રીતે કરવું એ શીખતાં મને વીસ વરસ લાગ્યાં છે !'

જાદુઈ રકમ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૯

આ રકમમાંથી કોઇ પણ એક આંકડો પસંદ કરી તેને ૯ વતી ગુણો અને જે આવે તે વડે આ આખી રકમને ગુણો; જવાબમાં આખી રકમ તમે પસંદ કરેલા આંકડા વાળી જ આવશે.

ભાદરવા અને આસોમાં મોરનાં બધાં પીંછ ખરી પડે છે અને તેઓ બાંડા બની જાય છે. કારતક માસ પછીથી તેમને નવાં પીંછ ઉગવા માંડે છે.

તમારી ફાઉન્ટન પેન ઘણુંખરું ખરાબ શાહીને લીધે જ બગડી જાય છે. માટે પેનમાં શાહી ભરતાં પહેલાં તેની પરીક્ષા કરી જોવી. બ્લૉટિંગ ઉપર શાહીનું એકાદ ટીપું પાડવું. જો તે ટીપું બ્લૉટિંગ ઉપર એકસરખું પથરાઇ જાય અને વચ્ચે ડાઘ જેવું ન રહે તો જ એ શાહી વાપરવી. જો બ્લૉટિંગ ઉપર ડાઘ પડે અગર જુદાંજુદાં કુંડાળાં પડે તો એ શાહી પેન માટે નકામી.


અક્કલ અને અદાલત બંને એક રીતે વિરોધી વસ્તુઓ છે. જેનામાં પહેલી ચીજ નથી, તેને પોતાના કજિયો પતાવવા માટે બીજે ઠેકાણે જવું પડે છે.

સલાહ આપી શકનાર કરતાં, ઘણી વાર, સલાહ લઇ શકનારો વધુ ચડિયાતો હોય છે.

ધાતુપર.નામ લખવાનું



દોરડાની ગાંઠોના બે વધુ નમુના.




જુદાજુદા રંગની ટિકિટોની કાપલીઓ ચોડી ઉપજાવેલી આકૃતિ (જાપાનીઝ કૃતિ)



તાજી હવા લો તાજી હવા પાસે ન આવે દરદ કે દવા

ટેબલ પર રુપિયાનો સિક્કો મુકી તેના પર, ચિત્રમાં બતાવ્યા મુજબ સાકડા મોં વાળી એક શીશી ઉંધી મુકો. પછી તમારા મિત્રોને શીશી નીચેનો રુપિયો હાથ લગાડ્યા વિના બહાર સેરવી લેવાનું કહો. કોઇ ન કરી શકે તો તમે ટેબલ પર, શીશીને પડખે, ધીમેધીમે મુક્કી મારો. એના ધડકાથી શીશી સરીને રુપિયા ઉપરથી નીચે આવતી રહેશે.



ફાંસ કાઢવાનો ઉપાય

ગરમ પાણી ભરેલી એક શીશી ઉપર ફાંસ વાગેલા ભાગને થોડી વાર સુધી મજબુત દાબી રાખી પછી તે શીશીને ઠંડા પાણીમાં મુકો. શીશીનું પાણી ઠંડું થતાં તેની અંદરની હવા સંકોચાશે અને તેના દબાણથી ખુંચી ગએલી ફાંસ થોડી બહાર ખેંચાઇ આવશે. પછી તો એને નખ વતી સહેલાઈથી ખેંચી કાઢી શકાય. બાટલીનું મોં દાબતી વખતે બહારની હવા અંદર ન પેસવા પામે તેનું ખાસ ધ્યાન રાખવું.

ઘડી માટે સુખ દેનારી વસ્તુ જો ભવિષ્યમાં દુઃખ દે એવી હોય તો એટલું ઘડીનું સુખ જવા દઇને એનો ત્યાગ જ કરવો.

શિક્ષક—નાનુ, આ દાખલો તારા બાપાએ ગણી આપ્યો લાગે છે.

નાનુ—ના સાહેબ, મારા બાપાએ તો માત્ર શરૂ જ કરેલો; પછી પુરો તો મારા મોટા ભાઇએ કરી દીધો છે !

ઢીલા થઈ ગએલા સ્ક્રૂને ફરીથી મજબુત બેસાડવા માટે તેના આંટા ઉપર ઝીણો તાર વીંટી પછી તેને બેસાડશો તો મજબુત થઇને બેસશે.

માણસ રોજના સરેરાશ ૧૨૦૦૦ શબ્દો બોલે છે !